

જૈનધર્મ સિદ્ધાંત શિક્ષિકા

(વિદ્યાર્થી જૈનધર્મ શિક્ષા)

બીજો ભાગ

મૂળ લેખક —

શ્રી સ્વ બ્ર. શીતલપ્રસાદજી જૈન (લખનૌર)

ભાષાંતર કર્તા —


શ્રી. હિંમતલાલ વનજીવનદાસ શાહ
બી એ (ઓનર્સ) એલ એલ બી બોરસદ.

પ્રકાશક —
મૂળચંદ કિસનદાસ કાપડિયા
દિગંબર જૈન પુસ્તકાલય ગાંધીચોક-સૂરત.

"દિગંબર જૈન" માસિક પત્રના ૫૯ મા વર્ષ (વીર સં ૨૪૯૨) ના ગ્રાહકોને સ્વ બા સૂબાઈ મૂળચંદ કાપડિયા સ્મારક દિ જૈન ગ્રંથમાળા તરફથી ભેટ

પહેલી આવૃત્તિ] વીર સં ૨૪૯૨ [વિ. ૨૦૨૨

કિંમત —રૂ. ૧-૨૫



સ્વ૦ બાબુભાઈ મૂળચંદ કાપડિયા સ્મારક દિ જૈન ગ્રન્થમાળા નં ૮

વીર સં ૨૪૬૮ સં ૧૯૯૮ આશ્વિન સુદી ૭ તા ૧૬-૧૦-૪૨ દિને અમારા એકના એક પુત્ર ચિ બાબુભાઈનો સ્વર્ગવાસ માત્ર ૧૬ વર્ષની બાળ વયે થઈ ગયો ત્યારે અમે ૧૫૦૦૦) નું દાન ચિ બાબુભાઈ ના નામથી સુરતમાં કોલેજના વિદ્યાર્થીઓ માટે દિ જૈન બોર્ડિંગ ખોલવા કાઢેલું (આ બોર્ડિંગ ૨૩ વર્ષથી ચાલૂ છે) તથા ૨૦૦૦) ચિ બાબુભાઈના નામની સ્થાયી ગ્રંથ માળા માટે કાઢેલા જેની સ્થાપના થઈ એ ગ્રંથમાળા તરફથી નીચેના ગ્રન્થો પ્રકટ કરી "દિગંબર જૈન" ના ગ્રાહકોને ભેટ વેંચાયા છે —

૧-દ્રવ્ય સંગ્રહ (ગુજરાતી અર્થ સહિત)	૦।=
૨-ભ. મહાવીર અને તેમનો સંદેશ (ગુજ)	૦)॥
૩-બાળોપયોગી ઉપયોગ માટે (વાક્ય)	૦)॥
૪-કથા મંજરી (ગુજરાતીમાં) બાળોપયોગી જૈન કથાઓ	॥
૫-ચારૂદત્ત ચરિત્ર (પં. પરમેષ્ઠીદાસ જૈન ન્યાયતીર્થ કૃત હિન્દી)	૧॥)

અને આ "જૈનધર્મ સિદ્ધાંત શિક્ષિકા ભાગ બીજો" છઠ્ઠો ગ્રન્થ પ્રકટ કરી "દિગંબર જૈન" પત્રના ૫૯ મા વર્ષના ગ્રાહકોને ભેટ અપાય છે

જૈનધર્મ સિદ્ધાંત શિક્ષિકા અર્થાત્ વિદ્યાર્થી જૈન ધર્મ શિક્ષાના આ બીજા ભાગમાં ગૃહસ્થ ધર્મ, જૈનોના જુદા જુદા ફિરકાઓ, જૈન ધર્મ ને બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને ભગવદ્ ગીતા,

જૈન ધર્મ ને હિ દીદર્શન, તથા વિશ્વમાં પ્રવર્તતા મુખ્ય દર્શનો– થિયોસોફી આર્યસમાજ, ખ્રિસ્તી ધર્મ પારસી ધર્મ અને મુસ્લીમ ધર્મનું સક્ષેપમા વર્ણન તુલનાત્મક રૂપે કરેલુ છે જે વાચવાથી જૈન ધર્મ અને અન્ય ધર્મો સબધમા ઘણુ જાણવાનુ મળી શકશે.


આ બીજા ભાગનુ ભાષાતર પણ બોરસદના અમારા વિદ્વાન વકીલ ભાઇ હિ મતલાલ વરજીવનદાસે ઓનરરી રૂપે કરી આપી અમારા પર અને દિ જૈનના આલકો પર મહાન ઉપકાર કર્યો છે જે ભુલાય તેમ નથી માટે ફરીથી એકવાર આ સેવા કાર્ય માટે અમો આપનો હાર્દિક ઉપકાર માનીએ છિયે

આ પુસ્તકની અમુક પ્રતો એના પ્રચાર માટે કાઢવામા આવી છે કેમકે આ પુસ્તક ભારત દિ જૈન પરિષદના પઠનક્રમમા પણ છે તથા એ સ્વાધ્યાય કરવા યોગ્ય પણ છે આથી એનો પુરનો લાભ લેવા વાચક વર્ગ ને અમારી ભલામણ છે

વીર સ ૨૪૯૨ વીર શાસન જયતી દિન (અષાડ વ ૧) તા ૩-૭-૬૬	લી૦ મૂલચદ કસનદાસ કાપડિયા —પ્રકાશક



"જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ ગાંધીચોક, સુરતમા–
મૂળચદ કસનદાસ કાપડિયાએ છાપ્યુ



પ્રસ્તાવના

આ પુસ્તક એ પૂજ્ય બ્રહ્મચારીજી શીતલપ્રસાદજીએ લખેલા મૂળ પુસ્તક 'વિદ્યાર્થી જૈન ધર્મ શિક્ષા' હિંદીનો ગુજરાતી ભાષામાં અનુવાદ છે આ પુસ્તકના પ્રથમના સાત અધ્યાય પહેલા ભાગ રૂપે પહેલાં પ્રસિદ્ધ થઇ ગયા છે અને બાકીના અધ્યાય ૮ થી ૧૨ ભાગ બીજા રૂપે હવે પ્રસિદ્ધ થાય છે આ ભાગ પહેલાના અનુસંધાનમાં જ છે (પૃ ૧-૨૭)

અધ્યાય ૮ મા શ્રાવકોના આચાર યાને ગૃહસ્થ ધર્મ, અધ્યાય ૯ (પૃષ્ઠ ૨૭-૫૪) મા જૈનોમાં દિગંબર-શ્વેતામ્બર અને સ્થાનકવાસી એમ જે જુદા જુદા ફિરકાઓ છે તેમા સિદ્ધાંતોની જે સામ્યતા તથા મતભેદ છે તે સક્ષેપમા દાખલા દલીલો સાથે બતાવ્યુ છે અધ્યાય ૧૦ (પૃષ્ઠ ૫૫-૭૮) મા જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનુ અધ્યાય ૧૧ (પૃષ્ઠ ૭૯-૧૦૨) માં જૈન ધર્મ અને ભગવદ્ગીતાનુ, અધ્યાય ૧૨ (પૃષ્ઠ ૧૦૩-૧૨૮) મા જૈન ધર્મ અને હિંદુ દર્શન યાને તત્ત્વજ્ઞાનના ૭ દર્શનો તથા વિશ્વમાં પ્રવર્તતા અન્ય મુખ્ય મુખ્ય દર્શનો-થિયોસોફી આર્ય સમાજ ખ્રિસ્તી ધર્મ પારસી ધર્મ અને મુસ્લીમ ધર્મનુ સક્ષેપમાં તુલનાત્મક વિવેચન કરેલુ છે

'આત્મ કલ્યાણના માર્ગે પ્રયાણ કરવાની ઇચ્છાવાળા જીજ્ઞાસુ જીવને આ પુસ્તકનુ નિષ્પક્ષપાતપણે વાચન અને મનન કરવાથી પ્રેરણાદાયી ઘણુ માર્ગદર્શન મળવા સભવ છે

સંસ્કૃત ભાષાના વાક્યો અને શ્લોકોમાં છાપવામાં કેટલીક ભૂલો રહી ગઈ છે તે સુધારી વાંચવા ભલામણ છે

આ અનુવાદમા મારી કોઈ ગેરસમજ કે ક્ષતિ થઈ હોય તેને ક્ષમ્ય ગણી તે મને જણાવવા વાંચકોને મારી નમ્ર વિનતિ છે

મારે ફરી એકવાર જણાવવુ જોઈએ કે ધાર્મિક પુસ્તકોના મારા પહેલાના પાંચ અનુવાદો અને આ અનુવાદ તેના પ્રકાશક મુરબ્બી શ્રી મૂળચંદભાઈ જેઓ હાલની ૮૪ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ એક જુવાનને શરમાવે તેવી ધગશથી જૈન સમાજની સેવા કરી રહ્યા છે તેમને આભારી છે તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે

તા ૧-૭-૬૬
બોરસદ જી ખેડા
(ગુજરાત)

શાહ હિંમતલાલ વરજીવનદાસ
બોરસદવાળા
બી એ (ઓનર્સ) એમ. એલ બી વકીલ



વિષય-સૂચી



શુદ્ધિ પત્રક

પૃષ્ઠ	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૫	વધારાના	વધના
૭	૨૫	સ્ફીન	સ્ફીન
૧૦	૧૧	દ્વિવિરતિ	દેશવિરતિ
૧૩	૧૭	દ્વાવિશતિકા	દ્વાવિંશતિકા
૧૮	૨	નદાહ્નના	તદ્દેના
૧૮	૬	મામો મામ	માનો માન
૧૮	૧૬	અનુ	ઘણો
૧૯	૨૦	રાગદ્રુમ્વા	રાગ્દ્વેષ઼્વમ્
૨૧	૧૦	લૌકિત	લૌકિક
૨૨	૯	નીતમા	શીતળા
૨૩	૧૨	દુગી	દુખી
૨૪	૭	નિમર્થક	નિરર્થક
૨૪	૧૯	કામ	કાળ
૨૪	૨૬	માની	પાણી
૨૫	૭	રમ	રેશ
૨૫	૧૦	પાગનો થતો	પાળતો છતો
૨૫	૧૬	પાળતો થતો	પાળતો છતો
૨૭	૧૩	વસુમદિ	વસુન દિ
૨૮	૧૯	સ કાર	સ સાર
૩૪	૨૦	ગાય	આય
૩૪	૨૧	લોપીન	કોપીન
૩૪	૨૩	ઇન્દ્ર	ઇદ્રદ્ર
૩૫	૫	ગઙ્ગુલિ	કાઙ્ગુલિ
૩૫	૫	રહેતા	રહેવા
૫૬	૪	શિષ્યો પછી	Metamorphases
૭૩	૨૦	માગરી	લાગણી
૮૬	૧૨	પરીક્ષા	પરોક્ષ

અધ્યાય ૯, ૧૧ અને ૧૨ મા સંસ્કૃત શ્લોકોમા છાપવામાં કેટલીક ભૂલો રહેલી છે તે મૂળ સાથે મેળવી સુધારી વાંચવા વિનંતિ છે

શ્રીવીતરાગાય નમ

જૈનધર્મ સિદ્ધાંત શિક્ષિકા

(વિદ્યાર્થી જૈનધર્મ શિક્ષા)

ભાગ બીજો.

અધ્યાય ૮ મો

શ્રાવકોના આચાર (ગૃહસ્થ ધર્મ)

ગુરુજી—શ્રાવકોના આચાર સાંભળવાની તમારી ઇચ્છા હોય તો ધ્યાન પૂર્વક તે સાંભળો જૈન સિદ્ધાંતમા પાચ વ્રત મૂખ્ય છે તેમને પૂર્ણપણે જૈન સાધુ પાળે છે તથા તેમને પોતાની શક્તિ પ્રમાણે થોડા રૂપમા શ્રાવક પાળે છે સાધુ પૂર્ણપણે પાળે તે મહાવ્રત છે અને થોડા અંશે ગૃહસ્થ શ્રાવક પાળે તે અણુવ્રત છે

તે પાચ વ્રત છે—૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય અને ૫ અ

આ વ્રતોની પાચ પાચ ભાવનાઓ છે તેને વિચારના વ્રતોનું પાલન થાય છે સાધુ આ ભાવનાઓ ઉપર પુરૂં ધ્યાન રાખે છે જ્યારે શ્રાવક યથાશક્તિ પોતાનું ધ્યાન તે ઉપર જમાવે છે

અહિંસા વ્રતની પાચ ભાવનાઓ —

૧ વચન ગુપ્તિ—વચનોને સભાળીને કહેવા જેથી હિંસા ન થાય

૨. મનો ગુપ્તિ—મનમા કોઈનું બુરૂં ન વિચારવુ

૩ ઇર્યા સમિતિ—ભૂમિ જોઇને ચાલવુ

૪ આદાન નિક્ષેપણ સમિતિ—વસ્તુઓને જોઇને લેવી મૂકવી

૫. આલોકિત પાન ભોજન—જોઇને ભોજન કરવુ તથા પાણી પીવુ તથા ભોજન પાણીનો પ્રબધ (યોગ્ય વ્યવસ્થા) કરવો કારણકે હિંસાના કારણ મન વચન અને કાયા છે તેથી તેની સભાળ રાખવી જરૂરી છે

સત્ય વ્રતની પાચ ભાવનાઓ—૧ ક્રોધનો ત્યાગ-ક્રોધ નહિ કરવાની સભાળ ૨ લોભ નહિ કરવાનો વિચાર ૩ ભીરૂત્વ ત્યાગ-બીકણપણા યાને કાયરતાનો ત્યાગ-ભય નહિ કરવાનું સાહસ ૪ હાસ્ય ત્યાગ-હાસી-મશ્કરી કરવાનો ત્યાગ

૫ અનુવીચિ ભાષણ—જિન આગમને અનુકુળ વચન કહેવા કારણકે ક્રોધ લોભ ભય તથા હાસ્યને વશ થઇ જૂઠું બોલાઈ જાય છે તેથી તેના વેગથી બચવુ અને કોઈ વચન જૈન સિદ્ધાંત વિરૂદ્ધ યા તેને પ્રતિકુળ બોલાઇ ન જાય તે ધ્યાનમા રાખવુ ઉચિત યાને યોગ્ય છે

અચૌર્ય વ્રતની પાચ ભાવનાઓ—૧ શૂન્યાગાર-પર્વત ગુફા વન વિગેરે સ્થાનમાં રહેવુ

૨ વિમોચિતાવાસ—બીજાઓએ છોડી દીધેલા ઉજ્જડ મકાનમા રહેવુ

૩ પરોપરોધાકરણ—બીજાને આવતા રોકવા નહિ અથવા જ્યા બીજા મના કરે ત્યા રહેવુ નહિ

૪ ભૈક્ષ્ય શુદ્ધિ—શાસ્ત્રોને અનુસાર ભિક્ષા યાને ભિક્ષણ-બોધ આપવો તથા શાસ્ત્રાનુસાર ભોજન કરવુ અતિચાર યુક્ત ભોજન કરવુ નહિ

૫ સદ્ધર્મા વિસવાદ—પોતાના સાધર્મી ભાઈઓ સાથે મારૂ-તારૂ કરીને ઝગડો ન કરવો ધાર્મિક પદાર્થોને પોતાના ન કરી બેસવા કોઈ રીતે બીજાઓ તરફથી ચોરીનો દોષ ન લાગે તે વાતની સભાળ રાખવી આ ભાવનાઓથી આ વ્રત સારી રીતે સચવાય છે

બ્રહ્મચર્ય વ્રતની પાચ ભાવનાઓ—૧ સ્ત્રી રાગકથા શ્રવણ ત્યાગ સ્ત્રીઓમા રાગ વધારનારી કથા વાર્તા કરવાનો તથા સાભળવાનો ત્યાગ

૨ તન્મનોહરાગ નિરીક્ષણ ત્યાગ—તે સ્ત્રીઓનાં મનોહર અગોને જોવાનો ત્યાગ

૩ પૂર્વ રતાનુ સ્મરણ ત્યાગ—પહેલાં ભોગવેલા ભોગોને યાદ કરવાનો ત્યાગ

૪ વૃષ્ય ૮ રસ ત્યાગ—કામોદ્દીપક યાને કામને (વાસનાને) ઉત્તેજિત કરે તેવા ષટરસ અર્થાત્ ઇચ્છિત રસ યુક્ત મિષ્ટ યા સ્વાદિષ્ટ ખાન-પાનના પદાર્થોનો ત્યાગ

૫ સ્વ શરીર સસ્કાર ત્યાગ—પોતાના શરીરને શણગારવાનો, શણગારી શોભાયમાન બનાવવાનો ત્યાગ, જે સ્ત્રી તથા પુરુષ પૂર્ણ બ્રહ્મચર્ય પાળે તેણે આ વાતોની સભાળ રાખવી ઘણી જરૂરી છે જ્યાં સુધી નિમિત્તો (કારણો)ને બચાવવામા નહિ આવે ત્યા

સુધી બ્રહ્મચર્યને પાળવુ દુર્લભ છે આરકોએ પોતાની સ્ત્રી સિવાય પર સ્ત્રીઓના સબધમા આ ભાવનાઓને વિચારવી જોઇએ ભોજન-પાન (ખાવા-પીવાનુ) સાદુ શુદ્ધ સયમ જળવાય તેનુ પૌષ્ટિક લેવુ જોઇએ-તથા વસ્ત્ર વિગેરેનો પહેરવેશ શાન્તિભાવ દેખાડે તેવો તથા શીલ વધારે તેવો રાખવો જોઇએ પહેરવેષ, વસ્ત્ર તથા શરીરની ચેષ્ટાઓની ઘણી ભારે અસર પડે છે

અપરિગ્રહ વ્રતની પાચ ભાવનાઓ—સ્પર્શન રસના, ઘ્રાણ ચક્ષુ તથા કાનના સબધમા આવવાવાળા પદાર્થો જો મનોજ્ઞ હોય તો તે પદાર્થોમાં રાગ નહિ કરવો તથા અમનોજ્ઞ (ગમે નહિ તેવા) પદાર્થો હોય તો તે તરફ દ્વેષ નહિ કરવો જોઇએ જે જરૂરી યોગ્ય વસ્તુ મળે તેને સતોષ સાથે ભોગવી લેવી જોઇએ તે પ્રત્યે આકુલિત (ખિન્ન) થવુ જોઇએ નહિ

શિષ્ય—આ ભાવનાઓને હું સમજી ગયો તે બહુ જરૂરી છે હવે કૃપા કરીને આ વ્રતોના સ્વરૂપને બતાવો

ગુરૂજી—આ વ્રતોનુ સ્વરૂપ સક્ષેપમા આ પ્રમાણે છે-કષાય સહિત થઈ પોતાના તથા બીજાના ભાવ તથા દ્રવ્ય પ્રાણનો ઘાત કરવો તથા તેને કષ્ટ આપવુ તે હિંસા છે હિંસાનુ ન થવુ તે અહિંસા છે

આત્માનો સ્વભાવ જ્ઞાન શાતભાવ ક્ષમા વિગેરે ભાવ પ્રાણ છે જ્યારે દ્રવ્ય પ્રાણ દશ છે-એકેંદ્રિયના ચાર બે ઇંદ્રિયના છ, ત્રણ ઇન્દ્રિયના સાત ચાર ઇંદ્રિયના આઠ, અસજ્ઞી પચેન્દ્રિયના નવ અને સજ્ઞી પચેન્દ્રિયના દશ-આનુ વર્ણન જીવ તત્વના પ્રકરણમા (પ્રકરણ ૪) પહેલા આવી ગયુ છે જ્યારે કોઈ વખત ક્રોધ વિગેરે કષાય થાય છે ત્યારે પહેલા તે કષાયવાળાનો જ બગાડ થાય છે-તેના આત્માના જ્ઞાન શાતિ વિગેરે ભાવોનો નાશ થાય છે તથા તેના બીજા પ્રાણો પણ નિર્બળતા પ્રાપ્ત કરે છે

વધુમાં જ્યારે તે બીજાઓને દુર્વચન કહે અગર બીજાઓ ઉપર પ્રહાર કરે તો બીજાઓના પણ ભાવ તથા દ્રવ્ય પ્રાણોને ઘાત થઈ શકે છે પરંતુ જો જેને દુર્વચન કહ્યાં હોય અગર જેના ઉપર પ્રહાર કર્યો હોય તે જીવ ધર્માત્મા હોય અને ગાળ દેવા વિગેરેનો ખ્યાલ ન કરે તો તે જીવના ભાવ કઈ પણ બગડશે નહિ જો તેને માર પીટ કરવામાં આવે તો તેના દ્રવ્ય પ્રાણ બગડશે તોપણ તેણે બીજાને કષ્ટ આપવાનો વિચાર કર્યો અગર યત્ન કર્યો તે તો હિંસાનો અપરાધી થઈ ચૂક્યો ચાહે બીજાને કષ્ટ થયું હોય કે ન થયું હોય તોપણ જેટલો વધુ કષાયભાવ થશે તેટલો વધુ તે પ્રાણી હિંસાનો અપરાધી બનશે.

જેટલા વધારે પ્રાણ ધારણ કરનારો જીવ હોય છે તેટલા પ્રમાણમાં વધારે ઘાત કરવામાં અગર કષ્ટ આપવામાં કષાય કરવો પડે છે સાધારણ નિયમ આ છે જેમકે એક માણસને મારવા માટે એક બકરાને મારવાની અપેક્ષાએ વધારે કષાય થાય છે તેથી મનુષ્ય વધનું પાપ બકરાના વધારાના પાપ કરતા અધિક છે એકેન્દ્રિય જીવોના ઘાતમાં બે ઇન્દ્રિયાદિ જીવોના ઘાતની અપેક્ષાએ થોડો કષાય થવાથી થોડું પાપ છ બંધ કષાયની માત્રા પ્રમાણે વધારે કે ઓછું પાપ બંધાશે

જે સર્વ રાગાદિ ભાવોનો ત્યાગી હશે તે ભાવમાં અહિંસાનો પાળવાવાળો હશે તેમાં દ્રવ્ય પ્રાણોની પણ હિંસા થશે નહિ આથી કરીને તે પૂર્ણ અહિંસક હશે હિંસાથી બચવા માટે આપણે રાગાદિ ભાવોને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ભાવ હિંસા એ દ્રવ્ય હિંસાનું કારણ છે કષાય યુક્ત બનીને પ્રાણીઓને પીડા ઉપજાવે તેવા અશુભ વચનો કહેવાં તે અસત્ય છે અસત્યનો ત્યાગ એ સત્ય વ્રત છે

કષાય યુક્ત થઈને આપ્યા વિનાની વસ્તુ લેવી તે ચોરી છે

ચોરીનો ત્યાગ અચૌર્યવ્રત છે કષાય યુક્ત બનીને રાગભાવથી સ્ત્રી અગર પુરૂષનો સ્પર્શ તે મૈથુન છે મૈથુનનો ત્યાગ બ્રહ્મચર્ય છે

જગતના ચેતન તથા અચેતન પદાર્થોમા મૂર્છા યાને મમત્વ રાખવો તે પરિગ્રહ છે પરિગ્રહથી બચવા માટે પરિગ્રહના નિમિત્તભૂત બહારમા ક્ષેત્ર મકાન સ્ત્રી પુત્રાદિનો ત્યાગ કરવો તે અપરિગ્રહ વ્રત છે આ પાચેય પ્રકારના વ્રતોને સાધુગણ પૂર્ણપણે પાળે છે

શિષ્ય—શ્રાવકોએ આ વ્રતોને કેટલા અંશે ઓછામા ઓછા પાળવા જોઇએ તે કૃપા કરીને બતાવો

ગુરૂજી—હુ શ્રાવકોની અપેક્ષાએ આ પાચ અણુવ્રતોને તથા તેનુ રક્ષણ કરનાર સાત શીલોને બતાવુ છુ તે તમે સમજી લો

પાચ અણુવ્રત—અહિંસા વ્રતની ભાવના રાખવાવાળો એક સાધારણ શ્રાવક પ્રથમ સંકલ્પી હિંસાનો મન-વચન-કાયાથી ત્યાગ કરે છે *આરંભી હિંસાના ત્યાગનો પ્રોરંભ પોતાની અંતરંગ* ઇચ્છાનુસાર કરે છે જેથી કરીને લૌકિક વ્યવહારમા હાનિ ન આવે તે પ્રમાણે આરંભાદિ કાર્ય ગૃહસ્થ કરે છે

સંકલ્પી હિંસા—જે હિંસા હિંસાના સંકલ્પ યાને પુર્વદાથી કરવામા આવે તે સંકલ્પી હિંસા છે અને તે નકામી યાને અર્થહીન જ છે જેમકે ધર્મના નામે પશુઓનુ બળીદાન ચઢાવવુ શિકાર કરીને મૃગાદિને મારવા માસને માટે પશુઓનો ઘાત કરવો કે કરાવવો અને શોખને માટે હિંસા કરાવવી

આરંભી હિંસા—તે પ્રયોજનભૂત (હેતુસર) હિંસા છે તેના ત્રણ પ્રકાર છે —

(૧) ઉદ્યમી હિંસા—આ હિંસા ગૃહસ્થને યોગ્ય છે આજીવિકાના સાધનોમા કરવામા આવે છે

૧ અસિકર્મ—સીપાઇનુ કામ ૨ મસિકર્મ—લખવાનુ કામ,

હકીકત જાણતા હો તોપણ તે હકીકત તેને બતાવવી નહિ-મારણો એવી સત્ય હકીકત (નકામી) પ્રાણીઓનો ઘાત કરવામા પરિણમશે. જેથી પોતાનું તથા બીજાનુ હિત થાય એવાં વચન ઘણી સંભાળ પૂર્વક કહેવા તે સત્ય અણુવ્રત છે

કદિ પણ શાસ્ત્રની વિરૂદ્ધ વચન કહેવાં નહિ જેનાથી જગતમા આપણામા બીજાનો વિશ્વાસ વધે તેવા વચન કહેવા હિત, મિત અને મિષ્ટ વચન કહેવાં થોડા શબ્દોમાં બહુ મતલબ પ્રગટ થઇ શકે તેવાં હિતકારી મીઠાં વચન કહેવા તે સત્ય અણુવ્રત છે

રાજ્ય અગર પંચની શિક્ષાને યોગ્ય ચોરી કરવી નહિ બીજાની ભૂલી ગયેલી કે પડી ગયેલી વસ્તુને ઉઠાવવી નહિ વિશ્વાસઘાત કરીને કોઇનુ ધન છીનવી લેવુ નહિ ન્યાયથી દ્રવ્ય કમાવવુ અને અન્યાયથી દ્રવ્ય કમાવવનો ત્યાગ કરવો તે અચૌર્ય અણુવ્રત છે જે વસ્તુ બધાના કામમાં આવી શકતી હોય અથવા જેને માટે રાજ્યની અગર બીજા કોઇની મના ન હોય તે વસ્તુ આપ્યા સિવાય શ્રાવક લઇ શકે છે જેમકે-નદી તથા કુવાનુ પાણી માટી જંગલનાં લાકડાં તથા વનના ફળ વિગેરે એ તે તે વસ્તુ માટે મનાઇ હોય તો આજ્ઞા સિવાય તે વસ્તુ લેવી જોઇએ નહિ આવો શ્રાવક ન્યાયના માર્ગે ચાલી પરિણામોને ચોરીના ભાવથી બચાવશે

પોતાની પરીણિત સ્ત્રીથી સંતોષ રાખી પર સ્ત્રી તથા વેશ્યા વિગેરેનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય અણુવ્રત છે પોતાની સ્ત્રી સાથે પણ નિયમિત કામ ભોગ કરવો જેથી શરીર નિર્બળ ન થાય તથા ધર્મ અર્થ કામ પુરૂષાર્થના સાધનોમા વિઘ્નરૂપ ન થાય બળવાન યોગ્ય સંતાનની ભાવનાથી સ્ત્રી પ્રસંગ કરવો મિત્રની માફક સ્ત્રીની સાથે રહીને બંને મળીને ધર્મ સાધન તથા પરોપકાર કરવો, એક બીજાની ઉન્નતિ ઇચ્છવી તથા પરસ્પર સહાયભૂત બનવુ

તૃષ્ણા (લોભ) ઘટાડવા માટે આખી જીંદગીને માટે પોતાની

ભાવના પ્રમાણે સંપત્તિનો નિયમ કરી લેવો કે આટલી સંપત્તિ થઇ જશે તો તેથી વધુ કમાવશ નહિ-આ મર્યાદાની અંદર અંદર જ સંપત્તિ રાખીશ-જેમકે કોઈ દશ હજાર પચાસ હજાર એક લાખ દશ લાખ, એક કરોડ, દશ કરોડ કે તેથી વધુનું પ્રમાણ કરી લે પછી આ સંપત્તિને તપશીલવાર નીચે લખેલા દશ પ્રકારના પરિગ્રહનું પ્રમાણ કરીને વહેચી નાખે—

૧ ક્ષેત્ર-ખેતર કેટલા અર્થાત્ ખેતરની જમીન કેટલી ૨ વસ્તુ-મકાન કેટલાં ૩ હિરણ્ય-ચાંદી કેટલી તથા રૂપીઆ કેટલા, ૪ સુવર્ણ-સોનું-ઝવેરાત કેટલું ૫ ગાય ભેંસ ઘોડા વિગેરે, ૬ ધાન્ય-અનાજ આટલા મણથી વધુ નહિ અગર એક મહિનો જોઇએ તેટલું, ૭ દાસ-આટલા નોકરોથી વધુ નોકર રાખીશ નહિ ૯ કુપ્ય-કપડા આટલી જોડીથી વધુ રાખીશ નહિ ૧૦ ભાંડ-વાસણ આટલા વજનથી અગર આટલાં જોડથી વધારે રાખીશ નહિ જેટલાથી કામ ચાલી શકે એટલા રાખી લે અને બાકીનાનો ત્યાગ કરે પરિગ્રહ-પ્રમાણ સંતોષ ભાવને વધારવાવાળું છે અને વિશેષ તો હિંસાદિ પાપોથી બચાવવાવાળું છે

ચક્રવર્તી, રાજા ધનિક શેઠ દરેક પોતપોતાની યોગ્યતા પ્રમાણે પરિગ્રહનું પ્રમાણ કરી શકે છે

ત્રણ ગુણવ્રત—જેનાથી અણુવ્રતોનું મૂલ્ય વધી જાય તેને ગુણવ્રત કહે છે જેમકે પાંચને પાંચથી ગુણતા પચીશ થાય છે

(૧) દિગ્વિરતિ—પૂર્વ, પશ્ચિમ દક્ષિણ ઉત્તર ચાર દિશાઓમાં ચાર વિદિશાઓ યાને ખૂણાઓમાં તથા ઉપર નીચે દશ દિશાઓમાં જ્યાં સુધી જવાનું પ્રયોજન માલુમ પડતું હોય ત્યાંસુધીની મર્યાદા આખી જીંદગીભરને માટે પ્રમાણ કરે કે આટલા દૂરથી આગળ લૌકિક કામને માટે જઇશ નહિ તથા તે મર્યાદાની બહારથી માલ મંગાવીશ નહિ તથા તેની બહાર મોકલવો નહિ

આ પ્રમાણે હજારો ગાઉનું પણ પ્રમાણ કરી શકે છે અને જો સંતોષ હોય તો બહુ થોડી જગ્યાનું પ્રમાણ રાખી શકે છે કોઈ નદી, પર્વત સમુદ્રની હદ સુધીનું પ્રમાણ કરી શકે છે આ મતથી પાંચ વ્રતોનું મૂલ્ય એ રીતે વધે છે કે આ મર્યાદાની અંદરજ પ્રયોજન ભૂત (જરૂરી સકારણ હેતુવાળો) આરંભ તે વ્રતવાળો કરશે મર્યાદાની બહાર બિલ્કુલ આરંભ હિંસા કરશે નહિ

(૨) દેશવિરતિ—એક દિવસ એક અઠવાડિયું પંદર દિવસ એક માસ વિગેરેની મનથી નક્કી કરેલી મુદત માટે જન્મ પર્યંત કરેલા ક્ષેત્રના પ્રમાણની મર્યાદામાં ઘટાડો કરી ખાસ જરૂરી પ્રયોજન ભૂત ક્ષેત્ર શરૂમાં નક્કી કરી લે અને બાકીના ક્ષેત્ર માટે જગ્યાને ઉપર મુજબ નક્કી કરેલા વખતને માટે છોડી દેવી તે દિગ્વિરતિ છે આમ કરીને તે વ્રતોનું વિશેષ મૂલ્ય વધારે છે કદિ આ શ્રાવકને પોતાના ગામની બહાર કંઈ કામ ન હોય તો તે કોઈ દિવસ પોતાના ગામની હદનીજ મર્યાદા કરી લે છે અને બાકીની હદનો ત્યાગ કરે છે કદિ એક મહોલ્લાનો કે બજારનો જ નિયમ કરી લે છે કદિ એક ઘરમાંજ રહેવાનો નિયમ કરી લે છે ઇચ્છાઓને રોકવાનું આ ઉત્તમ સાધન છે

(૩) અનર્થદંડ વિરતિ—મર્યાદાની અંદર પણ પ્રયોજનભૂત આરંભ કરવો જેની સાથે કંઈ મતલબ નથી એવા મતલબ વગરના આરંભનો ત્યાગ કરવો એ અનર્થદંડ વિરતિ છે આનાથી વ્રતોનું મૂલ્ય ઘણું વધી જાય છે જેની સાથે લેવા દેવા નથી એવા પ્રયોજન વગરના પાપોથી તે બચી જાય છે અનર્થદંડના પાંચ ભેદ છે—

૧ અપધ્યાન—બીજાની હાર જીત બીજાના વધ (હત્યા) બંધન શરીરના અંગોપાંગનું છેદન બીજાના ધન મિલકત લુંટાવા

વિગેરેનો વિચાર કરવો અર્થાત્ જેની સાથે પોતાને કાંઈપણ નિસ્બત નથી તેવી વાતોનો વિચાર કરવો

૨ પાપોપદેશ—જેનાથી પશુઓને દુઃખ થાય એવા હિંસાકારી વ્યાપારના આરંભનો બીજાને ઉપદેશ આપવો

૩ પ્રમાદચર્યા—પ્રયોજન વગર વિચાર્યે પ્રમાદથી [illegible] કાપવું, ઝાડના પાન તોડવા ફળ, ફૂલ તોડવા જમીન [illegible] પાણી જેમ તેમ ફેંકવું આગ લગાડવી પવન નાખવો [illegible] બીજું કંઈ અર્થહીન કામ કરવું

૪ હિંસા દાન—જેનાથી હિંસા થાય એવું હિ[illegible] તલવાર દોરી લાકડી અગ્નિ વિગેરે કોઈ માગે તો [illegible]

૫ દુઃશ્રુતિ—હિંસા કરવામાં પ્રેરણા રૂપ થાય [illegible] વધારનારી કથાઓ-વાર્તાઓ સાંભળવી વાચવી [illegible] દુઃશ્રુતિ છે

આ પાંચથી આપણું કંઈ કાર્ય સધાતું નથી [illegible] કરેલા ભાવોથી તથા વચન અને કાયાની પ્રવૃત્તિથી [illegible] થાય છે એક શ્રાવક આ નકામાં અર્થ [illegible] કરે છે કારણ કે તે એવો ધાર્મિક ક્રિયાઓ [illegible] જે પોતાને નકામી હાનિ થવા દેતો નથી [illegible] સંચય કર્યા કરે છે

(૩) ચ ૨ શિક્ષાવ્રત—આ વ્રતોના [illegible] શિક્ષણ મળે છે સાધુ અવસ્થામાં જે [illegible] છે તેના અભ્યાસ કરીને શિક્ષણ લેવું તે [illegible]

(૧) સામાયિક—આત્માને [illegible] વીતરાગ-વિજ્ઞાનમય શુદ્ધ ભાવોની [illegible] કરવી તે સામાયિક છે સામાયિક [illegible] યોગી છે તે

જેમકે—૪૮ મિનિટ સામાયિક કરવું હોય તો સૂર્યોદય પહેલાં ૨૪ મિનિટથી સૂર્યોદય પછી ૨૪ મિનિટ સુધી કરે અને કાર્યવશાત્ ન બની શકે તો સૂર્યોદય પછીની ૭૨ મિનિટ સુધીની ૧૪૪ મિનિટની વચમાં હરકોઈ બે ઘડી યાને ૪૮ મિનિટ સામાયિક કરી લે એકાંત સ્થાનમાં કે જ્યાં મનને ચલાયમાન કરે તેવો સમાજ કે કાળ ન હોય ત્યાં બેસી ચટાઈ પાટલો કે પત્થરની શિલા ઉપર સામાયિક કરે એટલો વખત મનને કાર્ય કામોથી રોકી લે. અર્થાત્ કોઈ પણ કામના વિચારને મનમાં પેસવા ન દે શરીર ઉપર જેટલાં ઓછાં વસ્ત્ર હોય તેમ સારૂં

પૂર્વ અગર ઉત્તર દિશા તરફ મુખ રાખી કાયોત્સર્ગ ઉભા થઈને હાથ નીચે લટકતા રાખીને નવ વખત ણમોકાર મંત્ર બોલીને દંડવત્ નમસ્કાર કરે તે વખતે પ્રતિજ્ઞા કરી લે કે જ્યાં સુધી સામાયિક કરૂં છું ત્યાં સુધી જે કંઈ મારી પાસે છે તથા ચારેય બાજુ થોડી જગ્યામાં જે કંઈ છે તે બધાનો મારે ત્યાગ છે ફરી તે દિશા તરફ ઉભા રહી નવ વાર અગર ત્રણ વાર ણમોકાર મંત્ર બોલીને ત્રણ આવર્ત અને એક શિરોનતિ કરે બે જોડેલા હાથને ડાબી બાજુથી જમણી બાજુ ઘુમાવવાને આવર્ત કહે છે અને મસ્તક નમાવી બે જોડેલા હાથ ઉપર નમાવી મૂકવાને શિરોનતિ કહે છે પછી ઉભા ઉભા જમણા હાથ તરફ વળી જાય અહિં પણ નવ વખત 'ણમોકાર મંત્ર' બોલીને ત્રણ આવર્ત અને એક શિરોનતિ કરે તેજ પ્રમાણે બીજી બે દિશાઓમાં ફરીને પૂર્વ અગર ઉત્તર દિશા તરફ મ્હો કરીને પદ્માસન અગર અર્ધ પદ્માસન રૂપમાં બેસી જાય પહેલાં કોઈ સામાયિક પાઠ બોલે પછી જપ કરે પછી ધ્યાન ધરે છેવટે ઉભો થઈ નવ વખત ણમોકાર મંત્ર ભણીને દંડવત્ નમસ્કાર કરીને સામાયિક પુરૂં કરે ચારે બાજુ ત્રણ ત્રણ આવર્ત અને એક શિરોનતિ કરવાનું પ્રયોજન એ છે કે દરેક દિશામાં જે જે તીર્થસ્થાન મંદિર મુનિ વિગેરે

હોય તેમને નમન કરવામાં આવે સામાયિકનો અભ્યાસ કરવાવાળો એક અગર બે અગર ત્રણ વાર અગર જેટલો વખત કરી શકે તેટલો વખત સામાયિક કરે સામાયિકના સમય દરમ્યાન સર્વ પ્રાણી માત્ર ઉપર સમતા ભાવ રાખે—પોતાના દોષોનો પશ્ચાત્તાપ કરે અને ક્ષમાભાવ રાખે નીચેની ગાથાના ભાવનો વિચાર કરે—

खम्मामि सव्व जीवाण, सव्वे जीवा खमंतु ।
मित्ती मे सव्व मूदेसु, वैर मज्झ न केण वि ॥

હું સર્વ જીવો ઉપર ક્ષમા કરું છું સર્વ જીવો મારા ઉપર ક્ષમા કરો બધા પ્રાણીઓ સાથે મારો મૈત્રીભાવ થાઓ કોઈની પણ સાથે મારો વેરભાવ ન રહે સામાયિક કરવા માટે પુસ્તક અમિતગતિ આચાર્ય કૃત મૂળ સંસ્કૃત ભાષામાં ભાવના દ્વાત્રિંશતિકા" છે તે ગુજરાતી ભાષામાં અર્થ તથા ટીકા સહિત દિગંબર જૈન પુસ્તકાલય-સૂરતથી પણ મળે છે તથા મહાચંદ્ર કવિ કૃત સામાયિક પાઠ ભાષા પણ ગુજરાતી અર્થ સાથે ત્યાં મળે છે જે હિંદીમાં પણ છે

(૨) પ્રોષધોપવાસ—પ્રોષધ પર્વને કહે છે મહિનામાં ચાર પર્વદિન પ્રસિદ્ધ છે—બે આઠમ (અષ્ટમી) અને બે ચૌદશ આ ચાર દિવસોમાં ચાર પ્રકારના આહાર છોડી દઈને ઉપવાસ (અપવાસ) કરવો જોઈએ પોતાનો બધો વખત ધર્મ ધ્યાનમાં વિતાવવો જોઈએ ધર્મધ્યાનમાં બેસીને સામાયિક સ્વાધ્યાય ધર્મચર્ચા પૂજન વિગેરેમાં સમય વિતાવવો જોઈએ ઉપવાસ કરવાથી શરીર શુદ્ધ થાય છે, રોગ થવાના કારણ મટે છે વચન તથા મન શુદ્ધ થાય છે આત્મા પવિત્ર થાય છે ઉત્કૃષ્ટ પ્રોષધ સાતમ તથા નોમીને દિવસે એકાશન અને આઠમને દિવસે ઉપવાસ કરે ૧૬ પહોર અથવા ૪૮ કલાક ધર્મધ્યાનમાં વિતાવે

મધ્યમ પ્રૌષધ—સાતમ ની સાંજથી નોમી (નોમ) ના પ્રાત કાળ સુધી ૧૨ પહોર યાને ૩૬ કલાક ધર્મધ્યાનમા સમાવે. જઘન્ય પ્રૌષધ—૮ પહોર યાને ૨૪ કલાક ધર્મધ્યાનમાં વિતાવે. સાતમને દિવસે પણ ભોજનનો ત્યાગ કરવાનો રહેશે બીજી વિધિ સધ્ય અગર જઘન્ય ની એવી છે કે ૧૬ પહોર ધર્મ સાધન કરે આવશ્યકતાનુસાર (જરૂર પ્રમાણે) પાણી લે એ મધ્યમ છે

જળ લીધા વગર આઠમને દિવસે એક વખત ભોજન પણ કરી લે પરતુ ૧૬ પહોર ધર્મધ્યાન કરે પ્રૌષધ ઉપવાસનો અભ્યાસ કરવાવાળા અનુપવાસ પણ કરી શકે છે એટલે કે ૧૨ પહોરના ઉપવાસમા વચમા એક વખત પાણી પણ લે અથવા ૧૨ પહોરની વચમા એકાશન કરી શકે છે શક્તિ પ્રમાણે આ શિક્ષાવ્રતને પાળવુ જોઇએ

(૩) ભોગોપભોગ પરિમાણ—ભોગ તથા ઉપભોગના પદાર્થોનુ જરૂર પ્રમાણે રોજ સવારમા ૨૪ કલાક માટે પ્રમાણ કરી લેવુ જે એક જ વખત કામમાં લઇ શકાય તે ભોગ છે—જેમકે ભોજન સુગધ જે વારવાર કામમા આવી શકે તે ઉપભોગ છે પાચ ઇન્દ્રિઓની ઇચ્છાઓને વશ કરવા માટે બીજા જરૂરી ભોગ તથા ઉપભોગના પદાર્થોનો ત્યાગ કરી દે નીચે જણાવ્યા મુજબના ૧૭ નિયમો લેવાથી આ શિક્ષાવ્રતનુ સારી રીતે પાલન થઈ શકે છે

૧ ભોજન—ભોજન કેટલી વાર કરીશ ૨ ભોજન વખતના પાણી સિવાય કેટલી વખત પાણી પીશ ૩ ૭ રસ—દૂધ દહીં ઘી તેલ મીઠુ મિષ્ટ પદાર્થ તેમાથી અમુક રસ, રસોનો ત્યાગ કરુ છુ. ૪ કુકુમાદિ વિલેપન—ચદન તેલ વિગેરે લગાવીશ કે નહિ પુષ્પ-ફૂલ સૂઘીશ કે નહિ ૬ તામ્બુલ-પાન ખાઇશ કે નહિ અને ખાઇશ તો કેટલા ૭ લૌકિક ગાયન—ગાઇશ કે બજાવીશ સાભળીશ નહિ અને નેમ કરીશ તો કેટલી વખત લૌકિક નાચ નાટક જોઇશ કે નહિ ૯ બ્રહ્મચર્ય પાળીશ કે નહિ,

સ્નાન કેટલી વખત કરીશ ૧૧ આભૂષણ કેટલા પહેરીશ ૧૨ વસ્ત્રની કેટલી જોડ કામમા લઇશ, ૧૩ વાહન પર મુસાફરી કરીશ કે નહિ અગર કઈ કઇ જાતના આસનો ઉપર બેસીસ ૧૫ કેટલા પ્રકારની શય્યાઓ (પથારીઓ) ઉપર સુઇશ ૧૬ લીલાં ફળ-શાક આટલા ખાઇશ ૧૭ કુલ ખાવા-પીવાની આટલી વસ્તુઓ ખાઇશ જેમકે-દાળ, ચોખા ઢી વિગેરે

આ શિક્ષાવ્રતનુ પાલન કરવાવાળાએ કેટલીક વસ્તુઓનો 'યમ' રૂપે આખી જીદગી સુધીનો ત્યાગ કરી દેવો જોઇએ યમ' આખી જીદગી પર્યંત અને નિયમ અમુક મર્યાદિત સમય માટે હોય છે જેમકે-માસ મદિરા (દારૂ) માદક પદાર્થ-મધ તથા ત્રસ જીવોવાળા ફળાનો જેવા કે-વડ પીપળ ગુલર પાકર અજીર, ગોભી, કેતકી (કેળ) વિગેરેમા ફુલોનો બટાટા વિગેરે કદમૂળોનો ફૂલોમા ત્રસ જતુ પણ બેઠા હોય છે કદમૂળ તથા ફૂલોમા સાધારણ (વનસ્પતિ) કાયનો દોષ લાગે છે એક શરીરમાં અનેક એકેન્દ્રિય જીવ હોય તેને સાધારણ એકેન્દ્રિય વનસ્પતિકાય કહે છે માખણને ખાધા વગર ૪૮ મિનિટની અંદર ગરમ કરીને ઘી બનાવી લેવુ

૮ અતિથિ સવિભાગ—જે સયમને પાળતા પાળતા ભ્રમણ કરે છે તેને અતિથિ અગર સાધુ કહે છે તેમને પોતાનાજ માટે આહારમાથી ભાગ પાડીને આપવો સાધુને નીચે જણાવેની નવ પ્રકારની ભક્તિ કરીને આપે

૧ પ્રતિગ્રહ—અહિ આહારદાન શુદ્ધ છે એમ ત્રણવાર કહીને સાધુને અદર લઈ જવા ૨ ઊચા સ્થાન ઉપર તેમને બિરાજમાન કરવા ૩ તેમના પગ ધોવા, ૪ તેમની પૂજા કરવી ૫ ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરવા ૬ વચન શુદ્ધિ રાખવી એટલે વિનયપૂર્વક વચન બોલવાં ૭ મન શુદ્ધિ રાખવી, ૮ શરીર શુદ્ધ રાખવુ ૯ શુદ્ધ આહાર આપવો

संग्रहमुच्चस्थानं पादोदकमर्चनं प्रणामं च ।
वाक्कायमनःशुद्धिरेषणशुद्धिश्च विधिमाहुः ॥
(१६८ पु. सि)

મુનિ ઉત્તમ પાત્ર છે શ્રાવક મધ્યમ પાત્ર છે વ્રત વગરનો શ્રદ્ધાવાન જૈની જઘન્ય પાત્ર છે તેને ભક્તિપૂર્વક આહાર ઔષધિ આશ્રય તથા શાસ્ત્ર યાને વિદ્યાદાન આપવુ તે પાત્રદાન છે દુખી, ભૂખ્યા કોઈપણ માણસ અગર પશુને દયાભાવથી આહાર વિગેરે આપવુ કરુણાદાન છે દાન આપીને પછી ભોજન કરવુ તે ચોથુ શિક્ષાવ્રત છે શ્રાવકોએ સાચી શ્રદ્ધા યાને સમ્યગ્દર્શન રાખીને પાચ અણુવ્રતોને, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ સાત શીલવ્રતોની સાથે બાર વ્રત પાળવા જોઇએ

સલ્લેખના—બાર વ્રતો ઉપરાત એવી ભાવના ભાવવી જોઇએ કે મારું મરણ શાતિપૂર્વક થાઓ જ્યારે મરણ થવાનુ સભવિત લાગે યાને મરણ થાય તેમ છે અને બચી શકાય તેમ નથી ત્યારે ધીરે ધીરે આહાર-પાન છોડે તથા ધ્યાન તથા તત્ત્વ વિચાર કરતા કરતા શાંત ભાવમા રહીને પ્રાણ છોડે જ્યારે પ્રાણને જોખમ છે એમ કદિ જણાતુ હોય ત્યારે સમાધિમરણની સાથે પ્રાણનો ત્યાગ કરે ધર્મધ્યાનથી મરે જેથી ભવિષ્યની ગતિ સારી થાય

એક શ્રાવક સમ્યગ્દર્શનની સાથે બાર વ્રત અને સલ્લેખના વ્રતને પાળે છે આ તેર વ્રતોમા પ્રમાદ અગર કષાયના ઉદયથી પાચ-પાચ અતીચાર યાને દોષ લાગવા સભવ છે તે દોષોને જાણી તેનાથી બચવાનો પ્રયત્ન કરવો જોઇએ

(૧) સમ્યગ્દર્શનના પાચ અતિચારો—૧ શકા-કોઈ તત્ત્વમાં કદિ શકા ઉપજે ૨ કાક્ષા-ભોગ ભોગવવાની અર્થાત્ સાસારિક સુખો માટે ઇચ્છા કરવી ૩ વિચિકિત્સા-ધર્માત્મા પુરુષોને રોગાદિ

અચૌર્ય અણુવ્રતના પાંચ અતિચાર—(૧) સ્તેન પ્રયોગ-ચોરી કરવાનો ઉપાય બતાવવો (૨) તદાહૃતા દાન—ચોરી કરી આણેલો માલ લઈ લેવો (૩) વિરુદ્ધ રાજ્યાતિક્રમ-રાજ્ય વિરુદ્ધ અગર રાજ્યમાં અવ્યવસ્થા થાય ત્યારે ન્યાયનું ઉલ્લંઘન કરી લેવડદેવડ કરવી થોડા મૂલ્યની વસ્તુ ઘણા પૈસા લઈ વેચવી (૪) હીનાધિક માનોન્માન-માપ-તોલના વજનોથી ઓછું આપવું અને વધારે લેવું (૫) પ્રતિરૂપક વ્યવહાર-બનાવટી સીક્કા ચલાવવા તથા સાચામાં ખોટું મેળવી સાચું કહી વેચવું

બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચાર—૧ પર વિવાહ કરણ-પોતાના કુટુંબ સિવાયના બીજાના છોકરા-છોકરીઓની સગાઈ કરાવવી ૨ ઇત્વરિકા પરિગૃહીતા ગમન-પરણેલી વ્યભિચારિણી સ્ત્રી સાથે સબંધ રાખવો ૩ ઇત્વરિકા-અપરિગૃહીતા ગમન-વ્યભિચારિણી વિવાહ થયા વગરની કુંવારી-વેશ્યા વિગેરે સાથે સબંધ રાખવો ૪ અનંગ ક્રીડા-કામભોગ સેવવાના નક્કી કુદરતી અંગો સિવાય બીજા અંગોથી કામ ચેષ્ટા કરવી ૫ કામ તીવ્રાભિનિવેશ-પોતાની સ્ત્રી સાથે અતુ કામભોગ સેવવો

(૬) પરિગ્રહ પ્રમાણ વ્રતનાપાંચ અતિચાર—દશ પ્રકારના પરિગ્રહમાં બે બેના પાંચ જોડકા કરી દરેક જોડકામાં એક વસ્તુ ઓછી કરી બીજી વસ્તુ વધારી દેવી જેમકે-ચાંદી સોનાની મર્યાદામાં સોનાની મર્યાદા વધારી દઈ ચાંદીની મર્યાદા ઓછી કરી નાખવી પરિગ્રહ કુલ ૨૪ પ્રકારના છે ૧૦ બાહ્ય અને ૧૪ અભ્યંતર

(૭) દિગ્વિરતિના પાંચ અતિચાર—પ્રમાદ અગર મોહથી ૧. ઉર્ધ્વાતિક્રમ-ઉપરની હદથી આગળ ચાલ્યા જવું ૨ અધોઅતિક્રમ—નીચેની નક્કી કરેલી હદનું ઉલ્લંઘન કરવું ૩ તિર્યગ્વ્યતિક્રમ-૪ દિશાઓની હદનું ઉલ્લંઘન કરવું, ૪ ક્ષેત્રવૃદ્ધિ-એક તરફ

ઉપયોગને હઠાવી લઇ પોતાના આત્મ સ્વરૂપમાજ એકરૂપ બની ઉપયોગની પ્રવૃત્તિ કરવી અર્થાત્ એ અનુભવ કરવો કે હું જ્ઞાતા દ્રષ્ટા છુ (કારણકે એક આત્માજ જાણવા લાયક જ્ઞાયક પણ છે અને જાણવા યોગ્ય જ્ઞેય પણ છે) આ સમાય છે અથવા' રાગ દ્વેષને હઠાવીને માધ્યસ્થ ભાવરૂપ સમતામાં લીન એવુ જે આત્મ સ્વરૂપ તેમા પોતાના ઉપયોગને પ્રવર્તાવવા તે સમાય છે જે ક્રિયાનુ સમાય કરવાનુ પ્રયોજન છે તેને સામાયિક કહે છે

(બ્ર સીતલપ્રસાદજી કૃત ગૃહસ્થ ધર્મ પાનું ૧૧૭)

પાચ અતિચાર—૧ કાયદુષ્પ્રણિધાન-શરીરની ખોટી ચેષ્ટા કરવી ૨ વાગ્દુષ્પ્રણિધાન-સાસારિક દુષ્ટ વચન કહેવા ૩ મનો દુષ્પ્રણિધાન-મનને દુષ્ટ ભાવોમાં લઇ જવુ દુષ્ટ વિચારો કરવા, ૪ અનાદર-અનિત્ય ૫ સ્મૃત્યનુપ સ્થાન-સામાયિક પાઠ-જપ વિગેરે ભૂલી જવા

(૧૧) પ્રોષધોપવાસના પાચ અતિચાર—અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત જોયા વિના અને સાફસૂફ કર્યા વિના (૧) ઉત્સર્ગ, આગે-પેશાબ કરવા (૨) આદાન-શાસ્ત્ર વિગેરે ઉઠાવવાં (૩) સસ્તોપક્રમણ-ચટાઈ વિગેરે પાથરી દેવા તથા (૪) અનાદર-ઉત્સાહ ન રાખવો (૫) સ્મૃત્યનુપસ્થાન-ધર્મ ક્રિયાઓને ભૂલી જવી

(૧૨) ભોગોપભોગ પ્રમાણના પાચ અતિચાર—(૧) સચિત્ત-ત્યાગ કરેલી સચિત્ત વસ્તુને પ્રમાદથી ખાઇ લેવી (૨) સચિત્ત સબધ-ત્યાગ કરેલી વસ્તુને અડકેલી વસ્તુને ખાવી (૩) સચિત્ત સન્મિશ્ર-ત્યાગ કરેલી સચિત વસ્તુ ભેળવીને કોઈ વસ્તુ ખાવી (૪) અભિષવ-કામોદ્દીપન કરે તેવા પદાર્થ ખાવા (૫) દુ પક્વાહાર-બરાબર રધાયેલુ નહિ અગર બળી ગએલુ અગર ઓછુ રધેલુ ભોજન કરવુ કે જે સારી રીતે પચી ન શકે તે ખાવું

(૧૩) અતિથિ સંવિભાગના પાંચ અતિચાર—આ અતિચાર મુનિઓની અપેક્ષાએ છે-૧ સચિત્તનિક્ષેપ-સચિત્ત વસ્તુ ઉપર રાખેલી વસ્તુને આપવી ૨ સચિત્તાપિધાન-સચિત્ત વસ્તુથી ઢાંકેલી વસ્તુ આપવી, ૩ પરવ્યપદેશ-બીજા દાતારને દાન આપવાનું કહી પોતે જતા રહેવું, ૪ માત્સર્ય-બીજા દાતારની સાથે ઈર્ષા, અદેખાઈ કરીને આપવું ૫ કાળાતિક્રમ-યોગ્ય વખત વિતાવી દઈને બે વખત આપવું

(૧૪) સલ્લેખનાના પાંચ અતિચારો—૧ જીવિતાશંસા-વધારે જીવવાની ઇચ્છા કરવી, ૨ મરણાશંસા-જલ્દી મરણ થાય તેવી ઇચ્છા કરવી ૩ મિત્રાનુરાગ-પહેલાંના લૌકિક મિત્રો પત્યે પ્રેમ બતાવવો, ૪ સુખાનુબંધ-પાછલા ભોગવેલા ઇન્દ્રિય સુખોને યાદ કરવાં, ૫ નિદાન-આગામી એટલે ભવિષ્યના ભોગોની ઇચ્છા રાખવી

સાધારણ રીતે ચૌદ વ્રતોની શ્રાવકોને જરૂર છે આ વ્રતોને ધીમે ધીમે ઊંચે ચડતા ચડતા પાળવાની અપેક્ષાએ અગીયાર પ્રતિમાઓ યાને શ્રાવકની ૧૧ શ્રેણીઓ (ચડ ઉત્તર દરજ્જા-સીઢીઓ) બતાવવામાં આવી છે શું તમે તે જાણવાનું પસંદ કરશો ?

શિષ્ય—મને શ્રાવકોનું ચારિત્ર્ય જાણીને ઘણો આનંદ થયો એમાં સંદેહ નથી કે જે ગૃહસ્થ તે માર્ગ ઉપર ચાલશે તે નમુનેદાર ધર્માત્મા ગૃહસ્થ બનશે. તે કોઈ રાજ્યના અપરાધમાં કદી આવી શકતો નથી, તે જગતમાં પ્રતિષ્ઠાને પાત્ર બનશે અગીઆર પ્રતિમાઓ પણ સમજાવી દો

ગુરુજી—આ અગીઆર શ્રેણિયો એ રીતે બતાવવામાં આવી છે કે આગળ આગળની પ્રતિમાવાળા નીચેની પ્રતિમા યા શ્રેણિના ચારિત્ર્યને છોડતો નથી પરંતુ તેને પાળતાં છતાં નવી પ્રતિમાનું ચારિત્ર પાળે છે આ બધું પાંચમા ગુણસ્થાનમાં છે

(१) દર્શન પ્રતિમા—આમાં સમ્યગ્દર્શનને દોષ રહિત પાળવાનો અભ્યાસ કરવો જોઇએ સમ્યક્ત્વના પચીશ દોસમાંથી બચવાની સભાળ રાખવી જોઇએ

(१) આઠ મદ—જાતિ (કાકા-મામા વિગેરે) કુલ (પિતા વિગેરે) રૂપ બળ ધન અધિકાર, વિદ્યા, તપ આ ૮ વાતોનો અહંકાર કરવો તે મદ છે

(२) ત્રણ મૂઢતાઓ—મૂર્ખાઇથી દેખાદેખી રાગીદ્વેષી દેવોની પૂજા કરવી તે દેવ મૂઢતા છે પરિગ્રહધારી ગુરૂને માનવા પાખંડ મૂઢતા છે લૌકિક ક્રિયાઓ-રીતરિવાજો જેમકે-શીતમા-સૂર્યગ્રહણમા સ્નાન-હોળી પૂજન વિગેરેમા ધર્મ માનવો તે લોકમૂઢતા છે

(3) ૭ અનાયતન—કુગુરૂ-કુદેવ-કુધર્મ અને એ ત્રણેના સેવકોની એવી સોબત કરવી કે જેથી શ્રદ્ધા ઘટી જાય

(१) જ્યા ધર્મ પ્રાપ્ત થઇ શકે તેમ નથી એવા રાગી દ્વેષી દેવોની સંગતિ કરવી તે-કુદેવ અનાયતન સંગતિ છે

(२) કુગુરૂ અનાયતન સંગતિ-જેમાં ધમ પ્રાપ્તિ નથી તેવાં કુગુરૂઓની સંગતિ કરવી

(३) કુધર્મ અનાયતન સંગતિ-જેમા ધર્મ જોવામા નથી આવતો એવા કુધર્મ અને કુધર્મ પ્રતિપાદિત શાસ્ત્રોની સંગતિ કરવી તે

(४) કુદેવપૂજક અનાયતન સંગતિ-કુદેવને પૂજવાવાળામાં ધર્મનુ સ્થાન નથી તેવા લોકોની સંગતિ કરવી

(५) કુગુરૂપૂજક અનાયતન સંગતિ-કુગુરૂને પૂજવાવાળામા ધર્મનુ સ્થાન હોતુ નથી તેવા લોકોની સંગતિ કરવી

(६) કુધર્મપૂજક અનાયતન સંગતિ-કુધર્મને પૂજવાવાળા કે જેમા ધર્મ નથી તેવા લોકોની સંગતિ કરવી

સંગતિનો અર્થ એ છે કે મિત્રની માફક રાત દિવસ વ્યવહાર કરતાં સમ્મતિ આપવી-આનો હેતુ એ છે કે જેથી વીતરાગ માર્ગમા શ્રદ્ધા ચલિત થઈ જાય એની સંગતિ ન કરવી વ્યવહારમા વ્યવહાર સંબંધી કાર્ય વિગેરેમા તે રાખવામા હરકત નથી

(૨૨ બ્ર સીતલપ્રસાદજી કૃત ગૃહસ્થ ધર્મ પા ૬૯)

(૪) શંકા વિગેરે દોષ—આ દોષના વિરોધી નીચે લખેના આઠ ગુણોનુ યાને સમ્યક્ત્વના અંગનુ પાલન કરવુ

(૧) નિઃશંકિત અંગ-તત્ત્વોમા શંકા નહિ રાખવા નિર્ભય બનીને ધર્મ પાળવો

(૨) નિઃકાંક્ષિત અંગ- ઇંદ્રિય ભોગોમા સુખની શ્રદ્ધા ન રાખવી

(૩) નિર્વિચિકિત્સિત અંગ-રોગી-દુઃખી-દરિદ્રી વિગેરે તરફ ઘૃણા ન કરવી

(૪) અમૂઢ દૃષ્ટિ અંગ-મૂર્ખાઇથી દેખાદેખી કોઈ ધર્મ ક્રિયા ન કરવી

(૫) ઉપગૂહન યા ઉપબૃંહન અંગ-પોતાના આત્મિક ગુણોને વધારવા-પારકાના દોષોને જાહેર નહિ કરતા તેને છોડાવવા પ્રયત્ન કરવો

(૬) સ્થિતિકરણ અંગ-પોતાને તથા બીજાને ધર્મમા સ્થિર કરવો

(૭) વાત્સલ્ય અંગ-સર્વ સહધર્મી ભાઇ-બ્હેનોની સાથે ગાય જેમ તેના વાછરડા પ્રત્યે પ્રેમ રાખે છે તેવી રીતે સર્વ તરફ સમાન પ્રેમ રાખવો

(૮) પ્રભાવના અંગ-જે રીતે બને તે રીતે અજ્ઞાન અંધકારને દૂર કરી સાચા તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવો-સમ્યગ્દૃષ્ટિ જીવ આઠ અંગોને [illegible] રી વિરોધી દોષોથી બચે છે

આ પ્રમાણે પચીસ દોષોને ટાળે છે-બચાવે છે આવો સમ્યક્ત્વી દેવપૂજા-ગુરુભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય સંયમ, સામાયિક (જપ), દાન આ છ નિત્ય કર્મોનો રોજ અભ્યાસ કરે છે તથા આઠ ગુણોને પાળે છે —(૧) મદિરા (દારૂ) નો ત્યાગ, (૨) માંસનો ત્યાગ (૩) મધનો ત્યાગ મધને માટે મધપૂડાને તોડી નાખી તેને કાપી નાખવામા આવે છે અને મધપૂડામા એકઠા થયેલા મધમા રહેલી ઘણી માખીઓ મરી જાય છે, (૪) સંકલ્પી-નિર્થક હિંસાનો ત્યાગ, (૫) સ્થૂલ અસત્યનો ત્યાગ, (૬) સ્થૂલ ચોરીનો ત્યાગ, (૭) પરસ્ત્રીનો ત્યાગ (૮) અતિતૃષ્ણાનો ત્યાગ યાને પરિગ્રહ પરિમાણ

(૨) વ્રત પ્રતિમા—પહેલાંની બધી ક્રિયાઓને પાળતો રહેતો બાર વ્રતોનું પાલન કરે છે પાચ અણુવ્રતોના ૨૫ અતિચારોને ટાળીને બચાવીને પાળે છે સાત શીલોના અતિચારોને બચાવવા પ્રયત્ન કરે છે-સામાયિક જેટલા વખત સુધી થઇ શકે તેટલા વખત ઓછામા ઓછા એક વખત પણ કરે છે આઠમ ચૌદસે ઉપવાસ ન થઇ શકે તો એકાસન પણ કરે છે કદી અશક્ત હોય તો સામાયિક તથા પ્રોષધોપવાસ ન પણ કરે

(૩) સામાયિક પ્રતિમા—પહેલાંની બધી ક્રિયાઓને પાળતો ત્રણ કાળ-સવાર-બપોર અને સાંજે ૪૮ મિનિટ અગર બે ઘડી અતિચારોને ટાળી જે સામાયિક કરે-કદી ૪૮ મિનિટથી કંઇક ઓછુ અંતર્મુહૂર્ત પણ કરે

(૪) પ્રોષધોપવાસ પ્રતિમા—પાછલી બધી ક્રિયાઓને પાળતો થતો મહિનામા ચાર દિવસ ઉત્તમ-મધ્યમ-જઘન્ય પ્રોષધ શક્તિ પ્રમાણે કરે અને પાચ અતિચારને ટાળે—

(૫) સચિત્તત્યાગ પ્રતિમા—પાછલી બધી ક્રિયાઓને પાલતો થતો એકેન્દ્રિય સહિત સચિત્ત પાની ન પીવે કે ન પીવરાવે

ભોજન માટે બોલાવે ત્યારે સંતોષથી જમી લે ધાર્મિક આરંભ કરી શકે છે ધ્યાન ધરવાનો અધિક અભ્યાસ કરે છે

(૯) પરિગ્રહ ત્યાગ પ્રતિમા—પાછળની બધી ક્રિયાઓને પાળતો થતો પોતાના માલ મીલ્કત જેને આપવી હોય તેને આપી દે અગર દાન કરી દે પોતે રૂપિયા પૈસા બધુ ત્યાગી દે-કંઈક વસ્ત્ર તથા એક બે વાસણ રાખી લે ઘર છોડી દેશાટન કરે અગર એકાંતમા બાગમા અગર ધર્મશાળામા રહે નિમંત્રણ મળી જતા ભોજન કરી લે

(૧૦) અનુમતિ ત્યાગ પ્રતિમા—પાછળની બધી ક્રિયાઓને પાલતો થતો સાંસારિક કામોમા કોઈ પ્રકારની સંમતિ આપવાનો ત્યાગ કરે ભોજનના સમયે બોલાવે તો જાય-પહેલેથી નિમંત્રણનો સ્વીકાર ન કરે

(૧૧) ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા—આ શ્રેણીમા તે ભિક્ષાવૃત્તિથી ભોજન કરે છે જે ભોજન તેના માટે બનાવ્યુ હોય તે ભોજનનો તે સ્વીકાર કરતો નથી તે એવા ભોજનનો સ્વીકાર કરે છે કે જે ભોજન ગૃહસ્થે પોતાના કુટુંબને માટે તૈયાર કર્યું હોય આ અગીઆરમી પ્રતિમામા એક ક્ષુલ્લક તથા બીજા ઐલક હોય છે પાછલી ક્રિયાઓને પાળતો છતા ક્ષુલ્લક એક લંગોટ તથા એક ટુકડો વસ્ત્ર ચાદર એવી રાખે છે કે જેથી પુરૂ શરીર ઢંકાય ન શકે

તે જીવદયાને માટે મોરના પીંછાની પીંછી રાખે છે કારણકે મોરના પીંછા બહુજ કોમળ હોય છે ગરમ પાણીને માટે કમંડલ રાખે છે ક્ષુલ્લક ભોજનના વખતે જાય છે તેની ભિક્ષાની બે રીતો છે કોઈ ક્ષુલ્લક એક ભિક્ષાનુ પાત્ર રાખે છે અને કેટલાંક ઘરોમાંથી થોડુ થોડુ ભોજન એકઠુ કરીને છેવટના ઘરમા ભોજન કરીને પાત્ર સાફ કરીને નગરની બહાર ચાલ્યા જાય છે જે એકજ ઘરમા ભોજન કરે છે ત્યારે તે દાતારને ઘર બેસીને થાળીમા

આહાર કરે છે તે દિવસમાં એકજ વખત ભોજન-પાન કરે છે બીજા એલક એ છે જે એક લંગોટજ રાખે છે તે પીછી સિવાય લાકડાનું કમંડળ રાખે છે તે કેશો યાને વાળનો લોચ-કેશલોચ કરે છે અર્થાત્ પોતે પોતાના હાથોથી વાળ ઉખાડી નાખે છે ભિક્ષાવૃત્તિથી એકજ ઘરમાં બેસીને હાથ ઉપર કોળીઓ લઈને ભોજન કરે છે તે સાધુના ચારિત્રનો અભ્યાસ શરૂ કરી દે છે

હવે તમારા માટે શ્રાવકાચારોને કહી નાખ્યા છે વધારે જાણવા માટે શ્રાવકાચારોને જોવા ઉચિત છે શ્રાવકાચાર જાણવા માટે કેટલાક નીચેના પુસ્તકો છે જેનો અભ્યાસ કરવાથી વધુ વિગતવાર સ્પષ્ટ ખ્યાલ આવશે —

૧ શ્રી તત્ત્વાર્થ સૂત્ર-શ્રી ઉમાસ્વામી કૃત ૨ શ્રી રત્નકરંડ શ્રાવકાચાર શ્રી સમંતભદ્રાચાર્ય કૃત ૩ શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાય-શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત ૪ શ્રી શ્રાવકાચાર-શ્રી વસુનંદિ આચાર્ય કૃત ૫ શ્રી સાગાર ધર્મામૃત-પં આશાધરજી કૃત ૬ શ્રી ધર્મ સંગ્રહ-પં મેધાવી કૃત ૭ ત્રિવર્ણાચાર-સોમસેન ભટ્ટારકજી કૃત, ૮ ગૃહસ્થ ધર્મ-બ્ર શીતલપ્રસાદજી કૃત



ભોજન માટે બોલાવે ત્યારે સંતોષથી જમી લે ધાર્મિક આરંભ કરી શકે છે ધ્યાન ધરવાનો અધિક અભ્યાસ કરે છે

(૯) પરિગ્રહ ત્યાગ પ્રતિમા—પાછલી બધી ક્રિયાઓને પાળતો થતો પોતાના માલ મીલકત જેને આપવી હોય તેને આપી દે અગર દાન કરી દે પોતે રૂપિયા પૈસા બધુ ત્યાગી દે-કેટલાક વસ્ત્ર તથા એક બે વાસણ રાખી લે ઘર છોડી દેશાટન કરે અગર એકાંતમા બાગમા અગર ધર્મશાળામા રહે નિમંત્રણ મળી જતા ભોજન કરી લે

(૧૦) અનુમતિ ત્યાગ પ્રતિમા—પાછલી બધી ક્રિયાઓને પાળતો થતો સાંસારિક કામોમા કોઈ પ્રકારની સંમતિ આપવાનો ત્યાગ કરે ભોજનના સમયે બોલાવે તો જાય-પહેલેથી નિમંત્રણનો સ્વીકાર ન કરે

(૧૧) ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા—આ શ્રેણીમા તે ભિક્ષાવૃત્તિથી ભોજન કરે છે જે ભોજન તેના માટે બનાવ્યુ હોય તે ભોજનનો તે સ્વીકાર કરતો નથી તે એવા ભોજનનો સ્વીકાર કરે છે કે જે ભોજન ગૃહસ્થે પોતાના કુટુંબને માટે તૈયાર કર્યું હોય આ અગીઆરમી પ્રતિમામા એક ક્ષુલ્લક તથા બીજા ઐલક હોય છે પાછલી ક્રિયાઓને પાળતો છતાં ક્ષુલ્લક એક લંગોટ તથા એક ટુકડો વસ્ત્ર ચાદર એવી રાખે છે કે જેથી પુરૂ શરીર ઢંકાય ન શકે

તે જીવદયાને માટે મોરના પીંછાની પીંછી રાખે છે કારણકે મોરના પીંછા બહુજ કોમળ હોય છે ગરમ પાણીને માટે કમંડલ રાખે છે ક્ષુલ્લક ભોજનના વખતે જાય છે તેની ભિક્ષાની બે રીતો છે કોઈ ક્ષુલ્લક એક ભિક્ષાનુ પાત્ર રાખે છે અને કેટલાક ઘરોમાથી થોડુ થોડુ ભોજન એકઠુ કરીને છેવટના ઘરમા ભોજન કરીને પાત્ર સાફ કરીને નગરની બહાર ચાલ્યા જાય છે જે એકજ ઘરમા ભોજન કરે છે ત્યારે તે દાતારને ઘેર બેસીને થાળીમા

અધ્યાય ૯

જૈનોના ભેદ

શિષ્ય—મહેરબાની કરીને બતાવો કે જૈનોમા ભેદ કેમ છે? તથા તેમના સિદ્ધાનમા શો ફરક છે?

ગુરુ—જૈનોમા વ્યવહાર ક્રિયા આચરણની અપેક્ષાએજ દિગબર શ્વેતામ્બર વિગેરે ભેદ છે જો મૂળ સિદ્ધાંતને ધ્યાનમાં લેવામા આવે તો બધાનો એકજ મત છે જૈન ધર્મનુ તત્વ એ છે કે આત્માને સ્વાધિન કરવામા આવે શુદ્ધ કરવામા આવે આની (આત્માની) સાથે જે કર્મોનો બધ છે તે દૂર કરવામા આવે આત્માના શુદ્ધ ભાવને મોક્ષ બધા જૈનો માને છે તથા મોક્ષનો નિશ્ચય ઉપાય આત્માના ધ્યાનને બધા માને છે નિશ્ચયથી (વાસ્તવિકપણે) આત્માના શુદ્ધ સ્વરૂપનુ ધ્યાનજ મોક્ષમાર્ગ છે તથા શુદ્ધ ભાવજ મોક્ષ છે સાત તત્વ નવ પદાર્થ, ૭ દ્રવ્ય, પાચ અસ્તિકાય ચૌદ ગુણસ્થાન વિગેરેમા કોઇ મતભેદ નથી અતરગ સ્વરૂપ બધા એક સરખુ માને છે ૭ દ્રવ્યો કોઇ શ્વેતામ્બર જૈનાચાર્ય નિશ્ચય કાળદ્રવ્યને માનતા નથી કેવળ વ્યવહાર કાળને માને છે, કોઈ શ્વેતામ્બર આચાર્ય કાળદ્રવને માને છે આ એક ઘણોજ નજીવો ભેદ છે કર્મોના બધ ઉદય તથા સત્તામા એકમતપણું છે

કોઇપણ જૈન ગમે તો દિગમ્બર હો યા શ્વેતામ્બર હો તે વીતરાગ ભાવનેજ ધર્મ માનશે રાગ, દ્વેષ અને મોહને સસાર માનશે જેમ શ્રી કુદકુદાચાર્ય સમયસારમા કહ્યુ છે આમા કોઈ ભેદ નથી

रत्तो बन्धदि कम्मं मुंचदि जीवो गीक्षे विरागसम्पण्णो ।
एसो जिणोवदेसो तह्मा कम्मेसु मा रिज्ज ॥१५०॥

ભાવાર્થ—રાગી જીવ કર્મોને બાંધ છે પરતુ વિરાગી જીવ કર્મોથી મુક્ત થઇ જાય છે એવો શ્રી જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ તેથી શુભ અશુભ કર્મોમા રજાયમાન થા મા

अप्पाणं झायन्तो दसणणाणमओ अणण्णमइओ ।
लहइ अचिरेण अप्पाणमेव सो कम्मणविमुक्त ॥१८९॥

ભાવાર્થ—જે કોઈ એકાગ્ર મનથી દર્શનજ્ઞાનમયી આત્માનુ ધ્યાન ધરે છે તે તરત જ કર્મોથી છૂટી જઈ માત્ર આત્માને જ પામે છે

एदह्मि रदो णिच्चं सन्तुट्ठो होहि णिच्चमेदह्मि ।
एदेण होहि तित्ता तो होहदि उत्तमं सोक्खं ॥२०६॥

ભાવાર્થ—આ આત્માના સ્વરૂપમા નિત્ય રત રહો આમાં સંતોષમાન આમાજ તૃપ્ત રહો તો તને ઉત્તમ સુખ મળશે જૈનોનો એક મુખ્ય સિદ્ધાંત આત્મોનતિ છે અને તેનો ઉપાય આત્માનુ ધ્યાન છે આ બાબતમા કોઇ જૈની ભિન્ન મત ધરાવતા નથી જૈનોનુ બીજુ તત્ત્વ અહિંસા છે આમા પણ બધા જૈનોનો એક મત છે જે રીતે શ્રી પુરુષાર્થ સિદ્ધ્યુપાયમાં શ્રી અમૃતચંદ્ર આચાર્ય કહે છે તે રીતે અહિંસાનુ સ્વરૂપ બધા માને છે—

यत् खलु कषाय योगात् प्राणाना द्रव्यभावरूपाणाम् ।
व्यपरोपणस्य करण सुनिश्चिता भवति सा हिंसा ॥४३॥

ભાવાર્થ—ક્રોધ વિગેરે કષાયોને વશ થઈને ભાવ પ્રાણ તથા દ્રવ્ય પ્રાણોનો ઘાત [illegible] આવે તો તે નિશ્ચયથી હિંસા

ભાવ પ્રાણ આત્માના ગુણ, જ્ઞાન શાંતિ વિગેરે છે દ્રવ્ય પ્રાણ ઇન્દ્રિય બળ આયુ તથા શ્વાસોશ્વાસ છે, જેનું કથન પહેલાં કરવામાં આવ્યું છે

શિષ્ય—તો બધા જૈનો એકતા કેમ રાખતા નથી દિગમ્બર તથા શ્વેતામ્બર એવા જુદા જણાય છે કે જેમ હિંદુ અને મુસલમાન જણાય છે તેમ

ગુરુ—એકતા નહિ હોવાનું કારણ એ છે કે જૈનોનું ધ્યાન અધિકતર વધારે બહારના ક્રિયાકાંડ ઉપર જ જેમાં ફરક મતભેદ છે પરંતુ અસલ મોક્ષમાર્ગ ઉપર નથી જો અસલ મોક્ષમાર્ગ ઉપર હોય તો કદી પરસ્પર અણબનાવ ન હોય બધા અમુક મોક્ષમાર્ગને એક જ માને છે વ્યવહારિક બાબતોમાં મતભેદ હોવા છતાં એવી રીતે પ્રેમ રાખે જેવી રીતે કુટુંબનો તથા માતાપિતામાં ભેદ હોવા છતાં એક સભાનો સભાસદ એક બીજા સાથે એકતાથી હળીમળીને રહે છે

શિષ્ય—તો દરેક આમ્નાયના ઉપદેશક જૈનોનું આ બાજુ કેમ લક્ષ્ય દોરતા નથી?

ગુરુજી—જે સાધુ પંડિત, ઉપદેશક વિગેરે છે તેમનું પણ વધારે લક્ષ્ય વ્યવહાર ક્રિયાકાંડ ઉપર રહે છે તે પણ જો એનું ધ્યાન અસલ જૈનધર્મ તરફ આપે છે અને તે સાચા જૈન ધર્મનો અનુભવ કરે તો તેમના પરિણામોમાં સામ્યતા આવી જાય અને ત્યારે તેમનો ઉપદેશ પણ એવો જ હોય

શિષ્ય—આ વખતમાં પોતપોતાની આમ્નાય પ્રમાણેનું બાહ્ય આચરણ પાળવા છતાં એકતાની ઘણી જરૂરત છે તો શું તે આ વિરાગી (સાધુઓ) પંડિતો તથા ઉપદેશકોને સમજાવી શકતા નથી?

ગુરુજી—જો દિગમ્બર તથા શ્વેતામ્બર બંનેના પરોપકારી વિદ્વાન લેખક આધ્યાત્મિક સાહિત્ય તૈયાર કરે અને સામ્યભાવથી સાચા

ધર્મ તરફ લક્ષ્ય દોરે તથા, વ્યવહાર ચારિત્રબાબત એક બીજા મધ્યસ્થભાવ રાખવાની સલાહ કરે તથા એવા સાહિત્યનો પ્રચાર ઉપદેશકર્તાઓમા કરવામાં આવે તો થોડા વખતમા એકતા જરૂર સ્થાપી શકાય

શિષ્ય—કૃપા કરીને બતાવો કે મતભેદ કયા કયા છે ?

ગુરૂજી—હુ કઇક થોડા મતભેદ બતાવુ છુ તે જાણીને વિચાર કરવો દરેક બુદ્ધિમાન જૈનીનુ કર્તવ્ય છે દિગંબર તથા શ્વેતાંબરનો મત આ મતભેદો ઉપર શો છે તથા દરેક તેની પુષ્ટિ કેવી રીતે કરે છે તે સંક્ષેપમા તમને બતાવી દઉ છુ આ ઉપર તમે પોતે વિચાર કરજો કે તમારી બુદ્ધિ શામા સ્વીકાર કરે છે

(૧) એક મતભેદ તો એ છે કે દિગંબર કહે છે કે જ્યાં સુધી વસ્ત્રોનો બિલકુલ ત્યાગ કરીને નગ્ન બાળક સમાન ન થઈ જાય ત્યાં સુધી પરિગ્રહ ત્યાગ મહાવ્રત હોઇ શકે નહિ કે જે એક સાધુને માટે જરૂરી છે તેથી સાધુ તે થઇ શકે છે કે જે વસ્ત્રરહિત હોય જ્યાસુધી એક લગોટ પણ હોય ત્યાંસુધી તેને શ્રાવક માનવો જોઇએ

શ્વેતામ્બરોનુ એવુ માનવુ છે કે જેટલાં વસ્ત્ર રાખવાથી શરીરનુ રક્ષણ થાય ઠંડી ગરમીની મુસીબત ન થાય-લાજ જાળવી શકાય એટલા વસ્ત્ર સાધુએ રાખી લેવા જોઇએ વસ્ત્ર સહિત સાધુ પણ ઉન્નતિ કરીને મોક્ષનુ સાધન મેળવી શકે છે દિગંબરોનુ કહેવુ છે કે વસ્ત્ર રાખવા પીંછી કમંડળ જેવા ધર્મો પકરણ નથી શરીરના મોહના કારણે કરીને વસ્ત્ર રાખવામા આવે છે જ્યાસુધી મોહ છોડી દેવામા નહિ આવે ત્યાસુધી છઠ્ઠા ગુણ સ્થાન-પ્રમત્તવિરત સંબંધી વીતરાગતાના પરિણામ નહિ ઉપજે જ્યાંસુધી લગોટ પણ હશે લજ્જા કષાય નહિ હટાવવાથી પાચમા ગુણસ્થાન સબંધી ભાવ ઉપજશે જે લજ્જા તથા ઠંડી (શરદી)

ગરમી વિગેરે પરિષહોને જીતી ન શકે તો તેણે અગીઆરમી પ્રતિમા સુધીના શ્રાવકોના વ્રત પાળવા જોઇએ બાળકના જેવો કુદરતી વેશ સ્વરૂપ ધારણ કર્યા સિવાય સાધુનું ચરિત્ર થઇ શકતુ નથી નિર્ગ્રન્થ એને કહે છે કે જે સર્વપરિગ્રહનો ત્યાગી નગ્ન સાધુ હોય છે

શ્વેતામ્બરો કહે છે કે જે નગ્ન રહી શકે છે તે નગ્ન રહે તેને જિનકલ્પી સાધુ કહીશુ અને જે નગ્ન નથી રહી શકતા તે વસ્ત્ર રાખે તેને સ્થવિર કલ્પી સાધુ કહીશુ આ પણ એમનુ કહેવુ છે કે જેમ શરીરની રક્ષા માટે ભોજન જરૂરી છે તેવી રીતે વસ્ત્ર પણ જરૂરી છે તથા જ્યારે સાધુનુ ધ્યાન વધુ આગળ વધશે ત્યાર તેના ભાવ જેવી રીતે શરીરથી મમતા હટાવી લે છે તેવી રીતે વસ્ત્રથી પણ મમતા હટાવી લેશે આથી કરીને વસ્ત્ર સહિત રહેવા છતાં પણ પરિણામોની ઉન્નતિ થઇ શકે છે છઠ્ઠુ-સાતમું વિગેરે ગુણસ્થાન પ્રાપ્ત થઇ શકાય છે તથા તે અરહંત પણ થઇ શકે છે

શિષ્ય—શ્રી મહાવીર સ્વામીએ કેવી રીતે દીક્ષા લીધી હતી?

ગુરુજી—શ્રી મહાવીર સ્વામીએ નગ્ન થઇને દીક્ષા લીધી હતી એવુ દિગમ્બર શ્વેતામ્બર બન્ને માને છે શ્વેતામ્બર એટલુ કહે છે કે ઇન્દ્રએ એક દેવદુષ્ય વસ્ત્ર ખભા ઉપર નાખી દીધુ હતુ, તે એક વર્ષ અને એક મહિનો પડી રહ્યુ પછી તે પડી ગયું પછીથી બાર વર્ષમા ૧૩ માસ ઓછા વર્ષ સુધી ભગવાન મહાવીરે નગ્ન અવસ્થામાંજ તપ કર્યુ

શિષ્ય—શુ એમના ગ્રન્થનુ કોઇ વાક્ય આપ બતાવી શકો છો?

ગુરુજી—તેમના માનનીય શ્રી આચારાંગ સૂત્રમા નીચે લખેલુ વાક્ય આવેલુ છે—

संवच्छर साहियमास जं न रिक्कासि वत्थगं भगवं ।
अचेलओ तओचाई तं, वोसिज्ज वत्थ मणगारे ॥४॥

स—तत् इन्द्रपार्ह्त सवत्सरमेकं माधिक मोचयस त्यक्तमान् भगवान् तत् स्थितरन्य इति कृत्वा तत् उर्ध्वं तत्रखपरित्यागी व्युत्सृज्य च तदनगारो भगवान् अचलोऽभूत् (नवमो अध्याय पृठ ३०१ शीलाकाचार्य निहितविवरणयुत मुद्रित म्हेसाणा लल्लुभाई किशोरदास सन् १९१६)

શિષ્ય—શુ તે નગ્નત્વને સવસ્ત્રધારીપણાથી સારૂ સમજે છે? શુ આનુ પણ કઇ શાસ્ત્રીય પ્રમાણ છે?

ગુરૂજી—તે જ આચારાગમા સૂત્ર ૨૧૬-૨૨૬ અધ્યાય ૮ પૃઠ ૨૭૭-૨૮૯ ઉપર

" जे भिक्खु अचेले परिमसिए तस्स ण भिक्खुस्स एव भवइ चाएमि अहतण कार्म "

અર્થાત્—જે ભિક્ષુ નગ્ન રહેશે તેને એ માલૂમ નહિ પડે કે મને તૃણ સ્પર્શ થઇ રહ્યો છે તે તૃણસ્પર્શની મુશ્કેલીને સહન કરશે

શિષ્ય—શુ સવસ્ત્ર જૈન સાધુના ચારિત્રને શ્રી મહાવીર સ્વામીના વખતમાં અગર તે પહેલા શ્વેતામ્બર જૈન માને છે?

ગુ રુજી—શ્વેતામ્બર જૈન કલ્પસૂત્ર વિગેરે તેમના ગ્ર થોથી એમ કહે છે કે શ્રી પાર્શ્વનાથના સમયમા વસ્ત્રસહિત સાધુ હતા મહા વીર સ્વામીએ સુધારો કર્યો-નગ્નત્વનો પ્રચાર કર્યો

શિ ષ્ય—શુ કોઇ ઐતિહાસિક પ્રમાણ આ વાતના ટેકામાં છે?

ગુરૂજી—જ્યાસુધી મને ખબર છે ત્યાસુધી આજસુધી કોઈ ઐતિહાસિક પ્રમાણ આ વાતનુ નથી મળ્યું કે શ્રી મહાવીરસ્વામીના પહેલા અગર તેમના સમયમાં જૈન સાધુ વસ્ત્ર સહિત હતા

શિષ્ય—આ કાળમા વસ્ત્ર રહિત સાધુ હોવુ બહુ જ કઠિન

માલુમ પડે છે શુ તેથી તો શ્વેતામ્બરોએ સવસ્ત્ર સાધુનો માર્ગ નહિ ચલાવ્યો હોય ?

ગુરુજી—જો પ્રતિમાઓ દ્વારા ધીરે ધીરે વસ્ત્ર ત્યાગનો અભ્યાસ કરવામા આવે તો સાધુ પદ નગ્ન અવસ્થામાં સારી રીતે પાળી શકાય છે—અભ્યાસ સિવાય તો ખરેખર કઠિન કામ છે શરદી ગર્મી વિગેરે સહન કરવુ તથા લજ્જા જીતવી તે ઘણુજ દુષ્કર (કઠિન) કાર્ય છે પરતુ અભ્યાસથી તે સરળ બને છે

શિષ્ય—શુ શ્વેતામ્બર સાધુની ક્રિયાઓ દિગબરોની કોઇ પ્રતિમા સાથે મળે છે ? યાને સરખાવી શકાય એમ છે ?

ગુરુજી—જો અમે ક્ષુલ્લકો ની સાથે સ ખાવીએ તો બહુ અંશે મેળ બેસી જાય છે દિગબર જૈન શાસ્ત્રોમા અનેક ઘરોમા ભોજન પાત્રમા એકઠુ કરીને ક્ષુલ્લકના માટે ભોજન કરવાનુ વિધાન છે શ્વેતામ્બર સાધુ તે પ્રમાણે વર્તે છે

શિષ્ય—ક્ષુલ્લક શબ્દ અગીઆરમી પ્રતિમાધારીને કેમ આપવામા આવ્યો નથી ?

ગુરુજી—ક્ષુલ્લક નાનાને કહે છે વાસ્તવમા તે નાના સાધુ જ છે તે પણ સાધુ પ્રમાણે ધ્યાન વિગેરે કરે છે ભિક્ષાવૃત્તિથી ભોજન કરે છે મોર પીછી રાખે છે

પાર્શ્વનાથ પુરાણમા આ પ્રમાણે લખ્યુ છે —

जो गुरु निकट जाय व्रत गहै घर तज मठ मण्डपमें रहै ।
एक वसन तन पीछी साथ, कटि कोपीन कमण्डल हाथ ।
भिक्षा भोजन राखे पास, चारों परब करे उपवास ।
लेहइड भोजन निर्दोष, लाभ अलाभ राग न रोष ।
उचित काल कतरावे केश, दृढ मूछ न रखे लेश ।
तप विधान आगम अभ्यास, शक्ति समान करे गुरु पास ।

यह क्षुल्लक श्रावककी रीति, दूजो एलक अधिक पुनीत।
जाके एक कमर कोपीन, हाथ कमण्डल पीछी लीन।
विधिसे बैठ लेहि आहार, पान पात्र आगम अनुसार।
कर केश लुंचन अतिधीर, शीत घाम सब सहै शरीर।
सोरठा—पान पात्र आहार, करें शुद्धबुद्धि ओढ मुनि।
कहे रहो विहवार, भक्ति सहित भोजन करे॥
दोहा—एक हाथ पर ग्रास धर, एक हाथसे लेहि।
श्रावकके घर जायके, ऐलक अशन करेय॥

ગુજરાતી અનુવાદ માટે જુઓ અનુવાદિત શ્રી પાર્શ્વનાથ ચરિત્ર પૃષ્ઠ ૧૫૫-૫૬-૫૭

શિષ્ય—તો પછી દિગમ્બર તથા શ્વેતામ્બરોએ વસ્ત્ર રાખવા-ન રાખવા એ વાતને લીધે મન સંકોચ નહિ રાખવો જોઈએ શ્વેતામ્બર શાસ્ત્રમાં ઉત્તમ જિનકલ્પી અચેલ વસ્ત્ર રહિતપણાને કહ્યા છે દિગમ્બર સાધુઓને શ્વેતામ્બરોએ આ દૃષ્ટિથી જોવા જોઈએ તથા દિગમ્બરોને માટે એ ઉચિત છે કે શ્વેતામ્બર સાધુઓને ક્ષુલ્લક જેવા જોઈ આ વિષયમાં માધ્યસ્થ ભાવ રાખે પરસ્પર અનૈક્ય (વિખવાદ) ન કરે જેથી જેટલું પાળી શકાય તેટલું બાહ્ય ચારિત્ર પાળે પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે પાળે અંતરંગ ચારિત્ર બાબત તો આપે કહ્યું છે કે કંઈ ભેદ છે નહિ

ગુરુજી—વાસ્તવમાં અંતરંગ ચારિત્ર બાબત એક જ મત છે જૈન શાસ્ત્ર પણ કહે છે કે જ્યાંસુધી આત્મ રમણ નહિ થાય ત્યાંસુધી મોક્ષમાર્ગ યથાર્થ નથી કેવળ બાહ્યવેશ મોક્ષમાર્ગ નથી જુઓ શ્રી કુન્દકુન્દાચાર્ય સમયસારમાં આમ કહે છે —

ગાથા—णवि एस मोक्खमग्गो पाखण्डीगिहिमयाणि लिंगाणि।
दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा बिंति ॥४१०॥

ભાવાર્થ—સાધુ તથા ગૃહસ્થોનો વેશ માત્ર મોક્ષનો માર્ગ નથી સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રની એકતા જે આત્મ સ્વરૂપ છે તે મોક્ષમાર્ગ છે એમ જિનેન્દ્ર કહે છે આ વાત ઉપર જણાવેલા શ્વે૦ આચારાંગમા કહી છે —

"द वयमुक्खो अत्थत्येव इत्यविरह अणगारे दीहणयं तितक्खाए पमत्ते बहिया पास अप्पमत्तो परिव्वए एव मोण सम्म अणुवा सिज्जा सित्ति बेमि" (सूत्र १५० लोकसाराध्यते द्वितीयोद्देश १५/२)

ભાવાર્થ—બન્ધ તથા મોક્ષ આતરિક પરિણામોમા છે વિરક્ત ગૃહરહિત સાધુએ રાતદિન પરિષહ સહેવા જોઈએ જે પ્રમાદી છે તેને મોક્ષમાર્ગની બહાર જાણવો જોઈએ અપ્રમાદી બનીને વૈરાગ્યમા રહે એવા મુનિએ સારી રીતે મોક્ષમાર્ગ પાળવો જોઈએ

વધુમા પણ તેમા કહ્યુ છે —

'इह आणाकखी पंडिए अणिहे रागमप्पाणं संवेहाए कसेहि अप्पाणं जरेहि अप्पाणं जहा जुन्नाई कट्ठाई हव्ववाहो पमत्थइ एव अत्तसमाहिए अणिहे विगिंच कोह अविकम्पमाणो"

सूत्र १३५ पृष्ठ १६०

ભાવાર્થ—આજ્ઞાધારી પડિત સ્નેહરહિત પોતાને એકલા એકરૂપ જોઈને પોતાને કૃશ કરે પોતાને તપમા જીર્ણ કરે જેવી રીતે જુના લાકડાને આગ લાગી નાખે છે તેવી રીતે સ્નેહરહિત બનીને ક્રોધને ત્યાગ દઈ નિષ્કપ થઈને આત્માનુ ધ્યાન કરવાથી કર્મ ઓગળી જાય છે ટીકાકારે ત્યા લખ્યુ છે કે એવી ભાવના કરે—

सदैकोह नमे कश्चित् नाहम यस्य कस्यचित् ।
नतं पश्यामि यस्याह नासौ भावीतिया मम ॥

ભાવાર્થ—હુ સદા એક છુ મારૂ કોઈ નથી હુ બીજા કોઈનો નથી જેનો હુ હોઉ એના કોઈને હુ દેખતો નથી ને ભાવિ કાળમા (ભવિષ્યમા) મારૂ કોઈ નહીં હશે વળી વધુમા કહ્યુ છે —

जह सलु सुचिरं बहु सुचिरं सुक्कं बहु दहइ अग्गी ।
तह सलु झवति कम्मं सम्मचरणे ठिदो साहू ॥२६४॥

ભાવાર્થ—જેમ લીલું સાચું સાના વખતે સુકાઈ જાય છે ત્યારે તેને અગ્નિ જલદી બાળી નાખે છે તેજ રીતે જે સાધુ સારી રીતે સ્વરૂપાચરણ ચારિત્રમા સ્થિત હોય છે તે કર્મોનો ક્ષય કરી નાખે છે પ્રયોજન એ છે કે સર્વ જૈનોએ સમતાભાવ રાખીને અતરંગ ચારિત્ર ઉપર લક્ષ્ય રાખવુ જોઈએ તે ચારિત્રનુ બાહ્ય સાધન વ્યવહાર ચારિત્ર છે તેને માટે દિગમ્બરોએ પોતાની શ્રદ્ધાને અનુકુળ તથા શ્વેતામ્બરોએ પોતાની શ્રદ્ધાને અનુકુળ હોય તે પ્રમાણે ચાલવુ જોઈએ માધ્યસ્થભાવ રાખવો એ જ જિનેન્દ્રની આજ્ઞા છે પરસ્પર દ્વેષ નહિ રાખવો જોઈએ જેની સમજમા જેવુ આવે તેવુ તે બાહ્ય ચારિત્ર પાળે અતરંગ પરિણામો ઉપર મુખ્યપણે લક્ષ્ય આપવુ જોઈએ

શિષ્ય—હવે બીજી જરૂરી તફાવત વાને અતરની વાતો બતાવો !

ગુરુ—બીજી વાત એ છે કે દિગમ્બર જૈન પોતાના શાસ્ત્ર પ્રમાણે એમ બતાવે છે કે સ્ત્રીના શરીરથી મોક્ષ પ્રાપ્ત કરી શકાતો નથી પુરુષના શરીરથી જ મુક્તિ મેળવી શકાય છે તેનુ કારણ તેઓ એ બતાવે છે કે જે ઉચ્ચ ધ્યાન કરવાથી કર્મોનો નાશ થઈ શકે તેનુ ધ્યાન શક્તિ કમી હોવાના કારણે સ્ત્રીથી થઈ શકતુ નથી સ્ત્રીનુ સહનન અર્થાત્ હાડકાની શક્તિ વજ્ર વૃષભ નારાચ રૂપ નથી હોતી પુરુષોમા પણ જેઓ એવી શક્તિ હશે તે મોક્ષના સાધનની યોગ્યતા રાખી શકે છે વજ્રના જેવી દૃઢ નસોની જાળ, હાડકાના સાધા તથા હાડકા હોય તેને વજ્રવૃષભ નારાચ સહનન કહે છે સ્ત્રીઓ ઉન્નતિ કરીને સોળમા સ્વર્ગ સુધી તથા અવનતિ કરીને છઠ્ઠા નર્ક સુધી જઈ શકે છે

શ્વેતામ્બર શાસ્ત્રકાર સ્ત્રીના શરીરથી મુક્તિ મેળવી શકાય છે

એમ બતાવે છે તેમનામાં ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લીનાથને સ્ત્રી તીર્થંકર માન્યા છે જે કે તેઓ મોક્ષનો લાભ સ્ત્રી શરીરથી માને છે તથા દિગંબરોની જેમ તે એમ માને છે કે તે (સ્ત્રી) સ્વર્ગોની ઉપર ગ્રૈવેયિક વિગેરેમાં નથી જતી સાતમા નર્કે નથી જતી ચક્રવર્તી વિગેરે થતી નથી શ્વેતામ્બર ગ્રંથ પ્રવચનસારોદ્ધાર પ્રકરણ રત્નાકર ભાગ ૩ સંવત ૧૯૩૮ ભીમસી માણેક મુંબઈવાળાએ છપાવેલામાં કહ્યું છે કે —

अरहत चक्कि केसव समिन्नेप चारणे पुव्वा
गणहरं पुलाप आहारग च नहु भवि महिलाण ॥२॥

અર્થાત્—અરહન્ત (તીર્થંકર) ચક્રવર્તી નારાયણ બલદેવ સંભિન્નશ્રોતઋદ્ધિ ચારણઋદ્ધિ પૂર્વોનું જ્ઞાન ગણધર પુલાક, સાધુપણું, આહારક શરીર આ દશ વાતો સ્ત્રીના શરીરથી મળતી નથી ટીકાકાર કહે છે કે મલ્લિનાથ સ્ત્રી કેમ થયા ? આ એક ખાસ વાત બની છે નિયમ નથી- આને અછેરા કહે છે

દિગંબરોની જેમ તે એમ માને છે કે દેવિયોની ઉત્પત્તિ બીજા સ્વર્ગ સુધી જ હોય છે તથા તે બારમા સ્વર્ગ સુધી જઇ શકે છે કારણકે શ્વેતાંબરો બાર સ્વર્ગ માને છે દિગંબરી ૧૬ સ્વર્ગ માને છે સંગ્રહણી સૂત્ર પાન ૭૮ મા કહ્યું છે કે—

उववाओ देवीण ईसाणंतो जा परो सहस्सारा ।
गमणा गमणं नस्थी अच्चुय परऊ सुराणंपि ॥

ભાવાર્થ—દેવી બીજા સ્વર્ગ સુધી ઉપજે પરંતુ બારમા સહસ્રાર સુધી જાય

શિષ્ય—આજકાલ દિગંબર યા શ્વેતાંબર મોક્ષ કોને હોઇ શકે એમ માને છે ?

ગુરુજી—આ ભરતક્ષેત્રમાં આજકાલ બન્નેનો એ મત છે કે

૬ શ્રી મહાવીર સ્વામી રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાના જ ગર્ભમા રહી જ મ્યા હતા એમ દિગબરો માને છે શ્વેતાબરો માને છે કે તે પહેલા એક બ્રાહ્મણીના ગર્ભમા આ યા પછી ઈંદ્રએ તેમને ત્યાથી લાવીને ત્રિશલાના ગર્ભમા રાખ્યા-વિગેરે વિગેરે ૮૪ મતભેદની વાતો છે જે ૮૪ મહત્વશાળી નથી

શિષ્ય—દિગબર શ્વેતાબર ભેદ ક્યારથી થયા ?

ગુરૂજી—બને માને છે કે આ ભેદ વિક્રમ સવત ૧૩૪ અગર ૧૩૬ મા પડયા દિગબરો કહે છે કે વેતાબર સ ઘની ત્યારે સ્થાપના થઇ એ વાત પ્રસિદ્ધ છે કે જૈનધર્મી મહારાજ ચદ્રગુપ્ત મૌર્ય (ઇસ્વીસન ૩૨૦ વર્ષ પહેલા) ના વખતમાં વચમા દેશમા બાર વર્ષમા દુ ષ્કાળ પડયો તે વખતે શ્રી ભદ્રબાહુ શ્રુતકેવળી ૨૪૦૦૦ મુનિ સ ઘ સહિત બિરાજમાન હતા શ્રુતકેવળીએ દુકાળમા મુનિ સયમ પાળવો મુશ્કેલ છે એમ જાણી સઘને દક્ષિણ તરફ જવા સમતિ આપી તે વાત ૧૨૦૦૦ મુનિઓએ માની લીધી તે તે દક્ષિણમા શ્રવણબેલગોલા તરફ ચાલ્યા ગયા

શિલા લેખોથી એ સિદ્ધ થાય છે કે ભદ્રબાહુ દક્ષિણમા ગયા તેમની સાથે મુનિરૂપમા રાજા ચ દ્રગુપ્ત પણ હતા અહિયા જે ૧૨૦૦૦ નગ્ન મુનિ રહ્યા તેમનાથી સાધુનુ ચારિત્ર પાળી શકાયુ નહિ ત્યાર તે ખભા ઉપર વસ્ત્ર રાખવા લાગ્યા અને અર્દ્ધ ફાલક મત ચાલ્યો દુષ્કાળ પછી પેલા મુનિઓ પાછા આ યા ત્યારે તેમના ઉપદેશથી ઘણાએ પહેલાની ચર્યા ચારિત્રની ક્રિયા-ધારણ કરી અને ઘણાએ વસ્ત્રોનો ત્યાગ ન કર્યો આ મતભેદ હોવાનુ મૂળ કારણ છે એવુ દિગબરોના ભ દ્રબાહુ ચરિત્રમા લખ્યુ છે

શિષ્ય—શુ હજુ કોઇ વિશેષ મતભેદ છે કે જે જાણવો જરૂરી છે ?

ગુરૂ—દિગબર લોક તીર્થંકરોની મૂર્તિઓને ધ્યાનાકાર વસ્ત્ર

તથા અલંકાર રહિત સ્થાપિત કરે છે જ્યારે શ્વેતાંબર લોક મૂર્તિને તો ધ્યાનાકાર બનાવે છે પરંતુ તેમાં લંગોટનું ચિન્હ બનાવે છે દિગંબરી લોક તેનું કરતા નથી તથા શ્વેતાંબરી મૂર્તિના ચક્ષુ ઉપર નેત્ર જડે છે તથા આભૂષણ વિગેરે પહેરાવી મૂર્તિની સજાવટ કરે છે

શ્વેતાંબરોમાં એક સ્થાનકવાસી પંથ છે જે મૂર્તિને પૂજતા નથી તથા એમના સાધુ શ્વેતામ્બરો જેવા વસ્ત્ર રાખે છે તથા આહાર લાવે છે પરંતુ મ્હોં પર પટ્ટી બાંધે છે એમનો એવો ખ્યાલ છે કે કદીક કંઈક જન્તુ મ્હોંમાં ચાલ્યા જાય મૂર્તિ પૂજક શ્વેતાંબરો એવું કહે છે કે તે (સ્થાનકવાસી) જૈનોનું ઘણું કથન મૂર્તિપૂજક શ્વેતામ્બરોને મળતું છે

મ્હેં થોડા મતભેદ બતાવી દીધા છે જેથી દિગંબર તથા શ્વેતામ્બર પરસ્પર એક બીજાને ઓળખી લે

શિષ્ય—સ્થાનકવાસી જૈન ગ્રંથોમાં અસલ મોક્ષમાર્ગનું કંઈ વર્ણન છે? કંઈક નમૂના બતાવો જેથી દિગંબર જૈન તથા મૂર્તિ પૂજક તથા સ્થાનકવાસી જૈનોના કથનની સામ્યતા જણાય

ગુરુજી—તમારો પ્રશ્ન ઘણોજ યોગ્ય છે મને આજ જ સ્થાનકવાસી મુનિશ્રી ચોથમલજી દ્વારા સંગ્રહીત "નિર્ગ્રંથ પ્રવચન" નામનું પુસ્તક મળ્યું છે (પ્રકાશક-જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ-રતલામ વીર સંવત ૨૪૫૯) તેમાંથી કંઈક કથન બતાવું છું—

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ।
अप्पाणमेव अप्पाणं जइत्ता सुहमेहए। ८-१॥

ભાવાર્થ—આત્માની સાથેજ યુદ્ધ કર બહાર યુદ્ધ કરવાથી શું ? આત્મા દ્વારાજ પોતાને જીતવાથી સુખ પ્રાપ્ત થાય છે

रागो य दोसो विय कम्मबीयं कम्मं च मोहप्पभवं वयंति।
कम्मं च जाई मरणस्स मूलं, दुक्खं च जाईमरणं वयंति॥२७-२॥

ભાવાર્થ—રાગદ્વેષ કર્મબંધના બીજ છે આ કર્મ મોહથી બંધાય છે કર્મ જન્મ મરણનું મૂળ છે જન્મ મરણ જ દુઃખ છે એવું જ્ઞાની કહે છે

दुक्खं हयं जस्स न होइ मोहो, मोहो हओ जस्स न होइ तण्हा।
तण्हा हया जस्स न होइ लोहो, लोहो हओ जस्स न किंचणाइं॥

ભાવાર્થ—જેને મોહ નથી તેણે દુઃખનો નાશ કરી નાખ્યો જેને તૃષ્ણા નથી તેણે મોહનો નાશ કરી નાખ્યો જેને લોભ નથી તેણે તૃષ્ણાનો નાશ કરી નાખ્યો જેને ધન વિગેરે ઉપર મમત્વ નથી તેણે લોભનો નાશ કરી નાખ્યો—

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो॥ १-१॥

ભાવાર્થ—અહિંસા-સંયમ તપ આ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે જેનું મન સદા ધર્મમાં છે તેમને દેવ પણ નમન કરે છે

धम्मे हरए बंभे संति तित्थे, अणाविले अत्तपसन्नलेसे।
जहिंसि ण्हाओ विमलो विसुद्धो, सुसीतिभूओ पजहामि दोसं॥२४॥

ભાવાર્થ—મિથ્યાત્વ રહિત આત્મા આનંદકારક ધર્મરૂપી કુંડ (હ્રદ) છે અને બ્રહ્મચર્યરૂપી શાંતિમય તીર્થ (નદી) છે જેમાં સ્નાન કરવાથી આ આત્મા મળ રહિત શુદ્ધ તથા શાંત થાય છે તેથી હું આનાથી (મિથ્યાત્વથી) મારા મનને છોડાવું છું

निम्ममो निरहंकारो निस्संगो चत्तगारवो।
समो य सव्वभूएसु तसेसु थावरेसु य॥ १९-५॥

ભાવાર્થ—સાધુ તે છે જે મમતા રહિત અહંકાર રહિત, બાહ્ય તથા અંતરંગ પરિગ્રહ રહિત તથા મોટાઈપણાથી રહિત

હોય તથા ત્રસ સ્થાવર વિગેરે સર્વ પ્રાણિઓ [illegible]
સહિત હોય

नादसणिस्स नाणं, नाणेण विणा न होंति [illegible]
अगुणिस्स नत्थि मक्खो नत्थि अमुक्कस्स [illegible]

ભાવાર્થ—સમ્યગ્ દર્શન રહિતને [illegible]
સમ્યગ્જ્ઞાન વગર સમ્યક્ચારિત્ર હોતું નથી [illegible]
કર્મોથી મુક્તિ થતી નથી કર્મ રહિત થયા [illegible]
શકતું નથી

जहापउमं जले जायं नोवलिप्पइ [illegible]
एवं अलित्तं कामेहि, तं वयं बूम माहणं [illegible]

ભાવાર્થ—જેમ કમળ જળમાં રહ્યા [illegible]
લિપ્ત થતું નથી તેવી રીતે જે કામભોગોથી [illegible]
તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ

समयाए समणो होइ बंभचेरेण बंभणो।
नाणेण य मुणी होइ तवेण होइ तावसो [illegible]।

ભાવાર્થ—સમતાથી શ્રમણ સાધુ [illegible]
થાય છે જ્ઞાનથી મુનિ થાય છે, તપથી [illegible]

कम्मुणा बंभणो होइ कम्मुणा होइ खत्तिओ
कम्मुणा वइसो होइ सुद्दो होइ [illegible]

ભાવાર્થ—કર્મથી અને ક્રિયા [illegible]
ક્ષત્રીની ક્રિયાથી ક્ષત્રી હોય છે [illegible]
કર્મથી શુદ્ર થાય છે

सव्वे जीवा वि इच्छंति जीविउं [illegible]
तम्हा पाणिवहं घोरं निग्गंथा [illegible]

ભાવાર્થ—સર્વ જીવ જીવવા [illegible]
નથી તેથી નિર્ગ્રન્થ સાધુ પ્રાણી [illegible]

न कम्मणा कम्मखवेंति बाला, अकम्मणा कम्म खवेंति धीरो।
मेधाविणो लोभमया वतीता न तोसिणो नोवकरंति पाव ॥१८-१४॥

ભાવાર્થ—અજ્ઞાની કર્મોને કરતા કર્મોનો ક્ષય કરતો નથી ધીર પુરુષ ક્રિયા રહિત આત્માનુભવ દ્વારા કર્મોનો ક્ષય કરે છે લોભ રહિત સંતોષી પંડિતજન પાપ કરતા નથી

नाणस्स सव्वस्स पगासणाय, अण्णाण मोहस्स विवज्जणाए।
रागस्स दोसस्स य संखएण एगं तसोक्खं समुवेइ मोक्खं ॥२१-१८॥

ભાવાર્થ—સર્વ જ્ઞાનનો પ્રકાશ થવાથી અજ્ઞાન તથા મોહ છૂટી જવાથી રાગદ્વેષનો ક્ષય થવાથી પરમ સુખરૂપી મોક્ષની પ્રાપ્તિ થાય છે આત્મ ધ્યાન તથા અહિંસાની પુષ્ટિ આ ગાથાઓથી છે

શિષ્ય—શું દિગંબર જૈન શાસ્ત્રોમાંથી આવું કંઇક સાહિત્ય બતાવશો ?

ગુરુજી—તમારી જો ઇચ્છા હોય તો કંઇક ઉપયોગી સાહિત્ય નીચે આપવામાં આવે છે

યોગસારમાં શ્રી યોગેન્દ્રાચાર્ય કહે છે —

जो णिम्मल अप्पा मुणइ वय संजमु संजुत्तु।
त लहु पावइ सिद्धसुह इउ जिणणाहह वुत्तु ।३०।

ભાવાર્થ—જે વ્રત તથા સંયમનું પાલન કરતા નિર્મળ આત્માનો અનુભવ કરે છે તે તરત જ સિદ્ધના સુખને પ્રાપ્ત કરે છે એવું જિનેન્દ્ર કહે છે

ધમ્મરસાયણમાં શ્રી પદ્મનંદિ મુનિ કહે છે—

[illegible] कोहो जियमाणो जिय मायालोह मोहजिय मयणा।
[illegible] मच्छरो य जम्हा तम्हा नाम जिणो वुत्ता ॥१३५॥

ભાવાર્થ—જે ક્રોધ, માન માયા, લોભ મોહ મદ મત્સર નિરોધ કરે છે તે જિન છે

ज्ञानदर्शनसपन्न आत्मा चैको ध्रुवो मम ।
शेषा मावाश्च मे बाह्या, सर्वे सयोगलक्षणा ॥२४९॥

ભાવાર્થ—જ્ઞાનદર્શન સહિત એક અવિનાશી-આત્મા જ મારો છે બાકી સવ રાગાદિભાવ મારા નથી-તે કર્મ સંયોગથી ઉત્પન્ન થયા છે

आत्मान स्नापयेन्नित्य ज्ञान वारेण चारुणा ।
य न निर्मलता याति जीवो जन्मान्तरेष्वपि ॥३१४॥

ભાવાર્થ આત્માને હમેશા પવિત્ર જ્ઞાનરૂપી જળથી સ્નાન કરાવો જેથી આ જીવ જન્મ જન્મના પાપોથી છુટીને નિર્મળ થઈ જાય છે

શ્રી નાગસેન મુનિ તત્ત્વાનુશાસનમાં કહે છે—

स्वाध्यायाद्ध्यानमध्यास्ता ध्यानात्स्वाध्यायामनेत् ।
ध्यानस्वाध्याय संपत्या, परमात्मा प्रकाशते ॥८१॥

ભાવાર્થ—સ્વાધ્યાય કરતા કરતા ધ્યાનમા આવી જાઓ ધ્યાનથી છૂટો ત્યારે શાસ્ત્રનું મનન કરો ધ્યાન સ્વાધ્યાયની પ્રાપ્તિથી જ પરમાત્માનું પદ પ્રગટ થઈ જાય છે

स्वय मिष्ट न च द्विष्ट स्तिूपेक्ष्यमिद जगत् ।
नाऽहमिष्टो न च द्वेष्टो किन्तु स्वयमुपेक्षिता ॥१५७॥

ભાવાર્થ—આ જે જગત છે તે ન તો ઇષ્ટ છે કે ન તો અનિષ્ટ છે પરંતુ તે વૈરાગ્યને યોગ્ય છે હું રાગી નથી કે દ્વેષી નથી એવી ભાવના ભાવે

आत्मायत्त निराबाधमतीन्द्रियमनश्वर ।
घातिकर्म क्षयोद्भूत, यत्तन्मोक्षसुख विदु ॥२४४॥

ભાવાર્થ—સ્વાધીન બાધારહિત અતીન્દ્રિય અવિનાશી જેને મોક્ષ-સુખ કહેવામાં આવ્યું છે તે જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોના ક્ષયથી પેદા થાય છે.

શ્રી પૂજ્યપાદ સ્વામી ઇષ્ટોપદેશમાં કહે છે—

स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्यय ।
अत्यतसौख्यवानात्मा, लोकालोकविलोकिनः ॥२१॥

संयम्यकरणग्राममेकाग्रत्वेन चेतस ।
आत्मानमात्मवान् ध्यायेदात्मनैवात्मनिस्थितं ॥२२॥

ભાવાર્થ—આ આપણો આત્મા આપણા શરીરના પ્રમાણ પ્રમાણે આકાર ધારણ કરનારો, નિશ્ચય અવિનાશી, અત્યંત આનંદમય લોકાલોકનો જ્ઞાનદ્રષ્ટા સ્વાનુભવ ગમ્ય છે. ઇન્દ્રિયોના ગ્રામો (સમૂહ)ને વશ કરીને-સંયમમાં લાવીને ચિત્તને એકાગ્ર કરીને આત્મજ્ઞાની પુરૂષ પોતાનામાં જ સ્થિત થયેલા પોતાના આત્માનું જ પોતાની અંદર જ ધ્યાન ધરે. અર્થાત્ મનની એકાગ્રતાથી ઇન્દ્રિઓને વશ કરી જેણે સ્વચ્છંદ વૃત્તિનો નાશ કર્યો છે એવો પુરૂષ પોતામાં જ સ્થિત (રહેલા) આત્માનું પોતાની મેળે જ ધ્યાન ધરે.

बध्यते मुच्यते जीव, स ममो निर्मम क्रमात् ।
तस्मात्सर्व प्रयत्नेन निर्ममत्व विचिन्तयेत् ॥२६॥

ભાવાર્થ—મમતાવાળો જીવ કર્મોથી બંધાય છે અને મમતા વગરનો જીવ કર્મોથી છૂટી જાય છે. તેથી દરેક પ્રકારનો બધો પ્રયત્ન કરીને નિર્મમત્વ ભાવનું ધ્યાન કરે.

आत्मानुष्ठाननिष्ठस्य, व्यवहार बहि स्थितेः ।
जायते परमानन्द कश्चिद्योगेन योगिनः ॥४७॥

आनन्दो निर्दहत्युद्ध, कर्मेन्धनमनारतम् ।
न चासौ खिद्यते योगी, बहिर्दुःखेष्वचेतनः ॥४८॥

ભાવાર્થ—દેહ વિગેરે પદાર્થોથી હઠી જઈને પોતાના આત્મામા સ્થિત રહેવાવાળા તથા પ્રવૃત્તિ તથા નિવૃત્તિવાળા વ્યવહારથી બહાર દૂર રહેવાવાળા ધ્યાની યોગી પુરૂષને આત્મધ્યાન કરવાથી જે બીજાને અગમ્ય છે અને વચનોથી જે કહી કે વર્ણવી શકાય તેમ નથી તે અગોચર પરમ આનદ ઉપજે છે આ આનદ નિરતર કર્મરૂપ લાકડાને ઘણો જ બાળી નાખે છે એવા યોગીને બહાર દુખો પડતા હોવા છતાં તેની તેને જાણ નહિ પડવાથી ખેદ થતો નથી અર્થાત્ બહારના દુખોના પરિષહ-ઉપસર્ગ સબધીના કને ચ્યાના અનુભવ રહિત બની જાય છે જેથી તેને ખેદ-સકલેશ થતો નથી

શ્રી અમિતગતિ આચાર્ય સામાયિક પાઠમા કહે છે—

सर्वं निराकृत्य विकल्पजालं, संसारकान्तारनिपातहेतुम् ।
विविक्तमात्मानमवेक्ष्यमाणो, निलीयसे त्वं परमात्मतत्त्वे ॥२१॥

ભાવાર્થ—સસાર વનમા નાખવાવાળા સઘળા વિકલ્પોની જાળને દૂર કરીને પોતાના આત્માનો બધાથી જુદો જુદો અનુભવ કરતો હવે તુ એક પરમાત્મના સ્વરૂપમા લીન થા

વૈરાગ્ય-મણિમાલામા શ્રીચદ્રજી કહે છે—

मुञ्च परिग्रहवृन्दमशेषं, चारित्रं पालय सविशेषम् ।
कामक्रोधनिपीलनयन्त्रं, ध्यानं कुरु रे जीव पवित्रम् ॥२३॥

ભાવાર્થ—હે જીવ! સર્વ પરિગ્રહ સમૂહને ત્યજી દઈને યથાર્થ ચારિત્રને પાળ કામ ક્રોધને દૂર કરવા માટે યન્ત્ર સમાન પવિત્ર ધ્યાન કર

विरमविरम बाह्यादिपदार्थे रम रम मोक्षपदे च हितार्थे ।
कुरु कुरु निजकार्यं च वितंद्र मरमर केवलबोधयतींद्र ॥
मुंच मुंच विषयाऽमिषभोग लुंप लुंप निजतृष्णारोग ।
रुंध रुंध मानसमातंग धर धर जीवविमलतरयोग ॥६९॥

ભાવાર્થ—બાહ્ય સર્વ પદાર્થોથી વિરક્ત થા, વિરક્ત થા પરમ હિતકારી મોક્ષ પદમાં રમણ કર રમણ કર આળસ ત્યાગીને આત્મીક કાર્યને કરીને કરીને કેવળજ્ઞાનને ધારણ કરનાર અરહંત ભગવાન થઈજા ઇન્દ્રિઓની અભિલાષાઓ (ઇચ્છાઓ) રૂપી માંસના ભોગને છોડીદે છોડીદે તારી અંદરના તૃષ્ણામયી રોગને દૂર કર દૂર કર મનરૂપી હાથીને રોક રોક અત્યંત વિમળ યોગાભ્યાસને ધારણ કર ધારણ કર

શ્રી દેવસેન આચાર્ય તત્ત્વસારમાં કહે છે—

झाणेण कुणउ भेयं पुग्गलजीवाण तह य कम्माण ।
घेत्तव्वो णियअप्पा सिद्धसरूवो परो बम्भो ॥२५॥

ભાવાર્થ—ધ્યાન દ્વારા પુદ્ગળથી તથા કર્મોથી પોતાના જીવને ભિન્ન કરીને પોતાના જ સિદ્ધ સ્વરૂપી પરમ બ્રહ્મરૂપ આત્માને ગ્રહણ કરવો જોઈએ

सयलवियप्पे थक्के उप्पज्जइ को वि सासओ भावो ।
जो अप्पणो सहावो मोक्खस्स कारणं सोहु ॥६१॥

ભાવાર્થ—મનના સર્વ વિકલ્પો રોકાઈ ગયા બાદ કોઈ એક અવિનાશી ભાવ પેદા થાય છે જે આત્માનો સ્વભાવ છે તે જ મોક્ષનું કારણ છે

દ્વાદશી ગાથામાં એક આચાર્ય કહે છે—

मण रोहेण य रुद्ध घरणगुह सुहरिणो य णिग्गन्थो ।
णिग्गन्थो अस्माओ अस्माओ हिमओ णत्थि ॥७॥

ભાવાર્થ—મનને રોકવાથી દુઃખ સુખ રોકાઈ જાય છે નિશ્ચયજ સુખી છે જે કષાય રહિત છે તે જ નિર્ગ્રંથ છે જે કષાય રહિત છે તે હિંસક થતા નથી

जो जाणइ अरहन्तो दव्वत्य गुणत्त्य वज्ज यत्तेहिं ।
सो जाणइ अप्पाण मोहो खलु जाइ तस्स लय ॥३८॥

ભાવાર્થ—જે શ્રી અરહંત ભગવાનને દ્રવ્ય ગુણ પર્યાય દ્વારા સમજે છે તે પોતે પોતાને સમજે છે તેનો મોહ અવશ્ય દૂર થઈ જાય છે જ

झाणेण निना ओई असमत्थो होई कम्मणिद्दहणे ।
दाणदहरिविहीणो जह मीहो वरगयदाण ॥७॥

ભાવાર્થ—યોગી ધ્યાન વગર કર્મ બાળી નાખવા એવી રીતે અસમર્થ છે જેવી રીતે દાત (દાંત) તથા નખ વગરનો સિંહ મોટા મોટા હાથીઓને વશ કરી શકતો નથી

આત્માનુશાસનમાં શ્રી ગુણભદ્ર આચાર્ય કહે છે—

ज्ञानस्वभाव स्यादात्मा स्वभावावाप्तिरच्युति ।
तस्मादच्युतिमाकाङ्क्षन् भावयेत् ज्ञानभावनाम् ॥१७०॥

ભાવાર્થ—આત્મા શુદ્ધ જ્ઞાન સ્વભાવી છે પોતાના (આત્માના) સ્વભાવની પ્રાપ્તિ મોક્ષ છે તેથી મોક્ષના અર્થીએ જ્ઞાન ભાવના ભાવવી જોઈએ

रागद्वेषौ प्रवृत्तिः स्यान्निवृत्तिस्तन्निषेधनम् ।
तौ च बाह्यार्थसम्बद्धौ तस्मात्तांश्च परित्यजेत् ॥२३७॥

ભાવાર્થ—રાગદ્વેષ જ પ્રવૃત્તિ છે તેને હટાવવા તે નિવૃત્તિ છે આ રાગદ્વેષ બાહ્ય પદાર્થોના સંબંધથી થાય છે તેથી તેમનો પણ ત્યાગ કર

શ્રી અમૃતચંદ્ર આચાર્ય સમયસાર કલશમાં કહે છે—

व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः ।
तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तन्दुलम् ॥४९ १०॥

ભાવાર્થ—જે માણસ વ્યવહારમાં જ મૂર્ખતાથી મગ્ન છે તે નિશ્ચય તત્ત્વનો અનુભવ કરતો નથી—જે ભૂસું ને તેમાં મૂર્ખ છે તે છોતરાં જ ચોખા સમજે છે તે ચોખાને ચોખા જાણતો નથી

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः ।
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम् ॥
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं ।
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि ॥१०७॥

ભાવાર્થ—કોઈ મોક્ષ વિરોધી કઠિન કઠિન ક્રિયાકાંડથી પોતે ક્લેશ ઉઠાવવાનો યત્ન કરતો હોય તો કરવા દો—આ મોક્ષમાં સાક્ષાત્ પોતાનું જ (આત્માનું જ) એક અવિનાશી પદ છે પોતાની જ મેળે પોતાના અનુભવમાં આવવાવાળું છે તથા તે શુદ્ધજ્ઞાનમયી છે તે કોઈ પણ આત્મજ્ઞાનરૂપી ગુણવિના પ્રાપ્ત કરવાને સમર્થ થઈ શકતો નથી

તે જ અમૃતચંદ્ર આચાર્ય પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયમાં કહે છે—

अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति ।
... ति जिनागमस्य संक्षेपः ॥४४॥

ભાવાર્થ—રાગ આદિ ભાવોનુ પ્રગટ ન થવુ તે જ અહિંસા છે તથા તેનું પ્રગટ થવુ તે હિંસા છે આ જિન આગમનો સાર છે

શ્રી પૂજ્યપાદ સ્વામી સમાધિશતકમા કહે છે—

स्वबुद्धया यावद् गृह्णीयात् कायवाक् चेतसा त्रयम् ।
ससारस्तावदेतेषा भेदाभ्यासे तु निर्वृत्ति ॥६२॥

ભાવાર્થ—જ્યાસુધી મન વચન અને કાયા આ ત્રણને આત્માનો સ્વભાવ માનવામાં આવશે યાને પોતાનો માનવામા આવશે ત્યાસુધી જ સસાર છે આ ત્રણના ભેદ વિજ્ઞાનના અભ્યાસથી મોક્ષ થઈ જાય છે

શ્રી પદ્મનદિ મુનિ નિશ્ચય પચાશતમા કહે છે—

शुद्धाच्छुद्धमशुद्ध ध्यायन्नाप्नोत्यशुद्धमेव स्वम् ।
जनयति हेम्ना हैम लोहाल्लोह नर कटकम् ॥१८॥

ભાવાર્થ—જે માણસ શુદ્ધ આત્માનુ ધ્યાન કરે છે તે પોતાને શુદ્ધ સ્વરૂપમા બનાવી દે છે જે અશુદ્ધ સ્વરૂપનુ ધ્યાન ધરે છે તે અશુદ્ધ આત્માને જ પામે છે જેવી રીતે સોનાથી સોનાના કડા અને લોઢાના કડા બને છે તેમ

अहमेव चित्स्वरूपश्चिद्रूपस्याश्रयो मम स एव ।
नान्यम् किमपि जडत्वात् प्रीति सदृशेषु कल्याणी ॥४१॥

ભાવાર્થ—હુ જ ચૈતન્ય સ્વરૂપ છુ મને ચૈતન્ય સ્વરૂપમાં જ એક આશ્રય છે અને તેના સિવાય બીજુ કઈ આશ્રય યોગ્ય નથી કારણ કે બધા જડ છે ચેતને ચેતનમાજ પ્રીતિ કરવી જોઇએ, સરખે સરખામા જ પ્રીતિ સુખદાયક હોય છે

શિષ્ય—શું આ બધા મતભેદ દૂર થઈ શકે તેમ નથી ? શું એક પ્રમારનો જૈન ધર્મ થઇ શકે તેમ નથી ?

ગુરુજી—હું તમને બતાવી ગયો છું કે દિગંબર શ્વેતાંબર નિશ્ચય મોક્ષ માર્ગ એક સરખો જેવો જ છે બધા જ આત્મ ધ્યાનમાં તથા નિર્વિકલ્પ સમાધિમાં જ મોક્ષ માને છે બધા જ અહિંસાને જ ધર્મ માને છે વ્યવહારમાં ઘણો થોડો મતભેદ છે

જો દિગંબર મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી ત્રણેયના વિદ્વાન તથા માનનીય ગુરુપક્ષ આગ્રહ તથા પરંપરાનો ત્યાગ કરીને સામ્ય ભાવથી સમજુતિ કરે અને એ વિચારે કે નિશ્ચય મોક્ષ માર્ગ સાધવા યાને પ્રાપ્ત કરવા માટે કેટલો વ્યવહાર માર્ગ રાખવામાં આવે તો એ નક્કી થઈ શકે છે અને એક જ પ્રકારનો વ્યવહાર માર્ગ પણ રહી શકે છે નિર્ણય ઘણો જલ્દીથી થઈ શકે છે નિષ્પક્ષ વિદ્વાનના સમ્મેલનની જરૂરીઆત છે પરંતુ જ્યાંસુધી એમ ન બને તો ભણેલા-ગણેલા ભાઇઓએ નિશ્ચય ધર્મ સમજી પોતાનું અંતઃકરણ કબુલ કરે તેટલો તેના સાધનરૂપ વ્યવહાર ધર્મ પાળવો જોઇએ અને જે વ્યવહાર ધર્મ પોતાને ગળે ન ઉતરે-પોતાને કબુલ ન હોય-તેના તરફ માધ્યસ્થભાવ યાને રાગદ્વેષ રહિત ભાવ રાખવો જોઇએ કારણકે થો઼ડું જાણનારાઓની બુદ્ધિ બધા વિષયોમાં એક સરખી હોઇ શકતી નથી જુદી જુદી અપેક્ષાઓથી જુદા જુદા વિચાર કરી શકાય છે

આથી શ્રી અમિતગતિ આચાર્ય મહારાજે તથા ઉમાસ્વામી મહારાજે ચાર ભાવનાઓ રાખવાની આજ્ઞા કરી છે જેમાં જેની સંમતિ ન હોય તે બાબત તરફ માધ્યસ્થભાવ રાખવાની આજ્ઞા છે, દ્વેષભાવ કરવાનો નથી જુઓ કહ્યું છે —

सत्वेषु मैत्री गुणेषु प्रमोदम्, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।

॥ विपरीतवृत्तौ, सदा ममात्मा

અર્થ—હે ભગવન્, મારો આત્મા સર્વ પ્રાણી માત્ર ઉપર મૈત્રીભાવ રાખે ગુણવાન ઉપર પ્રમોદ (આદર) ભાવ રાખે, દુખી જીવો પ્રત્યે દયાભાવ રાખે અને વિપરીત સ્વભાવવાળાઓ પ્રત્યે માધ્યસ્થભાવ રાખે

શિષ્ય—મને આપની પાસેથી ઘણોજ લાભ થયો છે હું આપને કેટલો ધન્યવાદ આપુ ? હવે કૃપા કરીને એ બતાવો કે જૈનધર્મ તથા બૌદ્ધ ધર્મમાં શી સામ્યતા છે અને શો મતભેદ છે બૌદ્ધોની સંખ્યા દુનિયામાં ઘણી છે તથા તે ઘણાજ પ્રસિદ્ધ છે

શ્વેતામ્બર મત વિચાર સંબંધી વિશેષ જાણવાની ઇચ્છા વાળાએ પંડિત ટોડરમલજી કૃત મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યાય પાંચમો વાંચી જવો



અધ્યાય દશમો

જૈનધર્મ તથા બૌદ્ધધર્મ

ગુરુજી—મેં બૌદ્ધોના પાલી ભાષાનાં પુસ્તકો તથા અંગ્રેજી ભાષા દ્વારા તથા તેમના અંગ્રેજી દફતરો વાંચ્યા છે તે ઉપરથી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે ગૌતમબુદ્ધે કંઈ નવો મત ચલાવ્યો નહતો. જૈનમતનો એક એવી સરળ તથા પ્રચલિત પદ્ધતિથી ઉપદેશ કર્યો કે જેથી લોકો તેને ઘણા જલદી સમજી ગયા. જૈનમત જ આમ સ્વરૂપમાં બૌદ્ધ ધર્મના રૂપમાં પ્રચલિત થયો.

ગૌતમબુદ્ધના ભાવમાં જૈન તત્ત્વજ્ઞાન જ ભરેલું હતું જેને તેમણે બીજા રૂપથી પ્રકાશ કર્યું. ગૌતમબુદ્ધે ઘર છોડ્યા બાદ પોતાની ૨૯ વર્ષની ઉમરથી ૩૫ વર્ષની ઉમર સુધી વચમાં ૭ વર્ષ જૈન મુનિપણું પણ રહ્યા. જૈન મુનિની ક્રિયાઓ પાળી. ૩૫ વર્ષની ઉમરે ગયાજીમાં જઈને તેમણે જૈન મુનિની ક્રિયાઓને કઠણ સમજી અન્ય તથા મધ્યમ માર્ગ પ્રચલિત કર્યો. દિગંબર જૈનોના 'દર્શનસાર' ગ્રંથથી પ્રસિદ્ધ છે કે શ્રી પાર્શ્વનાથ સ્વામીની પરંપરા સંપ્રદાયમાં શ્રી પિહિતાસ્રવ મુનિ થઈ ગયા છે. તેમના શિષ્ય ગૌતમબુદ્ધ થયા અને નગ્ન રહીને તપસ્યા કરી.

પિહિતાસ્રવ મુનિ ઘણા પ્રસિદ્ધ હતા. યુનાન દેશમાં પ્રસિદ્ધ એક તત્ત્વજ્ઞાની પેથાગોરસ-પિથાગુરુ યાને પિહિતગુરુ થઈ ગયા છે તે પણ શાકાહારી હતા. 'જૈન ગેઝેટ' અંગ્રેજી જુલાઈ ૧૯૩૩ માં એક લેખ ડૉ૦ ચારલોટ ક્રાઉઝે લખેલો છે, તેથી માલુમ પડયું કે આ તત્ત્વજ્ઞાની ઇસ્વીસન્ પહેલાં ૫૮૦ વર્ષ પહેલાં યુનીયન સીના સોચાસ ગામમાં જન્મ્યા હતા તથા તેમણે જગતની મુસાફરી કરી હતી અને ભારતમાં પણ આવ્યા હતા. પછી પાછા ફરીને દક્ષિણ

ઇટાલીના ક્રોટોના નગરમા સ્થિર થયા ત્યાનો રાજા નૂમા પોમ્પિલયસ તેમનો શિષ્ય બન્યો છે

લેટિન ભાષાના કવિ ઓવિદ' સને ૧૮ મા થયા છે તેમણે આ પિથાગુરસનુ ચરિત્ર તથા તેમની શિક્ષાઓ નામના પુસ્તકમા આપી છે સમિયાના સાધુ તરીકે પ્રસિદ્ધ હતા એક વ્યાખ્યાનનો અગ્રેજીમા ફકરો આ જૈન ગેઝેટમા આપ્યો છે કે જે વ્યાખ્યાન પિથાગુરસે ઇટાલીના રાજા નૂમાને આપ્યુ છે તે વાચવાથી એમા સદેહ રહેતો નથી કે તેમનુ તત્ત્વજ્ઞાન જે જૈનોનુ હતુ તે હતુ તેમાના કઇક વાક્યો નીચે આપવામા આ યા છે આ પિથાગુરુ એજ પિહિતાશ્રમ મુનિ હોવાનો ઘણો સભવ છે

૧ મરણ થતા શરીર નાશ પામશે પણ આત્મા કદી મરી શકતો નથી આત્માઓને પુરાણુ ઘર છોડીને નવા ઘરમા જવુ પડે છે

૨. સર્વ વસ્તુઓ પરિણમનશીલ છે કોઇનો સર્વથા નાશ થતો નથી. આત્મા પશુમાથી માનવ તથા માનવમાથી પશુ બની જાય છે તે કદી મરતો નથી જેવી રીતે મીણ જુદા જુદા સ્વરૂપોમા બદલી શકાય છે તો પણ મીણ તો તેટલુજ કાયમ રહે છે તેવી રીતે ભિન્ન ભિન્ન પર્યાયોમા ભિન્ન ભિ ન સ્વરૂપોને રાખતા હમેશા તે તો કાયમજ રહે છે

નોટ—આ વાક્યાથી એ વાત સાફ સાફપણે જણાય છે કે પિથાગુર ક ર્મને નિત્ય તથા અનિત્ય માનતા હતા અને આત્માને એક પ્રકારનો આકારધારી બનીને સકોચ વિસ્તાર કરવાવાળો મીણ જેવો જાણતા હતા આ જૈનોના વિશષ સિદ્ધાત છે

૩ પોતાની જીભના લોભથી ધર્મનો લોભ ના કરો, આપણા સાથી પ્રાણીઓની હિસા ના કરો રૂધિર (વાતી) લગ્નને આનદ ન કરો

જ્યારે ગૌતમબુદ્ધ ૩૫ વર્ષના હતા ત્યારે શ્રી મહાવીર ભગવાન ૩૧ વર્ષના હતા અને તપ અવસ્થામાં હતા. કારણ કે ૩૦ વર્ષની ઉમરે દીક્ષા ગ્રહણ કરી હતી અને ૧૨ વર્ષ તપ અવસ્થાના શરૂ થઇ ગયા હતા તે પુરાં થયે ગૌતમબુદ્ધ ૪૭ વર્ષની ઉમરના હતા

શિષ્ય—ગૌતમબુદ્ધ ઘર છોડયા બાદ જૈન મુનિની તપસ્યા પાળ્યાનું કથન શું પાલી ગ્રંથોમાં મળે છે?

ગુરુ—મજ્ઝિમનિકાય પાલી ગ્રંથના બારમા મહાસીહ નાદ સુત્તમાં નીચે લખેલાં વાક્યોથી દિગંબર જૈન મુનિ હોવાનું સિદ્ધ છે—

अचेलको होमि हत्थापलेखनो नाभिहतं न पप उद्दिस्सकतं न निमन्तं न सादियामि नग भनिया न पापमानगा न पप मस्सिरा सड मड चारिनी। न मच्छं न मासं न सुरं न मेस्य न थुसोदकं पिवामि। सो एकागारिको वा होमि एका लोपिको, द्वागारिको होमि, द्वालोपिको सत्तागारिको वा होमि सत्तालोपिको, एकाहपि आहारं आहारमि, द्वीहिकंपि आहारं आहारमि, सत्ताहिकं पि आहारं आहारमि। इति एवरूप अद्धमासिकंपि परियायभत्त भोजनानुयोग अनुयुत्तो विहरामि। केसमस्सुलोचको पि होमि याव उदुबिन्दुम्हि पि मे दया पच्चुपट्ठिता होति मा हं खुद्दके पाणे पि समगते सघातं आपादेस्सं ति।

सो तत्तो सो सीनो एको भिंसनके वने।
नग्गो न च अग्गि आसिनो एसनापसुतो मुनीति॥

ભાવાર્થ—હું વસ્ત્ર રહિત રહ્યો, હાથ ઉપર ભોજન કરતો હતો લાવેલું ખાતે ન હતો ઉદ્દિષ્ટ મારા નિમિત્તે કરાવેલું ભોજન

ખાતો ન હતો તેમજ નિમંત્રણથી ખાતો ન હતો. ગર્ભિણી સ્ત્રી તથા ધાવણ ધવરાવનારી સ્ત્રીના હાથનું ખાતો ન હતો. જ્યાં માખીઓ બણબણ કરતી ત્યાં ખાતો ન હતો. માછલી માંસ ખાતો ન હતો. મદિરા તથા ધાન્યનું પાણી પીતો ન હતો. કોઈ એક ઘરથી એક કોળીઓ ખાતો હતો. કદી બે ઘેર જવાનો નિયમ કરી બે કોળીઆ ખાતો હતો. તેજ પ્રમાણે સાત ઘેર જવાનો નિયમ કરી સાત કોળીઆ સુધી ખાતો. કોઈ એક દીનના આંતરે તો કોઈ બે દીવસના આંતરે આહાર લેતો હતો, તો કદી પંદર દિવસ પછી આહાર કરતો હતો.

આ પ્રમાણે વિહાર કરતો હતો. માથાના વાળનો તથા દાઢીના વાળનો હાથથી કેશલોચ (વાળ ખૂંટી નાખવા) કરતો હતો. પાણીના એક બુંદ (ટીપું)નો પણ ઘાત ન કરું એવી મારામાં દયા હતી. મારાથી કોઈ સૂક્ષ્મ પ્રાણીનો પણ ઘાત ન થાય તેનું ધ્યાન રાખતો હતો. ગર્મી શરદી ભયાનક વનમાં નગ્ન રહેતો હતો. તાપણીએ તાપતો ન હતો. ધ્યાનમાં મગ્ન મુનિ હતો.

આ બધું દિગંબર મુનિનું ચારિત્ર શ્રી વટ્ટકેરસ્વામી કૃત મૂલાચાર દિ. જૈન ગ્રંથમાં મળે છે. યાન જોઈ શકાય છે.

જે કંઈ સિંહનાદ સૂત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે તથા ગૌતમબુદ્ધે ઘર છોડયા બાદ બુદ્ધ થયા પહેલાં પાળ્યું હતું તે સંબંધમાં પૂછતાં એક વિદ્વાન બૌદ્ધ ભીક્ષુ શ્રીયુત નારદથેર વજીરાય આશ્રમ વજિરારામ બંબલપિટિયા (સીલોન) પોતાના તારીખ ૫ મે સન્ ૧૯૩૩ ના લખે છે—

ભાવાર્થ—મેં સિંહનાદ સૂત્ર જોયું. હું એ વાત સાથે મળતો છું કે તે સર્વ ક્રિયાઓ બોધિ સત્ત્વએ ઘર છોડયા બાદ કરી હતી. બીજી જગ્યાએ લખ્યું છે કે તેમનો આ તપસ્વાઓના અભ્યાસ એવા સમયે કરવામાં આવ્યો હતો કે તેઓ જ્યારે બુદ્ધ ન થયા

(બુદ્ધત્વ પ્રાપ્ત કરવાને માટે) પ્રયત્ન કરી રહ્યા હતા. એવું અનુમાન કરવામાં આવે છે કે ગૌતમબુદ્ધે શક્તિથી અધિક તપ કરી લીધું હતું. જૈન શાસ્ત્રોની આજ્ઞા છે કે શક્તિ અનુસાર હોય તેટલું બાહ્ય તપ કરે કે જેથી આત્મામાં આનંદ વર્તે, કલેશભાવ પેદા ન થાય. આત્મધ્યાનની સિદ્ધિને માટે બાહ્ય તપ કરવામાં આવે છે. જેમ શ્રી અમૃતચંદ્ર આચાર્ય પુરૂષાર્થ સિદ્ધયુપાયમાં લખે છે—

चारित्रान्तर्भावात् तपोऽपि, मोक्षागमागमं गदितम् ।
अनिगूहितनिजवीर्यैस्तदपि, निषेव्य समाहितस्वान्तैः ॥१९७॥

ભાવાર્થ—તપ પણ ચારિત્રની અંદર ગર્ભિત છે. આગમમાં આને પણ મોક્ષમાર્ગ કહ્યો છે. પોતાના મનને સમતાભાવમાં રાખવાવાળાઓએ પોતાની શક્તિ અનુસાર પાળવું જોઈએ. વધારે તપ કરવાથી ગૌતમબુદ્ધના મતમાં એ બાહ્ય કઠણ તપથી આકુળતા થઈ ગઈ. તેમની સમજમાં એમ આવ્યું કે વસ્ત્ર રાખીને બાહ્ય સુગમ માર્ગ ઉપર ચાલતા પણ આત્માનું ધ્યાન થઈ શકે છે. તેથી ગૌતમ બુદ્ધની પાલી ભાષામાં પુસ્તકોમાં લખ્યું છે કે બુદ્ધ પોતાની ૩૫ વર્ષની ઉંમરમાં મધ્યમ માર્ગનો ઉપદેશ સૌથી પહેલાં બનારસ સારનાથમાં આપ્યો કે જ્યાં શ્રી શ્રેયાંસનાથ અગીઆરમાં જૈન તીર્થંકરની જન્મભૂમિ છે.

બુદ્ધના અંતરંગમાં જૈન તત્ત્વજ્ઞાન ભર્યું હતું તેને તે પોતે જાણતા હતા અને તેનો ઉપદેશ તેમણે એવી સુગમરીતે કર્યો કે જનતાએ તેને સુગમ સમજીને તરત જ તેને ગ્રહણ કરી લીધો—અને બૌદ્ધમતનો પ્રચાર ભારતમાં તથા વિદેશોમાં ઘણો જ વધારે ફેલાઈ ગયો—આજ આ મતને માનવાવાળા ૪૦ અગર ૫૦ કરોડ આ જાણીતી દુનિયામાં હો. તેમના સૌથી પુરાણા ગ્રંથ પાલી ભાષાના છે કે જે પહેલી શતાબ્દીમાં સીલોનમાં લખવામાં આવ્યા હતા.

આ વાક્યોથી સિદ્ધ છે કે નિર્વાણ અસ્તિરૂપ છે કોઇ ત્યાં એવો છે જે જ મ્યો નથી મરશે નહિ કે જે અનુભવ ગમ્ય છે તથા આનંદમય છે આમાથી એ સાર નીકળે છે કે તે એક પરમાત્મા પદ છે આત્માનો સ્વાભાવિક ભાવ છે સર્વ સંસ્કારોથી છૂટી જતા જે કઇ ન (બાકી) રહી જાય છે તેજ મોક્ષ છે જે શુભ હતુ તેનો પ્રકાશ થઇ જાય છે એવુ જ સ્વરૂપ જૈનાચાર્યોએ મોક્ષનુ બતલાવ્યુ છે

શ્રી સમન્તભદ્ર આચાર્યે રત્નકરણ્ડ શ્રાવકાચારમા કહ્યુ છે—

शिवमजरमरुजमक्षयमव्याबाध, विशोकभयशङ्क ।
काष्ठागतसुखविद्याविभव, विमलं भजन्ति दर्शनपूता ॥४०॥

ભાવાર્થ—નિર્મલ સમ્યક્તી જીવ એવા નિર્વાણને પામે છે કે જે શિવ (કલ્યાણકારી) છે અજર છે રોગ રહિત છે અક્ષય છે અવ્યાબાધ છે શોક ભય તથા શંકાથી શૂન્ય અર્થાત્ રહિત છે, ઉત્કૃષ્ટ સુખ તથા જ્ઞાનની વિભૂતિ સહિત છે તથા નિર્મલ છે

આત્માનુ સ્વરૂપ—

નિર્વાણનુ એ પ્રમાણે સ્વરૂપ માનતા એ સ્વસિદ્ધ છે કે આત્માનું અસ્તિત્વ માનવામા આવ્યુ છે જો કોઇ પદાર્થ નહિ હોય તો નિર્વાણ કોને થશે? મજ્ઝિમકાયના પ્રથમ સૂત્ર મૂલ પરિયાયને વાચવાથી એ વિદિત થશે કે સર્વ પૃથ્વી વિગેરે પદાર્થ તથા ક્ષણિક જ્ઞાન સુખ વિગેરેથી રહિત જે છે તેના ઉપર લક્ષ આપવામા આવ્યુ છે તેના કેટલાક વાક્ય છે—

"अरियधम्मस्स अकोविदो पथवीं पथवितो संजानाति - पथविं मे ति मञ्ञति अपरिञ्ञातं तस्स योपि सो अरह

दीपसरणो [illegible] सम्मदञ्ञाविमुत्तो पजानि मेति न मञ्ञति ।"

ભાવાર્થ—જે આર્ય ધર્મને જાણ[illegible] [illegible] પૂરી જાણે છે, [illegible] પોતાની [illegible] તેને જ્ઞાન નથી જે કોઈ [illegible], [illegible] છે, [illegible] છે તે [illegible] છે તેનું [illegible] નથી

મજ્ઝિમ નિકાય (સુ[illegible] ૧૦[illegible] [illegible] વાક્ય [illegible]

तस्मादिह आनन्द अत्तदीपा विहरथ अत्तसरणा ।
अनञ्ञसरणा धम्मदीपा धम्मसरणा अनञ्ञसरणा ॥

ભાવાર્થ—આથી હે આનંદ! આત્મારૂપી દીપમાં વિહાર કર, આત્મ જ શરણ છે બીજું કોઈ શરણ નથી. ધર્મજ [illegible] ધર્મજ શરણ છે બીજું [illegible] શરણ નથી

બુદ્ધ પાલી સાહિત્યમાં સ્પષ્ટ આત્માનું વર્ણન [illegible] સંસ્કારને અનિત્ય બતાવીને તથા નિર્વાણને [illegible] અમર બતાવીને સિદ્ધ કર્યું છે કે જે નિર્વાણરૂપ [illegible] છે જૈન સિદ્ધાંત પણ એ પ્રમાણેજ માને છે કે [illegible] નિર્વાણ એક અનુભવ-ગોચર પદાર્થ છે, આ [illegible]

સમાધિશતકમાં પૂજ્યપાદ સ્વામી કહે છે—

यत्परैः प्रतिपाद्योऽहम् यत्परान् प्रतिपादये
उन्मत्तचेष्टित तन्मे यदह निर्वि[illegible]

આત્મા નિર્વિકલ્પ છે ગૌતમબુદ્ધે પણ સંયુત્તિનિકાય અવ્યક્તિ સૂત્ર નં ૧૦ મા વચ્છગોત્ર પરિવ્રાજકના આત્મા સબંધી પ્રશ્ન પૂછતા મૌન ધારણ કર્યું છે તે પાલી વાક્યોનો ભાવ આ છે કે— એક વખત વચ્છગોત્ર પરિવ્રાજકે ભગવાન ગૌતમને પ્રશ્ન પૂછ્યો કે શું આત્મા છે? ભગવાન મૌન રહ્યા ફરી તેણે પૂછ્યું—શું આત્મા નથી? ફરી પણ ભગવાને કહ્યું કે જો હું આત્મા છે એમ કહું તો અનિત્યવાદીનો સાથી થાઉં આ કથનથી એ વાત બિલ્કુલ સાફ છે કે જેવી રીતે જૈનો આત્માને નિત્ય તથા અનિત્ય ઉભયરૂપ જુદી જુદી અપેક્ષાઓથી માને છે તેવા પ્રકારની માન્યતા ગૌતમ બુદ્ધની હતી જો તે જડવાદી હોત તો તેનું તે કદી ન કહેત મૌન રહેવાથી ગૌતમબુદ્ધે એ બતાવી દીધું હતું કે આત્મા એ વચનોનો વિષય નથી અનુભવનો વિષય છે

(૩) મોક્ષનો માર્ગ—જૈન સિદ્ધાંતમા સમ્યગદર્શન, સમ્યગ્ જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રને મોક્ષમાર્ગ માન્યો છે તેવી રીતે બૌદ્ધપાલી સાહિત્યમા આઠ પ્રકારનો મોક્ષમાર્ગ માન્યો છે, જે જૈનોના રત્નત્રયમા ગર્ભિત થઇ જાય છે મજ્ઝિમનિકાયના નવમા સમ્માદિટ્ઠિ સૂત્રમા કહ્યુ છે—

'अयमेव अरियो अट्ठगिको मग्गो आसवनिरोधगामिनी पटिपदा सेय्यथिद–सम्मादिट्ठि, सम्मासकप्पो, सम्मावाचा, समक्कमन्तो, संमाआजीवो संमावायामो, समासति संमा समाधि ।"

ભાવાર્થ—હે આર્યો, આસ્રવને રોકવાનો ઉપાય એ આ આઠ પ્રકારનો માર્ગ છે—૧ સમ્યક્ દૃષ્ટિ ૨ સમ્યક્ સકલ્પ ૩ સમ્યક્ વચન ૪ સમ્યક્ કર્મ ૫ સમ્યક્ આજીવિકા ૬ સમ્યક્ વ્યાયામ ૭ સમ્યક્ સ્મૃતિ ૮ સમ્યક્ સમાધિ જૈનોએ માનેલુ સમ્યગ્

વિભાવોથી ચિત્તને હટાવે છે આ ધર્મોથી ચિત્તને હટાવવુ તથા અમરધામ અર્થાત્ મોક્ષપ ની તરફ ચિત્તને લગાવે છે

આ નિર્વાણ જ શાત છે ઉત્તમ છે, કે જ્યા સર્વ સસ્કાર શાત થઈ જાય છે સર્વ ઉપાધિ દૂર થઇ જાય છે તૃષ્ણાનો ક્ષય થઈ જાય છે વીતરાગતા પ્રગટ થાય છે આશ્રવોનો નિરોધ થઈ જાય છે આ પ્રમાણે આ આભાવમા રહેનો આશ્રવોનો ક્ષય કરી નાખે છે

दग्वनिकाय (३) ३३ संगीत सुत्तत ।

આમા કથન છે કે એક બ્રહ્મચર્ય છે બે ધર્મ સ્મૃતિ તથ સમાધિ બળ છે, અગર વિદ્યા તથા વિમુક્તિ છે યા તો ઇન્દ્રિઓનો નિગ્રહ તથા ભોજનમા માત્રારૂપ (પ્રમાણરૂપ) સયમ છે યા તો આ વિદ્યા તથા તૃષ્ણાનો ક્ષય છે યા તો નામ-રૂપનો વિયોગ છે

ત્રણ ધર્મ છે—મોહ લોભ તથા દ્વેષનો ક્ષય—

ચાર ધર્મ છે—શીલ સમાધિ, પ્રજ્ઞા તથા વિમુક્તિ

દશ વિભાવ ધર્મ છે—૧ પ્રાણાતિપાત ૧ અદત્તાદાન (ચોરી) ૩ કામેસુ મિથ્યાચાર (કામ ભાવ) ૪ મૃષાવાદ ૫ પિસુન વચન (ચુગલી) ૬ પરૂષા વચન (કઠોર વચન) સમ્યફલ આલાપ (વૃથા બકવાદ) અભિજ્ઝા (લોભ), વ્યાપાદ (ક્રોધ) મિથ્યાદષ્ટિઓ આ બધાથી વિરક્ત રહેવુ જોઇએ—

(૪) કર્મ બન્ધ—જેવી રીતે જૈનોમા કર્મોના આશ્રવ અર્થાત્ આવવાના ભાવોનુ વર્ણન છે તેવુ લૌસોના પાની સૂત્રમા છે

મજ્ઝિમનિકાય નુ પહેલુ સૂત્ર જ આશ્રવ સૂત્ર છે તેમા આ પ્રમાણે વર્ણન છે કે કામ ભાવ અથવા અવિદ્યાના ભાવ આશ્રવ છે મિથ્યાદષ્ટિ આશ્રવ છે અર્થાત્ પોતાને નિર્વાણરૂપ નહિ માનતાં

અન્યથા રૂપ માન્યુ પાંચ ઇન્દ્રિઓમા આસક્તપણુ-ક્રોધ વિગેરે ભાવ આશ્રવ છે

આશ્રવને રોકવા માટે જેવો સંવર શબ્દ જૈન શાસ્ત્રોમા આવે છે તેવી જ રીતે આ આનવસુત્રમા સંવરનુ તેવુ જ કથન છે નમૂનો—

"इध भिक्खवे भिक्खु परिसंखा योनिसो चक्खुन्द्रिय संवर सवुतो विरहति। यं हि-स्स भिक्खवे चक्खुन्द्रिय संवर असंवुत्तस्स विरहतो उप्पज्जेय्यु आसवा विघात परिलाहा चक्खुन्द्रिय संवर संवुत्तस्स विरहतो एव सते आसवा विघात परिलाहा न होति।"

ભાવાર્થ—હે ભિક્ષુઓ જે ભિક્ષુ આશ્રવના કારણોને ધ્યાનમા રાખતા ચક્ષુ ઇન્દ્રિયને રોકીને વિહાર કરે છે તે ચક્ષુ ઇન્દ્રિયને ન રોકતા વિહાર કરવાથી જે ઘાતક આશ્રવ થાય છે તે થતા નથી તેનો સંવર થઈ જાય છે

ભાવોની અપેક્ષા કર્મોના આશ્રવ તથા બંધનુ કથન બિલકુલ મળતુ આવે છે કર્મોનો પિંડ છે આ કર્મ વર્ગણાઓ છે જે આવીને બંધાય છે તે અટકી જાય છે યાને રોકાઈ જાય છે આનુ જો કે ક્રમવાર સાફ સાફ કથન હજુ સુધી જોવામા નથી આવ્યુ તોપણ કેટલાક એવા મળ્યા છે જેથી સિદ્ધ થાય છે કે કર્મોના બંધનો પણ જૈનોની માફક બૌદ્ધમતમા સ્વીકાર હતો તેનો પછી વિપાક થવો-પાકવુ આ બધાનો સ્વીકાર હતો નીચે લખેલા શબ્દોથી એ પ્રગટ થઈ યાને જણાશે—

अगञ्ञा सुत्तन्त २७।

"खत्तियोपि सोत्रामेट्ठ, कायेन दुचरित चरित्वा, वाचाय दुचरित चरित्वा, मनसा दुचरित चरित्वा मिच्छाडिट्ठिको।"

ભાવાર્થ—હે વસિષ્ઠ! ક્ષત્રી પણ જો મિથ્યાદષ્ટિ હોય તથા મન વચન કાયથી દુષ્ટ આચરણ કરે તો મિથ્યાદષ્ટિ કર્મથી બંધાયલું શરીર છૂટી જતા મરણ પછી દુર્ગતિમાં જાય છે નર્કમાં ઉપજે છે

(૩) દિગ્વનિકાય ૩ મગીત સુતત —

જેવી રીતે જૈન શાસ્ત્રોમાં દર્શનમોહ કર્મના ત્રણ ભેદ છે તેવા બૌદ્ધોમાં પણ એવા નામ મળે છે—

"तयोरासि-मिच्चत्त नियतो रासि, सम्मत्त नियतो रासि, अनियतो रासि।"

આહિયા રાસિ શબ્દથી જણાય છે કે કોઈ સમૂહ છે—જેને કર્મ સમૂહ જ માનવો યોગ્ય ગણાશે અર્થાત્ મિથ્યાદર્શન કર્મરાશિ, સમ્યક્ત કર્મરાશિ મ ન કર્મરાશિ

(૪) સંસ્કૃતમાં અપરિમિતાયુ સૂત્ર છે—

"य इदम् सूत्रं लिखिष्यति तस्य पञ्चान्तरायाणि कर्मावरणानि परिक्षय गच्छन्ति।" (પૃ૦ ૨૮૯)

અર્થ—જે આ સૂત્રને લખશે તેનાં પાંચ અંતરાય કર્માવરણ નાશ પામશે આ વાક્યોથી જૈનોના પ્રમાણે પાંચ અન્તરાય કર્મોનાજ સંબંધનું કથન છે

(૫) અહિંસા—જેવું જૈનોમાં કહ્યું છે કે સ્થાવર તથા ત્રસની રક્ષા કરો એવુંજ બૌદ્ધ પાલી ગ્રંથોમાં છે

सुत्तनिपात धम्मिक सुत—

पाणं न हाने च घातयेय्य न चानुमन्याहनत।
सब्वेसु भूतेसु निधाय दण्ड ये थावर ये च तसन्ति लोके ॥
फ्तहि नाम ममणा सक्यपुत्तिया, हेमतपि गिम्हति वस्मेपि।
चरिक परिस्मति हरितानि, तिनानि मद्दत एकेन्द्रियजीवे ॥
विहेट्ठित बहु खुद्दके पाणे संघामं आपादयत।

ભાવાર્થ—સ્થાવર તથા ત્રસ પ્રાણિઓમાંથી કોઇ પ્રાણીને મારો નહિ કે તેમનો ઘાત કરો નહિ કે કોઇ પ્રકારની હિંસાની અનુમોદના ન કરો શાકપુત્રના કોઇ કોઇ શિષ્ય લીલા ઘાસને દાબતા દાબતા ચાલ્યા જાય છે એકેન્દ્રિય જીવોનો ઘાત કરે છે ઘણા ક્ષુદ્ર જન્તુઓને મારે છે વિનય પિટક મહાવગ્ગ (૩-૧)માં લખ્યું છે કે એકેન્દ્રિય આદિ ક્ષુદ્ર પ્રાણિઓનો ઘાત ન થાય–આથી સાધુઓએ વર્ષારતુમાં એકજ સ્થાન ઉપર રહેવું જોઇએ

લંકાવતાર સૂત્રમાં બૌદ્ધધર્મ ઉપર વિશ્વાસ રાખનાર માટે માંસાહારનો નિષેધ છે કેટલાક વાક્ય આ પ્રમાણે છે આ સૂત્રના આઠમા અધ્યાયમાં માંસ ખાવાનો જ નિષેધ છે

मद्य मांस पलाण्डु च न भक्षयेय महामुने।
बोधिसत्वैर्महासत्वैर्भाषद्भिर्जिनपुंगवै ॥१॥
लाभार्थं हन्यते सत्वो मांसार्थं दीयते धनम्।
उभौ तौ पापकर्माणौ पच्येत रौरवादिषु ॥९॥
योऽतिक्रम्य मुनेर्वाक्य मांसं भक्षति दुर्मति।
... दीक्षित शाक्यशासने ॥१

त्रिकोटिशुद्ध मांस वै अकल्पितमयाचित ।
अचोदित च नैवास्ति तस्मान्मांस न भक्षयेत् ॥१९॥
यथैव रागो मोक्षस्य अन्तरायकरो भवेत ।
तथैव मांसमद्याद्य अन्तरायकरो भवेत् ॥२०॥

ભાવાર્થ—જિનેન્દ્રોએ કહ્યુ છે કે મદિરા માસ ત્યાજ્ય છે કે મહામુનિ કોઈ બૌદ્ધ ન ખાનુ જોઇએ લાભને માટે પશુને મારી નાખવામા આવે છે માંસને માટે ધન આપવામા આવે છે બન્નેય પાપકર્મી છે નરકમાં દુ ખ પામે છે જે કોઇ દુર્બુદ્ધિ મુનિના વાક્યનુ ઉલ્લઘન કરીને માસ ભક્ષણ કરે છે તે શાક્ય શાસનમા બન્ને લોકના નાશને માટે દીક્ષિત સાધુ થયો છે કલ્પના કર્યા સિવાયનુ તથા માગ્યા વગરનુ તથા પ્રેરણા કર્યા વગર માસ મળી શકતું નથી તેથી માંસ ખાવુ જોઇએ નહિ

જેમ રાગ મોક્ષમાર્ગમા વિઘ્નકારક છે તેવી રીતે માસ મદિરાનુ ખાનુ-પીનુ પણ અ તરાય કરવાવાળાં છે સાધુઓને માટે એટલી સુગમતા આપવામા આવી છે કે તે બ્રહ્મચારીની માફક જરૂરી પીળા કપડા રાખી શકે છે સ્નાન પણ કરી શકે છે નિમત્રણ મળ્યેથી અગર ભિક્ષાથી એમ બે પ્રકારે દિવસમા ૧૨ વાગતા પહેલા ભોજન કરી લે છે પછીથી ભોજન કરતા નથી પાણી વિગેરે લે છે

અગુત્તર નિકાય નિકનિપાતના ૧૯ રથકાર પગ્ગામા છે 'ભિક્ષુ પ્રાત કાળ મધ્યાહ્નકાળ તથા સાયકાળ સારી રીતે આત્મ ધ્યાન કરે આના મહાવગ્ગ (૭૦) મા કહ્યુ છે કે—સાધુ રાત્રે ખાતા નથી તથા દિવસમાં એકવાર ભોજન કરે છે'

જેવી રીતે જૈન લોક ઇશ્વરને જગતનો કર્તા તથા ફળદાતા

તેમને એવી મિથ્યા (ખોટી) શ્રદ્ધા છે કે માંસ ખરીદવાથી હિંસાનો દોષ લાગતો નથી જ્યાસુધી માસને માટે પશુઘાત ન કર્યો હોય કે ન કરાયા હોય કે ન અનુમોદના કરી હોય

એવી રીતે સાધુને જે ભિક્ષામાં મળી જાય તે લઇ ખાઇ લેશે જો તે મ સ માગે કે એવો ભાવ કરે કે મને માંસ મળે કે જેથી પશુઘાત થાય તેથી કોઇ માંસ માટે પ્રેરણા કરે તો તેને હિંસાનો દોષ લાગશે નહિ તો સાધુને માંસ માત્ર ભિક્ષામા લેવાથી પશુઘાતનો દોષ લાગશે નહિ તે કહે છે કે જો સાધુએ પશુઘાત થતો દેખ્યો હોય કે પશુઘાત થયાનુ સાંભળ્યુ હોય, એવી કલ્પના કરી હોય કે તેના માટે પશુઘાત કરવામાં આવ્યો હોય તો તેણે માસ,-માછલી ન ખાવા જોઇએ નહિ તો દોષ નથી આ બધી કલ્પના ઓનો જવાબ એ છે કે—

જેવી રીતે સ સ્કૃત લ કાવતાર સૂત્રમા જ બૌદ્ધ ગ્ર થ કર્તાએ સારી રીતે સમજાવી દીધુ છે કે— જે બજારમાથી ખરીદશે પૈસા આપશે માસ લેશે તે જાણે છે કે આ કસાઇએ કસાઇખાના ! પશુઘાત કરા યો છે અગર કર્યો છે તે એ પણ જાણે છે કે માસ ખાવાવાળો માસ ન ખરીદે તો તે માસની દુકાન રાખશે નહિ તથા જો ધન (પૈસા) આપવામા આવશે તો ફરી બીજે દિવસે પશુઘાત કરીને બજારમા લાવશે આવુ જાણતો હોવા છતાં જો તે માસ ખરીદે છે તો તે પશુઘાત કરાવવાના યા પશુઘાતની અનુમોદના (ઉત્તેજન) ના દોષમાથી મુક્ત થઇ શકતો નથી

આવી રીતે સાધુ પણ એ વાત જાણે છે કે પશુઘાત વગર માસ આવતુ નથી ગૃહસ્થીએ માસ ખાવુ તે પશુઘાતની ઉત્તેજના દેવા બરાબર છે તથા જો ભિક્ષામા હુ માસનો સ્વીકાર કરીશ તો અવશ્ય ગૃહસ્થને એ ઉત્તેજના મળશે કે માસ ખાવામા તથા

લેવામાં જેવી રીતે સાધુને દોષ નથી તેવી રીતે ગૃહસ્થને પણ બજારમાંથી ખરીદવામાં તથા ખાવામાં દોષ નથી

આથી સાધુને હિંસાના કારણરૂપ માંસનો સ્વીકાર કરતાં હિંસાની પસંદગીનો દોષ અવશ્ય લાગે છે જેવી રીતે કોઇ દેશ હિતૈષી એવો સંકલ્પ કરે કે હું સ્વદેશી વસ્ત્ર પહેરીશ જેથી મારા દેશની કારીગરીને ઉત્તેજન મળે ત્યારે તે જો વિદેશી વસ્ત્ર જે ખાસ તેના માટે બનાવવામાં આવ્યું નથી કે ન તો તેણે બનાવરાવ્યું છે છતાં તે તેનો સ્વીકાર કરે તો તે પોતાના સંકલ્પનું ખંડન કરે છે તથા સ્વદેશના હિતની બહાર જાય છે તથા વિદેશી વસ્ત્ર વહેવારને ઉત્તેજન આપે છે એવાને સ્વદેશી ભક્ત કહેવામાં નહિ આવે પરંતુ સ્વદેશ દ્રોહી માનવામાં આવશે તેવી રીતે જ્યારે માંસ ઘણું ભાગે પશુઘાત વિના આવતું નથી તેના માટે જ્યાંએ જ્યાંએ કસાઇખાના ખુલ્યા છે પશુઓને નિર્દયતાથી મારી નાખવામાં આવે છે (તો માંસનો સ્વીકાર ખરીદવું તથા તેનું ભક્ષણ એ પશુ ઘાતને–હિંસાને ઉત્તેજન આપવા બરાબર છે)

જો માંસાહારી માંસ ખાય નહિ તો પશુઓને કદી મારી નાખવામાં ન આવે એવું ગૃહસ્થ તથા સાધુ બંને જાણે છે આમ જાણતા હોવા છતાં પણ જો માંસનો સ્વીકાર કરે છે તો તેમના મનમાં માંસની પસંદગી હોવાથી હિંસા કરાવવાની ઉત્તેજનાનો દોષ અવશ્ય આવશે

જો કોઇ માલ બજારમાં વેચાઇ રહ્યો છે અને આપણા મનમાં એવી શંકા થાય છે કે આ માલ ચોરીનો હોવાનું માલમ પડે છે કારણકે માલ વેચનાર તે માલ ઘણી થોડી કીંમતમાં વેચી રહ્યો છે એવી શંકા થવા છતાં જો આપણે તે માલને ખરીદી લઇએ છીએ તો આપણે અવશ્ય ચોરીને ઉત્તેજન આપવામાં ભાગીદાર હોવાથી ચોરીના દોષમાંથી બિલકુલ મુક્ત થઇ શકતા નથી

જે કોઈ મન-વચન-કાયા તથા કૃત-કારિત-અનુમોદનાથી ચોરીનો ત્યાગી હશે તે કદાપિ ચોરીનો માલ ખરીદશે નહિ એવી રીતે જે મન-વચન-કાયા તથા કૃત-કારિત-અનુમોદનાથી હિંસાનો ત્યાગી હશે તે કદાપિ માંસનો સ્વીકાર કરશે નહિ તથા ખાશે નહિ

જો એમ કહેવામાં આવે કે સ્વયં એટલે પોતાની મેળે કુદરતી રીતે મરી ગએલા પશુઓનું માંસ ગૃહસ્થ લોક ખાય તથા સાધુને ભિક્ષામાં મળે તો તો કોઈ પશુઘાત કરવાનો-કરાવવાનો તથા પશુઘાતની પ્રશંસાનો દોષ લાગતો નથી તો તેનો ઉત્તર એ છે કે માંસાહારની આદત (ટેવ) ન પડવા દેવી આ માટે એવા માંસનો પણ સ્વીકાર કરવો જોઈએ નહિ

જો આદત પડી જશે તો તેણે પશુઘાત કરી આણેલા માંસનો પણ સ્વીકાર કરવો પડશે તથા બજારમાં ખરીદતી વખતે તથા ભિક્ષામાં લેતી વખતે એ જાણવું કઠીન થઈ પડશે કે આ માંસ કુદરતી મરણ પામેલા પ્રાણીનું છે

શંકા અવશ્ય-રહેશે જેમાં શંકા રહે તેનો સ્વીકાર કરવો જ ન જોઈએ

જેવી રીતે કોઈ પણ પ્રકારે મદિરા (દારૂ) મળે તો તેનો સ્વીકાર કરવો જોઈએ નહિ કારણકે મદિરાની આદત સારી નથી તેવી રીતે માંસ કોઈ પણ રીતે મળે તો પણ તેનો સ્વીકાર કરવો જોઈએ નહિ કારણકે માંસાહારની આદત હિંસાની ઉત્તેજનાનું કારણ હોવાથી સારી નથી સ્વયં (કુદરતી રીતે) મરેલા પ્રાણીના માંસની દુર્ગંધ કદી જતી નથી

તેનું કારણ એ છે કે તેમાં સડો પેદા થઈ જાય છે જેથી તેમાં ઘણા કીડા પેદા થાય છે જે માંસ ખાશે તે કીડાની હિંસાથી બચી શકતો નથી જૈનાચાર્ય શ્રી અમૃતચંદ્રજીએ 'પુરુષાર્થ સિદ્ધ્યુપાય' માં માંસાહાર નિષેધ ઉપર નીચે પ્રમાણે લખ્યું છે—

न विना प्राणिविघातान्मांसस्योत्पत्तिरिष्यते यस्मात् ।
मांसं भजतस्तस्मात् प्रसरत्यनिवारिता हिंसा ॥ ६५ ॥
यदपि किल भवति मांसं, स्वयमेव मृतस्य महिषवृषभादेः ।
तत्रापि भवति हिंसा तदाश्रितनिगोदनिर्मथनात् ॥ ६६ ॥
आमास्वपि पक्वास्वपि विपच्यमानासु मांसपेशीषु ।
सातत्येनोत्पादस्तज्जातीनां निगोतानाम् ॥ ६७ ॥
आमां वा पक्वां वा खादति यः स्पृशति वा पिशितपेशीम् ।
स निहन्ति सततनिचितं पिण्डं बहुजीवकोटीनाम् ॥ ६८ ॥

ભાવાર્થ—કારણકે પશુઘાત વિના માસની ઉત્પત્તિ જોવામા નથી આવતી આથી જે માસ ખાશે તેને અનગ્ય હિંસાનો દોષ લાગશે જો કોઈ કહે કે પોતાની મેળે મરેલા (કુદરતી મરણ પામેલા) બળદ તથા ભેંસ વિગેરેનું માસ ખાવુ જોઈએ તો તે પણ ઉચિત નથી કારણકે માસમા પેદા થનારા અનેક જીવોનો ઘાત કરવો પડશે માંસમા પેશીઓ કાચી હોય કે પાકી ગએલી હોય પાકી ગએલી હોય કે પાકી રહી હોય તેમા હર સમય જે જાતનુ પશુ હોય તે પશુની જાતિના જતુ પેદા થયા કરે છે તેથી જે કોઈ એનુ માસ પણ ખાય છે કે તેમને સ્પર્શ કરે છે તે કરોડો જતુઓની હિંસા કરે છે કે જે નિરંતર તેમા પેદા થઈ એકત્ર થએલા હોય છે

અનાદિ દ્રાક્ષાદિ સ્વય વૃક્ષોમાથી ફળે છે, આજ મનુષ્યોનો ખોરાક હોવો જોઈએ ગાય ઘણુ દૂધ આપે છે, દૂધ પણ ખોરાક હોઈ શકે છે દૂધ લેવામા પશુનો ઘાત કરવો પડતો નથી જેવી રીતે આપણી માનુ દૂધ પીએ છીએ તેવી રીતે ગાય-ભેંસનું દૂધ પીવાનુ છે ઘાસ-દાણા આપીને પાળવા

બચ્ચાની રક્ષા કરવી પછી જો વિશેષ દૂધ મળે તે માનવ અતિ કામમાં લઇ શકે છે માંસાહાર પ્રકૃતિ વિરૂદ્ધ છે, તે રોગોને ઉત્પન્ન કરનારા છે શરીરને પુષ્ટ કરવાવાળુ પણ નથી-અન્નાદિ મળે છતા માસ લેવુ તે કેવળ પશુ ઘાત કરાવવાનો માર્ગ વધા વવા બરાબર છે જેવી રીતે મનુષ્યોને પોતાનો પ્રાણ વહાલો છે તેવી રીતે પશુઓને પણ પોતાનો પ્રાણ પ્યારો છે

શિષ્ય—બૌદ્ધોમાં તો મોટા મોટા વિદ્વાન્ સાધુઓ છે તો તેઓ આટલુ પણ સમજતા નથી કે માંસાહાર તે પશુઘાતનુ કારણ છે તો પછી તેઓ આના ત્યાગનો ઉપદેશ કેમ કરતા નથી ?

ગુરૂજી—જો બૌદ્ધ ભિક્ષુ પોતે માંસાહાર નથી કરતા તે તો માંસાહારના ત્યાગનો ઉપદેશ કરે છે પરતુ જેઓ પોતે ખાય છે તેમનાથી તેવો ઉપદેશ થઇ શકતો નથી તે પોતાના કૃત્યની પુષ્ટિ કરે છે કે ભગવાન્ ગોતમ બુદ્ધ માસ ખાવાની મનાઇ કરી નથિ કેવળ પ્રાણીઓના ઘાતની મનાઈ કરી છે તથા સ્વય ગોતમ બુદ્ધે માંસનો સ્વીકાર કર્યો હતો

પાલી સૂત્ર સીલોનમાં રચવામા આવ્યાં હતાં, સીલોન સમુદ્રની વચમાં આવેલો હોવાથી ત્યાંના રહેવાવીઓ માછલી ખાય છે તેથી સૂત્રોના લખનારાઓએ નવા સૂત્રોમાં એવુ જણાવી દીધુ છે કે ગોતમ બુદ્ધ પોતે માસ લીધુ હતુ તથા માસનો નિષેધ કર્યો નથી આ સૂત્રોનો આધાર લઇને તે માંસાહારી સાધુ પોતાના મનને ચેન મનાવી લે છે અને માંસાહારને પોતે છોડતા નથી અને બીજાની પાસે છોડાવતા નથી

લંકાવતાર સૂત્ર મા તો બિલકુલ સ્પષ્ટ કહ્યુ છે કે જે એમ કહે છે કે ગોતમ બુદ્ધ માસ ખાધુ હતુ તથા માસ ખાવાની પ્રેરણા કરી હતી તેઓ બૌદ્ધ શાસનની અવજ્ઞા (તિરસ્કાર) કરે છે તેમા કહ્યુ છે—

"भविष्यति अनागतेऽध्वनि ममैव शासने प्रव्रजिता शाक्य पुत्रीयत्वं प्रति जानाना रस तृष्णाप्यवसिता तां तां माम- सद्यादस्वामामा प्रयविष्यन्ति मम च अभूताऽपानं दातव्य मन्यन्ते तत्तदर्थोत्पत्ति निदान कल्पयित्वा वक्ष्यन्ति इय अर्था- त्पत्तिरस्मिनित्यार्न भगवता मांसं भोजनमनुगतं कल्पमिति, प्रणीत भोजनेषु चात्त स्वयं च किल तथागतन परिभुक्तिमिति- न च महामत कुत्रचित् सूत्रे प्रतिमेवितव्यमि पुनुज्ञातं प्रणीत- माज्नेषु वा दशित कल्पप्यमिति।"

ભાવાર્થ—મારા જ શાસનમાં ભવિષ્યમા શાક્ય સ ન્યાસી એવા સાધુ થશે કે જે માસ રસની તૃષ્ણાના કા ણે મામાહારની પુષ્ટિમા ભિક્ષા હેતુઓને જોડીને કહેશે મારા નહિ કહેલા કથનોને માનીને એમ કહેશે કે ભગવાને માસ ભોજનની આજ્ઞા આપી છે— પોતે માસ ભોજન કર્યું હતુ અને ખાવાના પદાર્થોમા તેને બતાવ્યુ છ હે મહામતે! મે કોઈપણ સૂત્રમાં માસ ખાવાની આજ્ઞા આપી નથી કે ન તો આને ભક્ષ્ય પદાર્થોમા જણા યુ છે કે કહ્યુ છ—

શિષ્ય—આ ગ્રન્થ કેટલો જુનો છે તથા તે કયા મત છે?

ગુરુજી—આ ગ્ર થ પુરાણો છે તેની સસ્કૃતમા ચીનીભાષામાં ટીકા માગવામા ગુણભદ્ર જીએ સને ૪૪૩ મા કરી હતી તેને એટની યુનિવરસીટી કયુરીએ મૂળ સને ૧૯૨૩ મા છપાવ્યુ છ તેના સ પાદક એનીયન નાનચદ એમ એ છે

જો બૌદ્ધ દેશોમાથી માસ તથા માછલીનો આહાર નીકળી જાય અને તેઓ ગ્ર થો પ્રમાણે ચાલવા લાગે તો જૈનોમાં તથા ... કંઈ અતર માલુમ પડશે નહિ

સાધુ વસ્ત્ર રાખે છે વસ્ત્ર સહિત પ્રતિમા બનાવે છે, તેજ પ્રમાણે ભીક્ષામા એકઠું કરીને ભોજન કરે છે જૈનોપદેશકોનું એ કર્તવ્ય છે કે બૌદ્ધ દેશોમાં જઇને તેમનાજ ગ્રન્થોમાથી તેમને માસ મચ્છીના નિષેધનો ઉપદેશ આપી આનો (માસ-માછલી આહારનો) પ્રચાર બંધ કરાવે અમે જૈન-બૌદ્ધ તત્વજ્ઞાન હિંદીમાં તથા અગ્રેજીમા છપાવ્યુ છે તે વાચવાથી તમને હજુ વિશેષ અધિક જૈન અને બૌદ્ધની સામ્યતા માલુમ પડશે.

શિષ્ય—હવે કૃપા કરીને એ બતાવો કે હિન્દુ ધર્મ તથા જૈનધર્મમા શી સામ્યતા છે તથા શો મત ભેદ છે?



અધ્યાય-૧૧

ભગવદ્ ગીતા અને જૈનધર્મ

ગુરુજી—શ્રીમદ્ ભગવદ્ ગીતા હિન્દુ ધર્મ માનવાળાઓનો એક પવિત્ર ગ્રંથ છે ગીતા પ્રેસ ગોરખપુરમાં છપાયલા સટીક પુસ્તકને વાંચીને જ્યાં જ્યાં જૈન ધર્મ સાથે સામ્યતા છે તથા ત્યાં જ્યાં સામ્યતા નથી તે તમારા જાણવા માટે કહીને બતાવું છું

જૈન સિદ્ધાંતનુ એ રહસ્ય છે કે તે જીવ પુદ્ગલ ધર્મ અધર્મ આકાશ અને કાળ આ છ દ્રવ્યોને તે સત્ માને છે આનો સમુદાય આ જગત પણ સત્ છે સત્ એને કહે છે કે જેમાં એકી સાથે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય હોય દ્રવ્ય તથા ગુણોની અપેક્ષા ધ્રૌવ્ય તથા પર્યાયોના પલટવાની અપેક્ષાએ ઉત્પાદ વ્યય થાય છે આથી કરીને આ જગત્ નિત્ય-અનિત્ય ઉભયરૂપ છે જીવ કર્મ પુદ્ગલોના અનાદિકાળના સંયોગને લીધે સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે આ જીવ અજ્ઞાનથી પોતાના સ્વરૂપને ભૂલ્યો હોવાથી નિશ્રિત (અશુદ્ધ) પર્યાયને પોતાનીજ પર્યાય માનીને સંસારમાં આસક્ત થઈ રહ્યો છે

જ્યારે આ જીવ મિથ્યાદષ્ટિને ત્યાગે છે અને પોતાને ઓળખે છે કે હું કર્મપુદ્ગલોથી ભિન્ન એક શુદ્ધ જ્ઞાતા દૃષ્ટા વીતરાગ પદાર્થ છું મારૂં સાચુ સુખ મારામાં જ છે હું પોતે પરમાત્મા સ્વરૂપ છું ત્યારે તેની આસક્તિ સંસારથી દૂર થઈ જાય છે અને તે મોક્ષનો ચાને પોતાના સ્વરૂપનો પ્રેમાળુ બની જાય છે ત્યારે તે પહેલાના કર્મોના ઉદય અનુસાર તે જે ગતિમાં રહે છે તે ગતિમાં અનાસક્ત બનીને રહે છે

પાપ તથા પુણ્યનુ ફળ જ્ઞાતા-દષ્ટા બનીને ભોગવે છે ત્યારે તે કર્મો ખરી પડે છે, અને નવીન કર્મોના બંધ થતો નથી જેટલા

અંશે રાગ થાય છે તેટલા અંશે કષાય કર્મ બંધ થાય છે પણ ખરો પરંતુ તે જ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ જીવ તે કર્મબંધ સાથે પણ આસક્ત બનતો નથી

આથી જેટલો તેનો યોગાભ્યાસથી યાતો આત્માનુભવ વધતો જાય છે તેટલા તેટલા અધિક કર્મ ખરી પડે છે છુટી જાય છે અને અલ્પ કર્મ બાંધે છે જ્યાંસુધી તે ગૃહસ્થપણામાં રહે છે ત્યારે તે જળમાં કમળની માફક અનાસક્તપણે રહેતો તે ગૃહસ્થ યોગ્ય સર્વ કાર્ય કરતો હોવા છતાં પણ તે મોક્ષમાર્ગ ઉપર આગળ વધતો ચાલ્યો જાય છે કારણકે તેનો પ્રેમ નિજ તત્ત્વ–આત્મ સ્વરૂપ ઉપર છે અને પરતત્વથી તે વૈરાગ્યવાન્ છે આ જ્ઞાનીમાં સર્વ કર્મ નિષ્કામ કર્મ કહેવાય છે તે પરોપકાર–દાન ધર્મ કરતો હોવા છતાં તેનાથી કોઈ લૌકિક કે પારલૌકિક ફળની કામના રાખતો નથી તે તો એક શુદ્ધ (આત્મ) સ્વભાવનોજ પ્રેમી રહે છે તે કેવળ એક સ્વતંત્રતા યાતો સ્વાધિનતાની જ ભાવના રાખે છે જ્યારે એનો રાગ બહુજ ક્ષીણ થઈ જાય છે ત્યારે તે વિરક્ત સાધુ થઈ જાય છે અને પરિગ્રહનો ત્યાગ કરીને આત્મધ્યાનનો વિશેષ અભ્યાસ કરે છે

ત્યારે એવો આત્માનુભવરૂપ સમાધિભાવ પુષ્ટ (દૃઢ) થઈ જાય છે કે દુર્વચનોનું સાંભળવું મનમાં દ્વેષ પેદા કરતું નથી યાને દુર્વચનોના સાંભળવાથી દ્વેષ પેદા થતો નથી શરીર ઉપર વધ–બંધનાદિ તથા ઉપસર્ગ આવી પડે તોપણ ક્રોધભાવ આવતો નથી શારીરિક અસ્વસ્થતા થતા પણ તે આત્મસ્થ (આત્મ સ્વરૂપમાં લીન) જ રહે છે–એવા સમાધિભાવમાં સ્થિત મુનિ ઘણા જ વધારે કર્મોને દૂર કરે છે

વીતરાગનો પૂર્ણ અંશ થઈ જાય ત્યારે તે નવીન કર્મબંધ કરતો નથી કારણકે બંધનું કારણ રાગ દ્વેષ મોહ છે તે દૂર થતા જીવન્મુક્ત પરમાત્મા યાને અર્હંત થઈ જાય છે પછી શરી

રનુ આયુ-પ્રમાણુ રહેતા આયુ કર્મના ક્ષય પછી શુદ્ધ સિદ્ધ પરમાત્મા મોક્ષરૂપ થઇ જાય છે પોતાનાથી જ પોતાનો ઉદ્ધાર થાય છે અને પોતાનાથી જ બગાડ થાય છે એ જૈન-સિદ્ધાંતનો મર્મ છે

ગીતાના નીચે લખેલા શ્લોકોથી જૈન ધર્મના રહસ્ય સાથે સામ્યતા જણાય છે યાને જણાય છે

नासतो विद्यते भावो नाभावो विद्यते सत ।
उभयोरपि दृष्टान्तस्त्वनयोस्तत्त्वदर्शिभि ॥ १६-२ ॥

ભાવાર્થ—અસત્ વસ્તુનુ તો અસ્તિત્વ નથી સત્નો અભાવ થતો નથી તત્વજ્ઞાનીઓએ આ બન્નેયનો સાર જાણ્યો છે

નોટ—આથી સિદ્ધ છે કે આ જગતમા જે કંઈ છે તે સત્રૂપ છે તેનો કદિ અભાવ ન હતો અને કદિ અભાવ થશે નહિ આથી જગત્ અનાદિ અનંત છે એ સિદ્ધ થાય છે

न जायते म्रियते वा कदाचिन्नाय भूत्वा न भूय ।
अजो नित्य शाश्वतोऽय पुराणो न हन्यते हन्यमाने शरीरे
॥ २०-२ ॥

ભાવાર્થ—આ આત્મા કોઇ કાળનો પણ જન્મતો નથી, કે મરતો નથી અથવા આ આત્મા થઇને ફરી થવાનો નથી-કારણકે આ (આત્મા) અજન્મા નિત્ય શાશ્વત અને પુરાતન છે શરીરનો નાશ થતા પણ તેનો નાશ થતો નથી

दु खेष्वनुद्विग्नमना सुखेषु विगतस्पृह ।
वीतरागभयक्रोध स्थितधीर्मुनिरुच्यते ॥ ५६

य सर्वत्रानभिस्नेहस्तत्ताप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७-२ ॥
यदा संहरते चाय कूर्मोऽङ्गानीव सर्वश ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता । ५८-२॥

ભાવાર્થ—દુ ખ પડતા જેનુ મન ધબરાતુ નથી ભિન્ન થતુ નથી તથા સુખની પ્રાપ્તિની ઇચ્છા કરતા નથી તથા જેના રાગ, ભય તથા ક્રોધ નષ્ટ થઇ ગયા છે એવા મુનિ સ્થિરબુદ્ધિ કહેવાય છે તથા જે પુરુષ બધામાંથી સ્નેહ રહિત થઇને તે તે શુભ થતા અશુભ વસ્તુઓને પ્રાપ્ત કરતાં ન તો પ્રસન્ન થાય છે કે ન તો દ્વેષ કરે છે તેની બુદ્ધિ સ્થિર છે તથા કાચબો પોતાના શરીરને જેવી રીતે સકોચી લે છે તેવી જ રીતે આ પુરુષ જ્યારે ચારેય બાજુથી યાને બધી બાજુએથી પોતાની ઇન્દ્રિયોને ઇન્દ્રિયોના વિષયોથી સમેટી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે

या निशा सर्वभूताना तस्या जागर्ति संयमी ।
यस्या जाग्रति भूतानि सा निशा पश्यतो मुने ॥६९-२॥

તથા હે અર્જુન ! બધા ભૂત પ્રાણીઓ માટે જે રાત્રિ છે તેમા તે નિત્ય શુદ્ધ સ્વરૂપ પરમાન દમા ભગવાનને પ્રાપ્ત કર્યા છે એવા યોગી પુરુષ જાગે છે અર્થાત્ શુદ્ધ આત્મજ્ઞાનમા મગ્ન રહે છે તથા જે ક્ષણિક વિષય સુખમાં પ્રાણી જાગે છે તેમા મુનિ રાત્રિને જ દેખે છે અર્થાત્ મુનિને માટે તે રાત્રિ છે

विहाय कामान्य सर्वान् पुमाश्चरति नि स्पृह ।
निर्ममो निरहंकार: स शातिमधिगच्छति ॥७१-२॥

ભાવાર્થ—જે પુરુષ સંપૂર્ણ કામનાઓ (ન છાઓ) નો ત્યાગ રીને મમતા રહિત તથા અહંકાર રહિત તથા સ્પૃહા રહિત ને વર્તે છે તે શાંતિને પ્રાપ્ત કરે છે

तस्मादसक्त सतत कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुष ॥ १९–३ ॥

ભાવાર્થ—આથી અનાસક્ત થઇ તું નિરંતર કર્તવ્ય કર્મને ર કારણકે જે અનાસક્ત થઇને કર્મ કરે છે તે પુરુષ પરમાત્મા દને પામે છે

न मा कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मा योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते ॥१४–४॥

ભાવાર્થ—મને કર્મોના ફળની ઇચ્છા નથી તેથી મને કર્મનો પ લાગતો નથી આ રીતે જે આત્માને જાણે છે તે કર્મોથી ધાતો નથી

यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सर ।
सम सिद्धावसिद्धौ च कृत्वाऽपि न निबद्ध्यते ॥२२-४॥

ભાવાર્થ—આપો આપ જે કંઈ મળે તેમાંજ સંતોષમાં રહેવા ળા તથા હર્ષ-શોકાદિ દ્વન્દ્વને પાર કરી ગએલા અર્થાત્ મળવાથી ર્ષ અને ન મળવાથી શોક નહિ માનનાર તથા મત્સરતા અર્થાત્ ર્ષ્યાથી રહિત સિદ્ધિ તથા અસિદ્ધિમાં સમત્વ ભાવવાળા પુરુષ ર્મો કરતા હોવા છતા કર્મોને બાંધતા નથી

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ।
ज्ञानाग्नि सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ॥४–३७॥

ભાવાર્થ—હે અર્જુન જેમ પ્રજ્વલિત અગ્નિ લાકડાંને ભસ્મસાત્ કરી દે છે તેવી જ રીતે જ્ઞાનરૂપ અગ્નિ સંપૂર્ણ કર્મોને ભસ્મસાત્ કરી દે છે

श्रद्धावाल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥३९ ४॥

ભાવાર્થ—હે અર્જુન ! શ્રદ્ધાવાન્ આત્મજ્ઞાનને પામે છે, આત્મજ્ઞાનમાં લીન ઇન્દ્રિયોને સંયમમાં રાખે છે પછી તે પૂર્ણ જ્ઞાનને પામીને તરતજ પરમ શાંતિને પામે છે

उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥५ ६॥

ભાવાર્થ—પોતાના આત્માનો ઉદ્ધાર પોતેજ કરે, પોતાના આત્માને દુઃખી ન રાખે આત્મા જ આત્માનો મિત્ર છે તથા આત્મા જ પોતાનો શત્રુ છે

योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥१०-६॥
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥१२-६॥
समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥१३-६॥
प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥१४ ६॥

युञ्जन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानस ।
शांतिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ६ ॥

ભાવાર્થ—જેનુ મન તથા ઇન્દ્રિયો સહિત શરીર જીતાયલુ છે એવો વાસના રહિત તથા સંગ્રહ યાને પરિગ્રહ રહિત યોગી એકલો જ એકાન્ત સ્થાનમાં સ્થિત થઇને નિરંતર આત્માને પરમેશ્વરના ધ્યાનમાં લગાવે (શ્લોક ૧)

તથા તે આસન ઉપર બેસીને તથા મનને એકાગ્ર કરીને, ચિત્ત તથા ઇન્દ્રિઓની ક્રિયાઓને જેણે વશ કરી છે તે અંતઃકરણની શુદ્ધિ માટે યોગનો અભ્યાસ કરે (અ ૬ શ્લોક ૧૨) તેની (યોગની) વિધિ આ પ્રકારે છે કે કાયા (શરીર) શિર તથા ડોક (ગળા) ને સમાન તથા નિશ્ચલ રાખીને દૃઢ બનીને પોતાના નાકના અગ્ર ભાગને જોતો-બીજી દિશાઓ તરફ નહિ જોતો (અ ૬ શ્લોક ૧૩) તથા બ્રહ્મચર્ય વ્રતમાં સ્થિર રહેતો ભય રહિત તથા સારી રીતે શાંત અંતઃકરણવાળો તથા સાવધાન બનીને મનને વશમાં રાખીને તેને મારામાં અર્થાત્ આત્મામાં જોડી દઇને મારામાં અર્થાત્ આત્મામાં લીન રાખે (અ ૬ શ્લોક ૧૪) આવી રીતે આત્માને નિરંતર પરમેશ્વરના સ્વરૂપમાં લગાવતો અર્થાત્ આવી રીતે યોગી મનને નિશ્ચલ રાખી સદા પોતાના આત્માનુ ધ્યાન કરે જેથી તે આત્મામાં સ્થિતિરૂપ નિર્વાણની પરમ શાંતિ પ્રાપ્ત કરશે

सुखमात्यन्तिकं यत्तद् बुद्धिग्राह्यमतीन्द्रियं ।
वेत्ति यत्र न चैवाय स्थितश्चलति तत्त्वत ॥ २१ ६ ॥

ભાવાર્થ—જ્યાં તે યોગી ઇન્દ્રિયોથી પર જ્ઞાન ગમ્ય પરમ સુખનો અનુભવ કરે છે પછી તે નિજ તત્ત્વમાં સ્થિર થઇ તેનાથી ચલાયમાન થતો નથી

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहु परमा गतिम् ।
य प्राप्य न निवर्तन्त तद्धाम परम मम ॥२१-८ ॥

ભાવાર્થ—જે અ યક્ત અક્ષર એમ કહેવાય છે તે જ અક્ષર નામના અવ્યક્ત ભાવને પરમ ગતિ કહે છે અર્થાત્ જે અપ્રગટ અવિનાશી કહેવામા આવી છે તેને જ પરમગતિ (મોક્ષ) કહે છે તથા જે અ યક્ત ભાવને પામીને મનુષ્ય પાછો નથી આવતો તે મારૂ પરમ ધામ છે અર્થાત્ તે પરમગતિ (મોક્ષ) ને પામીને કોઈ પાછો નથી આવતો ત્યા આત્માનુ પરમ ધામ છે

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥१२ १२॥

ભાવાર્થ—મમ ને જાણ્યા સિવાય કરેલા અભ્યાસ કરતાં પરોક્ષ જ્ઞાન શ્રેષ્ઠ છે નોટ-સાભળવાથી તથા શાસ્ત્રનું વાચન કરવાથી પરમેશ્વરના સ્વરૂપનુ જે અનુમાન જ્ઞાન થાય છે તે 'પરોક્ષ જ્ઞાન' છે અર્થાત્ જ્ઞાન વન્ય અભ્યાસ કરવા કરતા જ્ઞાન પ્રાપ્ત કરવુ સારૂં છે જ્ઞાનથી આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે (પરોક્ષ જ્ઞાન કરતાં પરમેશ્વરના સ્વરૂપનુ આત્મ સ્વરૂપનુ ધ્યાન શ્રેષ્ઠ છે) તથા ધ્યાનથી કર્મોના ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે અને ત્યાગથી તત્કાળ પરમ શાંતિ થાય છે

अद्वेष्टा सर्वभूताना मैत्र करुण एव च ।
निर्ममो निरहङ्कार. समदु खसुख क्षमी ॥१२ १३॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च य ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो य स च मे प्रिय ॥१५ १२॥

अनपेक्ष शुचिर्दक्ष उदासीनो गतव्यथ ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्त स मे प्रिय ॥१६-१२॥
सम शत्रौ च मित्रे च तथा मानापमानयो ।
शीतोष्णसुखदुःखेषु सम संगविवर्जित ॥ १८ १२ ॥

ભાવાર્થ—જે સર્વ પ્રાણિઓ ઉપર દ્વેષ રહિત હોય મમતા તથા અહંકારથી રહિત હોય દુઃખ તથા સુખમાં સમાન હોય ક્ષમાવાન્ હોય (અ ૧૨ શ્લોક ૧૩)

જેનાથી કોઇને ભય ન ઉપજે તેમજ પોતે પણ ભય રહિત હોય જે હર્ષ ક્રોધ ભય તથા ઉદ્વેગથી રહિત હોય તે મને પ્રિય છે અર્થાત્ તે આત્મપ્રેમી છે (અ ૧૨ શ્લો ૧૫) જે ઇચ્છા રહિત હોય બાહ્યાન્તરે પવિત્ર હોય ચતુર હોય ઉદાસીન હોય, દુઃખભાવ માને નહીં રહિત હોય સર્વ આરંભનો ત્યાગી હોય, જે આત્મામાં ભક્ત હોય (આત્મસ્વરૂપનો પ્રેમી તેમાં લીન હોય) તે મને પ્રિય છે અર્થાત્ તે આત્મપ્રેમી છે (અ ૧૨ શ્લો ૧૬) જે પુરુષ શત્રુ મિત્રમાં, માન અપમાનમાં સમભાવી છે તથા ઠંડી તથા ગરમીમાં તથા સુખ-દુઃખાદિ દ્વન્દ્વોમાં સમ છે તથા પરિગ્રહ રહિત છે તે આત્મપ્રેમી છે (અ ૧૨ શ્લો ૧૮)

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभ परित्यागी भक्तिमान्य स मे प्रिय ॥
(अ १२ श्लोक १७)

ભાવાર્થ—જે કદિ હર્ષ કરતો નથી કે દ્વેષ કરતો નથી કે શોક કરતો નથી કે કદિ કામની (ઇચ્છાઓ) કરતો નથી જે શુભ તથા અશુભ ભાવોનો તથા કર્મોનો ત્યાગી છે તે આત્મપ્રેમી છે

એટલે કે—અહિંસા સત્ય ક્રોધનો અભાવ, ત્યાગ શાંતિ પર નિંદાનો ત્યાગ પ્રાણિઓ ઉપર દયા, લોલુપતાનો અભાવ કોમળ ધૈર્ય, પવિત્રતા વેર રહિતપણું અભિમાન રહિતપણું આ નવ સંપત્તિઓ પુણ્યવાન પુરુષને હોય છે

નોટ—ઉપર લખેલા જે શ્લોકો આપવામાં આવ્યા છે તેનું બધું તાત્પર્ય જૈન સિદ્ધાંતને મળતું છે જૈન સિદ્ધાંતમાં સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહ્યો છે કે જે નિશ્ચયથી એક આત્મધ્યાન જ છે ત્યાં આત્મામાં પરમાત્મા રૂપની શ્રદ્ધા હોય, તેનું જ્ઞાન હોય તથા તેમાં આચરણ હોય યાને લીનતા હોય—આ રત્નત્રય મોક્ષમાર્ગના પ્રેમીને સમ્યગ્દૃષ્ટિ કહે છે

સમ્યગ્દૃષ્ટિ પરમતત્વને જાણતો હોવાથી આત્માના અતીન્દ્રિય આનંદનો આસક્ત હોય છે તેની તૃષ્ણા ઇન્દ્રિયોના નાશવંત અતૃપ્તિકારી પરાધીન સુખથી છુટી જાય છે તે આ લોકની કોઈ સંપત્તિની ઇચ્છા રાખતો નથી કેવળ આત્માનંદની ભાવના કરે છે, જે તેને આત્મધ્યાનથી આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે એવો

તત્વજ્ઞાની ગૃહસ્થદશામાં રહેતો હોવા છતાં જે કંઈ પૂર્વકર્મોના ઉદયથી સુખ યા દુઃખ થાય છે તેમાં સમાન ભાવ રાખે છે ક્ષણિક સુખ મળતાં ઉન્મત્ત બનતો નથી દુઃખો આવી પડે તોપણ ગભરાતો નથી તથા લૌકિક તથા પારલૌકિક કાર્યોને કોઈ ફળ કે બદલાની આશા વગર કરે છે તેથી તે તીવ્ર કર્મોથી બંધાતો નથી તેને સંસારમાં ભ્રમણ કરાવવાવાળા કર્મોનો બંધ થતો નથી

જેટલો અંશ રાગાદિક થાય છે તેટલો અંશ કર્મનો બંધ થાય છે ગાઢ ચીકણો બંધ થતો નથી કારણકે સંસારમાં તે અલિપ્ત છે એવો તત્વજ્ઞાની સમ્યક્ત્વી ક્રિયાને નિષ્કામ કર્મ કહે છે કારણકે તે ફળને (ઇચ્છાઓ) નો ત્યાગી છે જે અંત

સંજ્વલનીને પડેલા બાધલા મોહ કર્મ ન હોય તો એ પરિગ્રહ રહિત તથા મનના સર્વ આરંભાને રોકી દઇને બે ઘડી તે પોતાને આત્મધ્યાનમા જોડી દે તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ મુક્ત થાને અરહંત થઇ જાય પરંતુ એવ બાધલા મોહકર્મના પરિણામ થાને કારણથી જ્યાંસુધી પૂર્ણ વૈરાગ્યવાન બનતો નથી ત્યાંસુધી તે ગૃહસ્થ અવસ્થામાં જગમા કામગરત્ રહે છે જ્યારે આત્માનુભવના અભ્યાસથી મોહ ઘટી જાય છે ત્યારે તે પોતે સાધુ થઇ જાય છે

